જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૦
વર્ષ ૪ અંક ૧

# ખોજ

## જીવન એક અવિરત ખોજ




## ઈકોનોમિક સર્વે ૨૦૦૯-૧૦

# સંમિલિત વિકાસમાં રાજ્યની ભૂમિકા

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*– Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*

*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૧૦
વર્ષ ૪, અંક ૧

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો | | ૫ |
| પ્રતિભાવ | | |
| - ખોજની ખોજમાં | જગદીશ પટેલ | ૭ |
| - 'ખોજ' - કવિતા | નલિન પંડ્યા | ૯ |
| - ખોજ હવે સેનિટેશનની | સૂર્યકાંત પરીખ | ૧૦ |
| મહુવા આંદોલન | અશ્વિન કારીઆ | ૧૧ |
| 'ફરજિયાત મતદાન' કાયદો પાછો ખેંચો | રેશનાલિસ્ટ એસોસિએશન | ૧૩ |
| પહેલા ધોરણથી અંગ્રેજી શીખવાડશો નહીં | સ્વામિનાથન્ અં. ઐયર | ૧૪ |
| કેળવણીના નવતર પ્રયોગો - ૨ | કેતન શુક્લ | ૧૫ |
| પુસ્તકોમાં ભાર અને નર્યું ગોખણિયું શિક્ષણ | નલિન પંડિત, ચેતન પંડ્યા, પ્રવિણ શાહ | ૧૬ |
| Exploration of Rain Water Harvesting | Jashwant B. Mehta | ૧૯ |
| સંમિલિત વિકાસમાં રાજ્યની ભૂમિકા | કૌશિક બાસુ | ૨૦ |
| ગુજરાતી અખબારો વિષેનાં કેટલાંક નિરીક્ષણો | દિનેશ શુક્લ | ૩૨ |
| રેખાંકનો અને આસ્વાદ | સવજી છાયા | ૩૭ |

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુક્લ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

પહેલા કવરપેજ પરનો ગ્રાફ The Economistમાંથી સાભાર
છેલ્લા કવરપેજ પરનો નર્મદા પરના સૂર્યોદયનો ફોટોગ્રાફ Lily Hamburger પાસેથી સાભાર

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી. એક્શન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com
truptiparekh1@hotmail.com

'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

દર વરસે બજેટ રજૂ થવાના આગલા દિવસે ઇકોનોમિક સર્વે રજૂ કરાતો હોય છે. આ સર્વે જે તે વર્ષે અર્થતંત્રનો સરેરાશ અને ક્ષેત્રવાર દેખાવ કેવો રહ્યો તેનું ચિત્ર રજૂ કરવા ઉપરાંત આગામી વર્ષમાં વધારે સારો દેખાવ થઇ શકે તે માટે જરૂરી નીતિગત પગલાં અંગેનાં સૂચનો પણ કરે છે. સામાન્ય રીતે આ રિપોર્ટ નીરસ આંકડાકીય માહિતીઓથી જ ભરેલો હોય છે. અને એમાં ક્ષેત્રવાર સાંકડી અને તત્કાલીન સમસ્યાઓના આકલન ઉપર જ ભાર મૂકાતો હોય છે અને નીતિનિર્ધારણને લગતી વ્યાપક બાબતો ઉપર જોઇએ એટલો ભાર નથી મૂકાતો.


વર્ષ ૨૦૦૯-૧૦નો ઇકોનોમિક સર્વે આ ચીલાચાલુ તરાહ તોડીને એક નવો ચીલો ચાતરે છે. દરેક ક્ષેત્રને લગતી તત્કાલીન સમસ્યાઓના આકલન ઉપરાંત વ્યાપક અર્થતંત્રને લગતા કેટલાક પાયાના સવાલોની પણ તેમાં સુંદર ચર્ચા કરવામાં આવી છે. એ માટે તેમાં 'Micro-foundations of Inclusive Growth' નામનું એક પ્રકરણ (પ્રકરણ ૨) આપવામાં આવ્યું છે. યુ.પી.એ. સરકાર જેને પોતાના બધા આર્થિક કાર્યક્રમોની પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગણે છે તે 'સંમિલિત વિકાસ' (Inclusive Growth) શું છે, તેનો માપદંડ શું, તે હાંસિલ કરવો હોય તો તેમાં સરકારની ભૂમિકા શું હોવી જોઇએ, વગેરે પાયાના સવાલોની તેમાં વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. સંમિલિત વિકાસ એટલે શું તે સમજાવતા તે કહે છે કે તેમાં આર્થિક વિકાસ થાય તે તો જરૂરી છે જ, પરંતુ તે પૂરતું નથી. એ વિકાસનાં ફળ વ્યાપકપણે સમાજના બધા વર્ગો સુધી પહોંચે એ પાકું કરવું પણ એટલું જ જરૂરી છે. અને પછી દાખલા દલીલો સાથે સમજાવે છે કે આ સંમિલિત વિકાસ સરકાર 'નિયંત્રક' કે 'હસ્તક્ષેપકારી'ની નહીં, પરંતુ 'સમર્થકારી' (enabling)ની ભૂમિકા અપનાવે તો જ હાંસિલ કરી શકાય. આ એવી ભૂમિકા છે જેમાં બજાર વ્યવસ્થાને લાગે વળગે ત્યાં સુધી તો સરકાર તેની ભૂમિકા અસરકારક અને પ્રોત્સાહક નિયમોનું માળખું બનાવવા પૂરતી જ સીમિત રાખશે અને એમાં ઓછામાં ઓછી દખલ કરશે. પરંતુ એની સાથે સાથે જ ગરીબ લોકોને સીધે સીધી મદદ પહોંચે અને તેમને શિક્ષણ, આરોગ્ય સેવાઓ અને પૂરતો પૌષ્ટિક ખોરાક મળી રહે તે પાકું કરશે. આ ચર્ચાને આગળ વધારતા તે વરસોથી ગરીબોના નામે અનાજ, ખાતર, ડીઝલ, રાંધણ ગેસ, વગેરે પેદાશો માટેની સબસીડીઓ આપવાના કાર્યક્રમો કેમ અસરકારક રીતે નથી ચાલી શકતા અને ભ્રષ્ટાચારને જ પોષણ આપે છે તેની ચર્ચાની સાથે જ ભાવોનું નિયંત્રણ કરવાને બદલે ગરીબોને સીધેસીધી જ સબસીડીની રકમ જેટલી કૂપનો આપી દેવાનો નાનકડો ફેરફાર કરવામાં આવે તો તેની અસરકારકતા કઇ રીતે અનેકગણી વધી શકે છે તેની પણ છણાવટ કરે છે. આ ઉપરાંત, ચાલુ વરસે અનાજ અને બીજી ખાદ્યપેદાશોના અત્યંત વધી ગયેલા ભાવોનાં કારણોની, વહીવટી વિલંબને કારણે ચૂકવવી પડતી આર્થિક કિંમતની તેમજ શ્રમ કાયદાઓની પણ વિગતે ચર્ચા કરે છે.

આવું કાંઇ પહેલીવાર જ નથી કહેવાયું. અને આ જે કહેવાયું છે તેમાં પણ સુધારાને ખાસ્સો અવકાશ છે. 'સંમિલિત વિકાસ' હાંસિલ કરવા માટે આ ઉપરાંત બીજું પણ ઘણું કરવાની જરૂર છે. પરંતુ તેમ છતાં એટલું તો કહેવું જ પડે કે કોઇ સરકારી દસ્તાવેજમાં આવા પાયાના સવાલની આટલી સુંદર અને વિસ્તૃત ચર્ચા પહેલી વાર જ જોવા મળી છે. આનો યશ આ પ્રકરણ લખનાર કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર પ્રો. કૌશિક બાસુને જાય છે. તેઓ પ્રો. અમર્ત્યા સેનના શિષ્ય છે અને વરસો સુધી દિલ્હી સ્કુલ ઓફ ઇકોનોમિક્સમાં રહ્યા પછી છેલ્લાં કેટલાંક વરસોથી અમેરિકાની કોર્નેલ યુનિવર્સિટીમાં હતા. આ સવાલોની વ્યાપક ચર્ચા થાય એ જરૂરી હોવાથી આ અંકમાં આ પ્રકરણના મુખ્ય અંશોનો ભાવાનુવાદ આપી રહ્યા છીએ.

આ અંકમાં આમ તો ગ્લોબલ વોર્મિંગ પરની કોપનહેગન બેઠક તેમજ બી.ટી. રીંગણ સામેના દેશવ્યાપી વિરોધ અંગે ચર્ચા કરવાનો ઇરાદો હતો, પરંતુ અચાનક આવી પડેલા લાંબા કૌટુંબિક રોકાણને કારણે એમ નથી કરી શક્યા. એને કારણે જ આ અંક બહાર પાડવામાં પણ ખાસ્સો વિલંબ થયો છે, જે માટે ખૂબ દિલગીર છીએ. આ વિષયો પરની ચર્ચા આવતા અંકમાં સમાવી લેવાની નેમ છે.

***- સંપાદક***

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ００૨, ગુજરાત.
ફોન : ०२૬૫ २७८२०५३
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ०२૬४०-२૯०२૯०

સૌથી પ્રથમ 'ખોજ'નાં પાંચ વર્ષ પૂર્ણ થયાં છે તે બદલ આપશ્રીને તથા સંપાદક મંડળ અને પરામર્શ સમિતિ સૌને ખૂબખૂબ અભિનંદન અને સૌનો આભાર.

'ખોજ' એ મારા જીવનનું એક પ્રેરક પરિબળ બની ચૂક્યું છે. હું એક વર્ષથી 'ખોજ'નો વાચક સભ્ય બન્યો છું અને ત્યારથી હંમેશા તેની પ્રતિક્ષામાં જ રહું છું. માહિતીસભર લેખો દ્વારા ઘણું બધું નવું જાણવાનું મળે છે. 'ખોજ' અવિરત ચાલુ રહે તેવી શુભકામના. આપણે સૌ સાથે મળીને વાચક સભ્યોની સંખ્યા વધારી, આર્થિક રીતે પણ યોગદાન આપી આપણા આ સામયિકને વધુ પ્રવાહિત કરીએ તેવી અભિલાષા સહ.

*- ડૉ. પ્રભુલાલ એમ. કાસુન્દ્રા, ગાંધીનગર*

'ખોજ'ના નવે.-ડિસે. ૨૦૦૮માં મહેબૂબ દેસાઈ સાહેબના એક લેખ (ઈસ્લામ અને (ઓમ્) શાંતિ)ના પ્રતિભાવ રૂપે એક પત્ર મેં લખ્યો હતો અને તે 'ખોજ'ના તે પછીના અંકમાં છપાયો હતો, સાથે સંપાદકશ્રીનો ખુલાસો પણ છપાયેલો હતો.

હાલમાં શ્રી સુરેશ દલાલ અને શ્રી મહેશ દવે સંપાદિત એક પુસ્તક 'પત્રવિશ્વ' નામથી પ્રગટ થયું છે. ડબલ ડેમી સાઈઝનું પુસ્તક છે. ઈમેજ પ્રકાશનના આ પુસ્તકમાં દુનિયાભરમાંથી સંપાદિત કરેલા પત્રો સામેલ છે. આ પુસ્તકમાં મારો 'ખોજ'માં છપાયેલો પત્ર પણ તેમણે પૂરેપૂરો છાપ્યો છે, સાથે સંપાદકનો ખુલાસો પણ છે. આવા મહત્ત્વના ઉત્કૃષ્ટ પુસ્તકમાં આ પત્ર લેવાયો તેમાં 'ખોજ' સામયિકનું ગૌરવ છે, એમ મને લાગે છે.

*- રંગવાલા હકીમ એચ., ભાવનગર*

તૃપ્તિબેનનો મે-જૂન ૨૦૦૯ના ખોજનો ''The Beautiful Tree'' (James Tooley)નો લેખ વાંચ્યા બાદ એમેઝોન બુક્સમાંથી એ પુસ્તક મંગાવીને વાંચ્યું. ઝાઝી ગતાગમ તો નથી પડી પણ ઘણી સુંદર રસપ્રદ ઝાંખી મળી. જેમ્સના પગલે એવું જ કાંઈ આપણા ગુજરાતમાં પણ થઈ શકે ?

*-અરવિંદ પટેલ, લેસ્ટર, યુ.કે.*

કામદારની સલામતી અને મુક્ત બજાર વિશે શ્રી અંબરીષ મહેતાના લેખનો છેલ્લો પેરા ''ખંભાતના અકીક પત્થરો ઘસનારા કે મહાબલીપુરમમાં પત્થરની મૂર્તિઓ બનાવનારા કામદારોની સ્થિતિ આટલી ખરાબ છે માટે ચોક્કસ કયાં કારણો જવાબદાર છે તેનો ખ્યાલ તો આ ક્ષેત્રોનો સ્પર્ધાત્મક વિકાસ કેટલો પહોંચ્યો છે તેની ચોક્કસ જાણકારીના આધારે જ મેળવી શકાય.'' આવું જ અગરિયાઓનું પણ છે. આ ક્ષેત્રોમાં સ્પર્ધાત્મક વિકાસ છે ખરો? શ્રી મહેતા મિલ્ટન ફ્રિડમેનનો હવાલો આપે છે : ''માલિકો વચ્ચેની સ્પર્ધા એ જ કામદારોને સાચી સુરક્ષા પ્રદાન કરે છે.'' હવે પ્રશ્ન એ છે કે, મુક્ત બજાર અને સંપૂર્ણ સ્પર્ધાનો ખ્યાલ કે પરિકલ્પના (Concept) એ આદર્શની કલ્પના છે. એવી પરિસ્થિતિ ભારતનાં અસંગઠિત ક્ષેત્રોમાં છે ? વાસ્તવિકતાને નજરઅંદાજ કરીને મિલ્ટન ફ્રિડમેનનો ખ્યાલ ભારતમાં કેટલો મદદરૂપ થશે, એ વિચારણીય મુદ્દો છે. મુક્ત અર્થતંત્રના હિમાયતીઓને માટે અમેરિકાનો તાજેતરનો અનુભવ કોઈ સંદેશો આપે છે ખરો ? મુક્ત બજારના અનુયાયીઓ મૂડીની જેમ શ્રમના આંતરરાષ્ટ્રીયકરણ અંગે શ્રમના મુક્ત આદાનપ્રદાન વિશેનાં નિયંત્રણો વિશે લગભગ મૌન ધારણ કરે છે, તેવું નથી લાગતું ?

'ખોજ' વાંચતાં એવું કેમ થાય છે કે, આપ સૌ મુક્ત અર્થતંત્રના આશિક છો ? આશિકોને લાગણી હોય છે, તર્ક નહીં.

*- હસમુખ પટેલ, અમદાવાદ*

જુલાઇના અંકમાં 'કેળવણીના નવતર પ્રયોગો' લેખ આપે છાપ્યો. સપાટી નીચે પ્રાણવાયુ વગર કામ કરતાં જે મૂંઝારો થતો હોય, અને અચાનક કોઇ આપણને સપાટી ઉપર લાવી દે અને જે અનુભવાય તેવું અનુભવાયું, જે મારે ખોજને અને તેના વાચકોને કહેવાનું ન હોય તેટલું હું સમજ્યો છું. ખોજના સામર્થ્યને અનુભવ્યું. સૌના પ્રતિસાદથી તરણાને તરવાનું બળ મળ્યું છે, કેટલું આગળ જવાશે, તેની ખબર નથી. શ્રી અનિલભાઇ કામદાર, શ્રી છેલભાઇ શુક્લ, શ્રી પંકજભાઇ પંડ્યા, શ્રી ડંકેશભાઇ ઓઝા, શ્રી ભદ્રાબેન સવાઇ, શ્રી મનીષભાઇ જોષી, શ્રી યજ્ઞેશભાઇ શુક્લ, શ્રી મનીષભાઇ પંચોળી, હસમુખભાઇ સુથાર બધાંના કામને બળ આપતા ફોન આવ્યા. શ્રી ગુણવંતભાઇ ન. જોષી તેમજ શ્રી જયાબેન શાહે એક-એક હજાર રૂપિયા સાથે સુંદર પત્ર મોકલ્યા. ડો. પ્રફુલભાઇ દવે દ્વારા ૫૦૦૦ રૂપિયા પ્રાપ્ત થયા. આ કામોને આગળ લઇ જવા સહકારની તૈયારી પણ આવી છે. પણ લાઇબ્રેરીનાં ઘણાં પુસ્તકો રાત્રે ફાડી નખાયાં, સ્વ-કેશ કર્તનના અરીસાઓ અને ઘન કચરાના થેલાઓ રાત્રે સંસ્થાની બહાર તોડી-ફોડી ફેંકી દેવાયા, પંક્ચર પેટીનાં સાધનો ગુમ, વિદ્યાર્થીઓએ જાતે બનાવેલા ચપ્પલ ગુમ, ઘર પર પથ્થરો પણ ફેંકાયા, વેકેશનમાં ઓપન લાઇબ્રેરી અને મારા થોરના બગીચાને ઘણું નુકસાન કરાયું, વિદ્યાર્થીઓએ એકઠી કરેલી પસ્તી રાત્રે સળગાવી દેવાઇ, મને વ્યક્તિગત ફસાવવાનો પ્રયાસ પણ થયો, આ બધી પ્રવૃત્તિઓ કરતા છોકરાઓએ પણ ખૂબ સહન કરવાનું થયું, આખી શાળામાં રાત્રે ચોપાનિયાં પણ લાગ્યાં કે કેતનભાઇ પૈસા ખાવા આવી પ્રવૃત્તિ કરે છે. પણ આનંદ એ વાતનો છે કે વિદ્યાર્થીઓએ જાતે એ ચોપાનિયાં ફાડીને ફેંકી દીધાં, ત્યારે પ્રતીતિ વધુ ઘટ્ટ થાય છે કે સાચે રસ્તે છું અને ઘણું કામ કરવાનું બાકી છે.

*-કેતન શુક્લ, તા. જસદણ, જિ. રાજકોટ*

(લાઈબ્રેરીની તોડફોડ પછી ૯-૧૦ ધોરણનાં પચ્ચીસથી પણ વધારે વિદ્યાર્થીઓએ આ ઓપન લાયબ્રેરીથી એમને કેટલું બધું નવું વાંચવાનું મળ્યું છે, જીવન અંગે અનોખું ભાથું મળ્યું છે, જ્ઞાન અને બળ મળ્યાં છે એ અંગે લખેલા પત્રોની નકલો કેતનભાઈએ અમને મોકલી છે. વાંચન વધારતી આ પ્રવૃત્તિ અને ઓપન લાઈબ્રેરીનો એમનો આ પ્રયોગ ખરેખર સરાહનીય છે અને અંતરાય વગર એ વિકસે એવી શુભેચ્છા છે. સં.)

ખરેખર ખોજને પાંચ વર્ષ વીતી જતા જે પ્રકારની સાહિત્યમાં પ્રગતિ કરી છે તે અજોડ છે કેમ કે ખોજમાં આવતા લેખ ગમી જાય તેવા અને ગુણવત્તાવાળા છે. પણ આપને નમ્ર વિનંતી છે કે ખોજ દર મહિને બહાર પડે તેવી જોગવાઈ કરો.

વિનોબા ભાવે દ્વારા શિક્ષણ અંગેની માહિતી વાંચવા મળી. આજે મોટા ભાગના શિક્ષણમાં ભ્રષ્ટાચાર, ગેરરીતિ અને આપખૂદશાહી આવી ગઈ છે તેના માટે જવાબદાર સરકાર છે. તૃપ્તિ પારેખ દ્વારા રૂચિકા અંગેનો અહેવાલ વાંચવા મળ્યો. આજે રાઠોડ જેવા 'મહાનુભાવો' ગમે નહીં તેવાં કાર્યો કરીને પોતે કલંકિત થાય છે અને સમાજને કલુષિત બનાવે છે.

આગામી વર્ષોમાં ખોજ વધુને વધુ લોકપ્રિય બને તેવી અભ્યર્થના સાથે.

*- ઘનશ્યામ એચ. ભરૂચા, મુંબઈ*

ફરજિયાત મતદાન પરનો 'ખોજ' માં પ્રગટ થયેલ રાજેશ મિશ્રાનો લેખ વાંચીને હું રાજી થયો. તેમણે સરસ વિશ્લેષણ કર્યું છે. અમે એમના વિચારના જ સમર્થક છીએ. ગુજરાત-મુંબઇ રેશનાલિસ્ટ એસોસીએશને રાજ્ય સરકારને પાઠવેલ વિરોધી પત્રની નકલ આ સાથે બિડેલ છે.

*- અશ્વિનકુમાર ન. કારીઆ, અમદાવાદ*

**પ્રિય વાચકો,**

અમને આશા છે કે 'ખોજ'ના અંક આપને નિયમિત અને સારી સ્થિતિમાં મળતા હશે. જો એમ ના હોય તો, અથવા લવાજમ અંગે કોઇ સવાલ હોય તો અમારું ધ્યાન દોરશો અને નીચે આપેલાં અગત્યનાં સૂચનો ધ્યાનમાં રાખશો.

- ❖ મેઈલિંગ લેબલ પર આપના ગ્રાહક ક્રમાંકની સાથે લવાજમ પૂરું થતું હોય એ મહિનો/વર્ષ આપ્યાં હોય છે, જે ધ્યાનમાં રાખી ફેરલવાજમ મોકલવાનું ચૂકશો નહીં.
- ❖ લવાજમ ભરતી વખતે પૂરું સરનામું, પીનકોડ, ટેલિફોન નંબર લખી મોકલશો.
- ❖ લવાજમની રસીદ સામાન્ય રીતે 'ખોજ'ના એ પછીના અંક સાથે મોકલીએ છીએ. લવાજમ મળ્યાનું પોસ્ટકાર્ડ જોકે તુરંત લખી દઇએ છીએ. જો આપને રસીદની તાત્કાલિક જરૂર હોય તો લવાજમ ભરતી વખતે એની સ્પષ્ટ સૂચના લખશો.
- ❖ જો આપનું સરનામું બદલાયું હોય તો અમને એની જાણ કરશો.
- ❖ કોઇ અંક ના મળ્યો હોય તો જણાવશો. અમે બીજી નકલ મોકલી આપશું.
- ❖ જો ભૂલથી આપના સરનામે બે નકલ આવતી હોય તો અમને જાણ કરશો.
- ❖ જો આપને શુભેચ્છક નકલ મળતી હોય અથવા લવાજમ પૂરું થઈ ગયેલ હોય અને કોઈ પણ કારણસર 'ખોજ' મેળવવા ના ઈચ્છતા હો તો એક પોસ્ટકાર્ડ લખીને જાણ કરશો.
- ❖ શરૂઆતનાં ચાર વર્ષોના અંકોના બબ્બે વર્ષનાં બાઉન્ડ વોલ્યુમ અને છેલ્લા વર્ષના છુટા અંક ઉપલબ્ધ છે. બે વર્ષના એક વોલ્યુમની કિંમત રૂ. ૨૫૦/- છે અને પાંચ વર્ષના બધા અંકો કુલ રૂા. ૬૦૦/-માં મળી શકશે.

**પ્રતિભાવ**

# ખોજની ખોજમાં

## જગદીશ પટેલ

સપ્ટેમ્બરના અંકમાં પ્રગટ થયેલા મારા લેખ ''કામદારોની સલામતી અને મુક્ત બજાર'' સંદર્ભે અંબરીષભાઇએ પોતાના પ્રતિભાવ દ્વારા ચર્ચા આગળ ધપાવી છે. નવેમ્બરના અંકમાં પ્રગટ થયેલા પ્રતિભાવ જોઇને એવું જણાય છે કે બીજા ખાસ કોઇ પ્રતિભાવ આવ્યા નથી. એનો અર્થ એ થયો કે એ લેખ કાં તો બધા કે મોટાભાગના વાચકોને વાંચવા માટે આકર્ષી શક્યો નથી અથવા જેમણે વાંચ્યો છે તેમને એમાં પ્રતિભાવ આપવા જેવું કશું જણાયું નથી. સામાન્ય રીતે મૌન સંમતિસૂચક ગણાય છે.

ખેર! ચર્ચા આગળ ચલાવીએ. મારે મારા લેખમાં કશું પ્રતિપાદિત કરવાનું ન હતું. મેં મારા પ્રામાણિક સવાલો અને શંકા દર્શાવી જવાબોની આશા રાખી હતી. કામને સ્થળે આરોગ્ય અને સલામતીની સમસ્યા મુક્ત બજાર ઉકેલી શકી નથી, એવું વિધાન મેં દાખલાઓ સાથે આપ્યું હતું.

માલિકોની સંખ્યા વધે તો હરીફાઇ થાય અને એ પ્રમાણ જેમ વધતું જાય તે પ્રમાણમાં જો માગ વધે નહીં તો નફામાં ઘટાડો થાય અને તેમ થાય તો નફો જાળવી રાખવા કામની શરતો કામદારોની તરફેણમાં રહે નહીં, તેવી મારી દલીલ સામે ફ્રિડમેનનો હવાલો આપીને અંબરીષભાઇ એમ કહે છે કે માલિકોની સંખ્યા વધે તે મજૂરો માટે સારું જ છે, કારણ કુશળ કામદારોને ટકાવવા માલિક બધું કરી છૂટે અને એ કામની વધુ બહેતર શરતો કામદારને આપે. માલિકોને માટે તો નફો જ એકમાત્ર પ્રેરક તત્ત્વ છે. પૂરતા પ્રમાણમાં એ મળતો ન હોય તો એ પોતે જ કામદાર થવાનું પસંદ કરે. કારણ માલિક થવામાં જેમ નફાનું આકર્ષણ છે તેમ સાથે કેટલીક જવાબદારીઓ, બંધનો અને જોખમો પણ છે. એટલે માલિકોની સંખ્યા કેટલે સુધી વધ્યા કરે તો મજૂરોને કામની બહેતર શરતો મળે? કોઇપણ સમાજમાં માલિક-મજૂરની સંખ્યાનો કેટલો ગુણોત્તર મજૂરને કામની વધુ સારી શરતો અપાવે - ખાસ કરીને કામને સ્થળે સલામતી અને આરોગ્ય બાબતે - તેવા કોઇ અભ્યાસો છે ખરા? હરીફાઇને નાથવા અને એકાધિકાર ભોગવવા શું માલિકો બીજા માલિકોની સંખ્યા વધે નહીં તે માટે પ્રયત્ન ન કરે? દુનિયાભરમાં અનુભવો એવા છે કે ધંધામાં જેટલા હરીફો ઓછા હોય એટલું ઉત્પાદક/વેપારીના વ્યવસાય અને નફા માટે અનુકૂળ વાતાવરણ મળે, અને આવું અનુકૂળ વાતાવરણ સર્જવા વેપારી કે ઉત્પાદક પોતાનાથી બનતું બધું જ કરે.

હવે, કામની બહેતર શરત એટલે શું? કામની શરતોમાં મુખ્ય શરત તો મોટાભાગનાને માટે આર્થિક વળતર છે. તે પછીના ક્રમે સામાજિક સુરક્ષા આવે જેમાં બોનસ-ગ્રેજ્યુઇટી-પીએફ-ઇ.એસ.આઇ. અથવા વિકલ્પે માંદગી માટેના વીમા. વર્ષ દરમિયાન કામદારને મળતી હક રજા, માંદગી રજા, કીરકોલ રજા, તહેવારની રજા એક અગત્યની શરત છે. કામને સ્થળે પહોંચવા માટેની વાહનવ્યવસ્થા, યુનીફોર્મ, બુટ, કેન્ટીનની વ્યવસ્થા અને કેન્ટીનમાં ઓછા ભાવે મળતા સારી ગુણવત્તાના ખાદ્યપદાર્થોનું પણ આકર્ષણ કામદારને હોય છે. કામને સ્થળે સલામતી અને આરોગ્ય એ કદાચ બંને માટે છેલ્લી શરત છે. વ્યક્તિગત પસંદ જુદી જુદી હોય પણ આ સામાન્ય નિરીક્ષણ છે.

સલામતીની વાત કરીએ તો સલામતી માટે કામદારને અંગત સુરક્ષા-સાધન અપાતાં હોય તેટલામાં બધું આવી ન જાય. એ અંગેના કાયદાઓનું ચુસ્ત પાલન, એ માટે શિક્ષણ અને તાલીમ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણોનો અમલ, સલામતી માટે પ્રોત્સાહક વાતાવરણ, અકસ્માતોનાં રિપોર્ટિંગ/રેકોર્ડિંગ માટેની વ્યવસ્થા, ઇમરજન્સી ડ્રીલ, સેફ્ટી ઇન્સ્પેકશન અને ઓડીટ, કામના સ્થળમાં હાજર વિવિધ પ્રદૂષણોનું માપન અને નિયંત્રણ, એ સંદર્ભે થતી કામદારોની નિયમિત તબીબી તપાસ અને તપાસના અહેવાલોની નકલ કામદારને આપી તેની વિગતની સમજ આપવી અને તે સંદર્ભે જરૂરી હોય તે પગલાં લેવાં, સેફ્ટી ઓર્ગેનાઇઝેશન, તાલીમબદ્ધ સેફ્ટી ઓફિસર, સેફ્ટી કમિટી એમ અનેક બાબતો આવે. આ બધા પેટે ખર્ચ થાય અને એ ખર્ચ કરતાં નફા પર જો અસર થાય તો નફો ઘટતો બચાવવા માલિક આવા ખર્ચ પર કાપ મૂકે. ભોપાલમાં યુનીયન કાર્બાઇડના પ્લાન્ટમાં મિથાઇલ ઓઇસોસાયનાઇટ નામનો ઝેરી વાયુ ૨ ડિસેમ્બર, ૧૯૮૪ની રાત્રે લીક થયો તેના કારણમાં નફો ટકાવી રાખવા કંપનીએ કરકસરનાં જુદાંજુદાં પગલાં લીધાં તે હતું. એટલે કે હરીફાઇ હોય એટલે કામદારોને કામની સારી શરતો મળી જ જાય તેની કોઇ ખાતરી નથી. ગમે તે કારણસર ઉત્પાદનો માટે બજાર અનુકૂળ ન હોય ત્યારે નફો ટકાવવા અથવા ખોટ ઘટાડવા માલિકોએ કેટલાંક પગલાં લેવાં જ પડે

અને તે પગલાંઓમાં આરોગ્ય અને સલામતી પાછળ થતા ખર્ચ પર પહેલો કાપ મુકાતો હોય છે. કારણ કામની અનુકૂળ શરતોમાં તેનો ક્રમ ઘણો પાછળ છે.

સરકારે સમાજની જરૂર મુજબ હસ્તક્ષેપ કરવો જરૂરી બને છે. ૧૮મી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિ થઇ અને કારખાનાંઓ સ્થપાયાં પછી કાપડમિલોમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોને કામે રાખવામાં આવ્યાં. એમને અત્યંત જોખમી પરિસ્થિતિમાં કામ કરવું પડતું અને તેઓ ગંભીર અકસ્માતોનો ભોગ બનતાં. તે સમયે એમના રક્ષણ માટે કોઇ કાયદા ન હતા. બ્રિટનના કેટલાક જાગૃત સાંસદો અને નાગરિકોએ અવાજ ઉઠાવ્યો અને સરકારને હસ્તક્ષેપ કરવા માગણી કરી ત્યારે માલિકોએ ભારે વિરોધ કરી કહ્યું કે સરકારને માલિક-મજૂરના સંબંધોમાં દખલ કરવાનો કોઇ અધિકાર નથી. પરંતુ ફેકટરી એકટ પછી માઇન્સ એકટ બનાવી અમલમાં મૂક્યો તે પછી અકસ્માતોનું પ્રમાણ ઘટી ગયું. કાયદાઓ અમલમાં આવે ત્યારે માત્ર અમલને કારણે જ નહીં પણ તેને પગલે સમાજનાં વિવિધ ઘટકોમાં જાગૃતિ આવતી હોય છે તે કારણે પણ પરિસ્થિતિમાં કંઇક પરિવર્તન આવતું હોય છે. વિશ્વયુદ્ધોએ કારખાનાંઓમાં સલામતીમાં ઘણો મોટો ભાગ ભજવ્યો તેમાં માગ અને પુરવઠાનાં તત્ત્વો જ હતાં.

૨૫-૦૩-૧૯૧૧નો દિવસ અમેરિકાના વ્યાવસાયિક આરોગ્યના ઇતિહાસમાં મહત્ત્વનો છે. તે દિવસે ન્યુયોર્ક શહેરની ટ્રાયન્ગલ શર્ટવેસ્ટ કંપનીમાં આગ લાગી જેમાં ૧૪૬ કામદારો બળી મર્યાં, તેમાં મોટાભાગની યુવાન મહિલાઓ હતી. એ ઘટનાને કારણે હચમચી ઊઠેલા અમેરિકામાં કામદારોની સામાજિક સલામતી અને મજૂર કાયદાઓમાં નવી વિભાવનાઓ જન્મી અને પછીની પેઢીના કામદારોને ઘણા લાભ મળ્યા. મજૂરને કામ કરવા માટે જે પરિસ્થિતિ અપાય છે તે તેણે મૂંગે મોંએ સ્વીકારી લેવી પડે છે. એની પોતાની શક્તિઓ મર્યાદિત છે તેથી મૂડી દ્વારા તેની પાસે રખાતી અયોગ્ય માગણીઓ સામે રાજ્યના રક્ષણની તેને જરૂર પડે છે.

મધ્યપ્રદેશમાં રતલામ પાસે મંદસૌર શહેર છે, જ્યાં સ્લેટ પેન્સિલના પથ્થર મળે છે અને તેમાંથી સ્લેટ પેન્સિલ બનાવવાનો ઉદ્યોગ ચાલે છે. આ કામ પણ ખંભાતમાં જેમ અકીકનું કામ ઘરે ઘરે થાય છે તેમ જ ઘરે ઘરે થતું હતું. આ કામમાં પણ સીલીકાની ઝીણી રજ શ્વાસમાં જવાને કારણે કામદારો યુવાન વયે મૃત્યુ પામતા. એ કામદારોના કલ્યાણ માટે ૧૯૮૨માં એક કાયદો પસાર કર્યો અને એ મુજબ ૧૯૮૬માં કલ્યાણ બોર્ડનું કામ શરૂ થયું. ત્યાં કામદારોના આરોગ્યની તપાસ નિયમિત થાય છે અને ભોગ બનેલા કામદારોને વિવિધ લાભ આપવામાં આવે છે. સીલીકોસીસને નાથવા માટે સરકારે ઘરે ઘરે ચાલતું કામ બંધ કરાવી તે સૌને ઔદ્યોગિક વિસ્તારમાં ખસેડયા છે અને ત્યાં રજ ખેંચી લેવા માટેની વ્યવસ્થા કરાવી છે. ત્યાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સીલીકોસીસનું પ્રમાણ ઘટી રહ્યું છે, તેમ આંકડા પરથી સમજાય છે. સરકારના હસ્તક્ષેપથી પરિસ્થિતિમાં ઘણું પરિવર્તન આવ્યાનું દેખાય છે - નહીં કે મુક્ત બજારને કારણે.

અંબરીષભાઇએ અમેરિકામાં ઓશા કાયદાને કારણે ઝાઝો ફરક ન પડયાનું જણાવી ૧૯૩૦ પછી અકસ્માતોના પ્રમાણમાં થઇ રહેલા ઘટાડાને માટે કયાં કારણો જવાબદાર હતાં તેનો ફોડ પાડયો નથી. એમને અભિપ્રેત હશે - મુક્ત બજાર, એ સમજાય તેવું છે. અમેરિકાના ઉદ્યોગો વિશ્વભરમાં વેપાર કરીને કમાયા અને તેથી સલામતી અને આરોગ્યનાં ધોરણો સુધારવામાં રોકાણ કર્યું અને તેનો લાભ કામદારોને મળ્યો, એમ પણ કહેવાનું છે? જો એમ જ છે તેમ માની લઇએ તો પણ અમેરિકામાં લેટીન અમેરિકા અને બીજા સ્થળાંતરિત કામદારોના અપાર શોષણથી એમણે જે કમાણી કરી તેનું શું? અમેરિકાની બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા વિકાસશીલ અને ત્રીજા વિશ્વના દેશોના કરેલા શોષણનો કેટલો ફાળો? અમેરિકાની સરકારે નાણાં અને શસ્ત્રોને જોરે નાના અને ગરીબ દેશો પાસે પોતાની તરફેણમાં જે નિર્ણયો લેવડાવ્યા તેનો કેટલો ફાળો? અમેરિકામાં ઓશાને કારણે અધિકારીઓની સંખ્યા અને સત્તામાં વધારો થયાને કારણે ફરિયાદો ઊઠી છે તેવા અમેરિકાના સમાજના એક વર્ગના આક્ષેપો સામે, બીજા પક્ષે ઓશા કેટલું નબળું છે અને તેને હજુ વધુ મજબૂત કરવાની જરૂર છે તેવી બૂમો કામદાર સંગઠનો સતત પાડતાં રહ્યાં છે, તે પણ એટલું જ સાચું છે. ૨૦૦૭માં મારે અમેરિકાનો પ્રવાસ કરવાનો થયો ત્યારે હું એવી છાપ સાથે ગયો હતો કે ઓશાને કારણે ત્યાં આ બાબતે કામદારો અને સંગઠનોમાં ઘણો સંતોષ હશે. પરંતુ ત્યાં ગયો ત્યારે મને જાણવા મળ્યું કે કામદારોમાં તે અંગે કેટલો અસંતોષ અને રોષ છે. એક કાર્યક્રમમાં સ્કીટમાં ભાગ લેવાનું થયું અને તેમાં મારે ભાગે ઓશાના ઇન્સ્પેકટરની ભૂમિકા ભજવવાની આવી. ત્યારે એના સંવાદમાં ઓશાને માટે ભારે કટાક્ષ હતો.

તમાકુથી થતું નુકસાન હોય, દ્વિચક્રી વાહનચાલકો માટે હેલ્મેટ પહેરવાનું ફરજિયાત કરાયું હોય, પેટ્રોલમાં સીસાનાં સંયોજનો ઉમેરવાનું બંધ કરાયું હોય, આયોડિનયુક્ત મીઠાની વાત હોય, એસ્બેસ્ટોસ કે અન્ય જોખમી પદાર્થોની વાત હોય, ત્યાં પ્રજાના આરોગ્યના રક્ષણ માટે રાજ્યના હસ્તક્ષેપની અને કડક અમલની જરૂર

રહે જ છે. મુક્ત બજારને નામે નિયંત્રણો દૂર કરવાનો અર્થ એ નથી કે ઉદ્યોગો પ્રજાને નકલી દવાઓ બનાવી બજારમાં ફરતી કરે. અમેરિકાએ પેસીવ સ્મોકીંગથી નાગરિકોને બચાવવા કાયદાઓ કર્યા જ છે અને તેનો કડક અમલ પણ કરાવે જ છે. હું માનું છું કે મુક્ત બજારમાં વેપાર કરવા ઉપરનાં નિયંત્રણો દૂર કરાય ત્યાં સુધી બરાબર છે પણ સમાજના નબળા વર્ગના રક્ષણ માટે, સલામતી અને આરોગ્યના રક્ષણ માટે, સામાજિક સુરક્ષા માટે કાયદાઓ બનાવાય અને તેનું પાલન કરાવાય તેને મુક્ત બજારનો અવરોધ શી રીતે ગણાય? વેપાર સમાજની જરૂરિયાત છે પરંતુ તે કોઇકનો ભોગ લઇને તો ન જ કરાય, અમાનવીય રીત રસમોથી વેપાર ન કરાય અને જો કરાય તો સમાજ અને રાજ્ય તેને સાંખી ન લે તે માટે કાયદાઓની જરૂર હંમેશા છે અને રહેશે. કાયદાઓનું સ્વરૂપ લોકાભિમુખ હોય અને તેના અમલમાં સંભવિત ભોગ બનનારા (સ્વીડનમાં કામને સ્થળે સલામતી અને આરોગ્ય અંગેના કાયદામાં એવી જોગવાઇ છે કે કારખાના દ્વારા કાયદાનો ભંગ થતો હોય તો કામદારો કે સંઘ જ કોર્ટમાં ફરિયાદ કરે અને કોર્ટમાં આરોપ સાબિત થાય તો કોર્ટ જે દંડ કરે તે રકમ ફરિયાદીને મળે. કામદાર સંઘના જે અગ્રણીઓ અમારી મુલાકાત લેવા આવ્યા હતા એમણે જણાવેલું કે તેમના સંઘના ખર્ચા તો આવી ફરિયાદોમાંથી જ નીકળી જાય છે!) અને નાગરિક સમાજને ભેળવવામાં આવે અને તટસ્થ અમલ થાય તેની કાળજી લેવાય તે જરૂરી છે. કાયદાનો જે ડર છે તે એ છે કે એથી અધિકારીઓ સર્વસત્તાધીશ બને છે, એમનામાંથી મોટાભાગનાને કાયદાના મૂળ હેતુની કશી પડી હોતી નથી અને ભ્રષ્ટાચાર કરી ગુનેગારોને છાવરતા હોય છે. વળી કાયદો બનાવવાની સમગ્ર પ્રક્રિયામાં લોકોને ભેળવવા જોઈએ તેમજ એમનો મત મેળવવો જોઇએ. કોઇ જાહેર ચર્ચા વગર કાયદાઓ પ્રજાને માથે થોપી દેવાથી પ્રજાને કાયદાના અમલમાં કોઇ ઉત્સાહ હોતો નથી. વળી કાયદાની જોગવાઇઓ અને તે પાછળના હેતુઓ માટે સતત લોકશિક્ષણનું જે મોટું કામ છે તે પાછળ રાજ્ય કે સમાજ દ્વારા મોટા પાયે રોકાણ કરાતું નથી અને માત્ર સંસદમાં કાયદા પસાર કરીને સંતોષ માનવામાં આવે છે. શું એમ માનવું કે આટલા મોટા સમાજનું સતત શિક્ષણ થાય અને તેને આધારે ઇચ્છિત પરિવર્તન આવે તે વ્યવહારુ નથી તેના વિકલ્પે કરાય છે? કાયદો હાલની પ્રાતિનિધિક લોકશાહીમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ લઘુમતી મતોથી ચૂંટાય છે તે આપણે સૌ જાણીએ છીએ. વળી ભ્રષ્ટાચાર પર આપણે કાબૂ મેળવી શકતા નથી, અને બધું જ બજાર પર છોડી દેવા પાછળ દોટ મૂકીએ છીએ તે તો જવાબદારીઓથી ભાગવાની વાત છે. આદિવાસીઓને જંગલ જમીનના હક્કોની વાત આપણે મુક્ત બજાર પર કેમ છોડતા નથી? માનવવર્તન સંકુલ છે. વારંવાર એમ કહેવાય છે, જે આપણા સૌના અનુભવની વાત છે કે લિખિત કાયદાનું પાલન લોકો કરતા નથી પણ વણલખ્યા કાયદાનો અમલ ઘણો ચુસ્તપણે થાય છે. હરિયાણામાં જાટ લોકોની ખાપ પંચાયતનો કેવો કડપ છે તેની ચર્ચા આ અઠવાડિયાના અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસમાં સારી ચાલી છે. અમેરિકામાં વ્યાવસાયિક આરોગ્યના કામની શરૂઆત કરનાર એલીસ હેમીલ્ટન પણ પોતાની આત્મકથામાં નોંધે છે કે જ્યારે એ અંગેના કોઇ કાયદા ન હતા ત્યારે ઘણા માલિકોને પદાર્થોનાં જોખમોની વાત ગળે ઉતારાતી હતી, ત્યારે તેઓ સ્વૈચ્છિકપણે કામદારોના આરોગ્યના રક્ષણ માટે સૂચવાતા ઉપાયોનો અમલ કરતા અને પછી જ્યારે કાયદા થયા ત્યારે જાણે કાયદાના ભંગમાં બહાદુરી હોય તેમ માલિકો એવી બહાદુરી બતાવવામાં પાછા પડતા નથી. ત્યારે શું માનવવર્તનની સંકુલતાને નામે આપણે રાજ્યની જવાબદારીઓનો જ છેદ ઉડાવી દઇશું? એમ સાવ છેવાડાની વાત આપણે કરતા નથી જ એમ માનું છું અને તેથી કાયદાઓના વધુ સ્વીકાર્ય અને વધુ પરિણામદાયી સ્વરૂપની જ ચર્ચા આપણે કરવી રહી. ■

*( ૪૩, શ્રીનાથધામ ડુપ્લેક્સ, દિનેશમીલ-ઊર્મી રોડ, વડોદરા-૩૯૦૦૦૭ )*

## ખોજ

**ડૉ. નલિન પંડયા**

પિંડમાંથી તેમ જ બ્રહ્માંડમાંથી જ્ઞાન મળે છે;
આંખો મીંચી વિચારું
તો દીવો દર્પણમાં દેખાય !
દીવો . . . દીવો . . . સૂર્ય . . . સૂર્ય . . .
ચાલી ગયો ;
ઊગી ગયો !
જે ચાલી ગયું તે ચાલી ગયું
જે ઊગી ગયું તે ઊગી ગયું !
આ અંદર અંતરમાં
ખોજ ચાલ્યા કરે છે
આ રમત શૂન્યચોકડીની
તારામંડળની જેમ ચાલ્યા કરે છે.
ખોજ કરી કરીને
ચાલી જતું કશુંક પકડવું
પામવું સઘળું . . . !

**(૬, નિત્યાનિધિ સોસાયટી, સેકશન-૨, ચાંડલોડીયા રેલ્વે સ્ટેશન પાસે, ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૬૧)**

# ખોજ હવે સેનિટેશનની

**સૂર્યકાંત પરીખ**

ખોજ દ્વિમાસિક ઘણી વિવિધતા સમાજજીવનને પીરસે છે. તેમાં એક મહત્ત્વની બાબત, કે જે દરેક મનુષ્યની રોજની જરૂરિયાત છે, તે પાણી અને શૌચ અંગે વધુ લખવાની, માહિતી આપવાની જરૂર છે, તેમ મને લાગે છે. પાણી અંગે જગતભરમાં જે સંશોધનો થયાં અને થયા કરે છે તે અંગેની માહિતી દુનિયાભરમાં ફેલાયેલી વર્લ્ડ બેંક જેવી સંસ્થાઓ આપે છે. સરકારી ક્ષેત્રે તે અંગે એક ખાતું જ ચલાવાય છે. અને ભારતમાં અનેક સ્વયંસેવી સંસ્થાઓ તેના સંશોધનનું-સંયોજનનું અને છેવાડાના લોકોને તે મળે તેવો પ્રયત્ન કરતી હોય છે. આ અંગે ઘણું સાહિત્ય બહાર પડે છે, તમે પર્યાવરણ અને કુદરતી સાધનોમાં પાણી અંગે સૌરાષ્ટ્રમાં પાણીસંચય અંગે લખ્યું છે. પરંતુ સેનિટેશનનો વિશાળ વિષય, કે જે પર્યાવરણનો જ એક મહત્ત્વનો ભાગ છે, તે અંગે કોઈપણ લેખ નથી લખ્યો. ગુજરાતમાં અને ભારતભરમાં ૬૦ ટકા જેટલી વસ્તી હજુ પણ સંડાસ ખુલ્લામાં જાય છે. શહેરોની વસ્તીમાં ૩૦ ટકાને હજુ પણ સંડાસની વ્યવસ્થા નથી. ૧૦૫ કરોડની વસ્તીવાળા ભારતમાં છેલ્લાં ૫૦ વર્ષમાં શહેરી વસ્તી ચાર ગણી થઈ છે, ત્યાં - અરે! મુંબઈ જેવા મહાનગરમાં પણ કેટલીક ઝૂંપડપટ્ટીઓ છે ત્યાં બધાને માટે સામૂહિક સંડાસની સંખ્યા ઓછી પડે છે.

અમારી સંસ્થાએ ૨૨ વર્ષ પૂરાં કર્યાં, અને અમે સેનિટેશન એટલે સંડાસની વ્યવસ્થાના જ કામમાં છીએ. ગામડામાં વ્યક્તિગત સંડાસની વ્યવસ્થા કરવી, તેમાં ટેક્નોલોજીમાં ઘણા ફેરફારો થયા અને એ રીતે સામૂહિક સંડાસની વ્યવસ્થા પણ અમે સમગ્ર ગુજરાતનાં તમામ મહત્ત્વના યાત્રાધામો - દ્વારકા, સોમનાથ, અંબાજી, પાલીતાણા, બહુચરાજી, ડાકોર, બધે જ સ્થળે યાત્રીકો માટે સરસ સામૂહિક સંડાસ-બાથરૂમ-કપડાં ધોવાની, લોકર્સની વ્યવસ્થા હોય તેવા સંકુલો બનાવ્યા, તમામમાં અમને દાનો મળ્યાં છે. નંદીગ્રામ એટલે કુન્દનિકાબહેનનું કાર્યક્ષેત્ર. ત્યાંના એક ગામમાં તમામ ઘરોમાં સંડાસની વ્યવસ્થા થઈ, આદિવાસીઓના એ વિસ્તારમાં હવે સાત ગામોમાં એ કામ ચાલી રહ્યું છે. એ જ રીતે જુનાગઢ પાસેના ધંધુસરમાં નમૂનાના પાંચ સંડાસ દાનથી કર્યા, હવે સમગ્ર ગામમાં તે રીતે સંડાસ થશે.

અમે કેટલેક ઠેકાણે સંડાસ સાથે બાયોગેસ જોડયો છે. સફળતાથી તે ચાલે છે. માનવમળનો ઉત્તમ ઉપયોગ થાય એવી સરળ ટેકનોલોજી. ગાંધીજીના આ અંગેના આગ્રહથી તે થયેલું. આ અંગે એટલો મોટો અવકાશ આપણે ત્યાં છે, પરંતુ સ્થાનિક સત્તાવાળાઓએ અને અન્ય ઉદ્યોગપતિઓ એ બહુ ઓછું ધ્યાન આપ્યું છે.

મારી ગણતરી મુજબ જો કોઈ લિમિટેડ કંપની ૨૦ કરોડની મૂડીવાળી કાઢે, અને શહેરોમાં અદ્યતન જાહેર સંડાસની વ્યવસ્થા ઊભી કરે અને તે પે એન્ડ યુઝના ધોરણે ચલાવે, સંડાસના રૂા.૨ થી ૫ અને નાહવાના રૂા. પાંચ લે, તો એક સંકુલ બનાવવા પાછળ ખર્ચેલા ૧૫ થી ૨૦ લાખ રૂપિયા, ત્રણ-ચાર વર્ષમાં જ પાછા મળે. આવી વ્યવસ્થા માટે મેનેજરો ભણેલા, અને કુશળ લોકોને રાખે તો મોટી રોજગારી ઊભી થાય, અને યુરોપ અમેરિકામાં જે રીતે જાહેર રેસ્ટરૂમ હોય છે તેમ અહીં પણ થાય.

અમે તો ટોયલેટની દુનિયા નામની ચોપડી કરી છે, તેનું અંગ્રેજીમાં પણ ભાષાંતર કર્યું છે. આ સાથે તે મોકલું છું. તેથી જાણ થશે કે, મનુષ્યની કેટલી મોટી જરૂરિયાતવાળું આ ક્ષેત્ર હોવા છતાં તેમાં સ્વયંસેવી સંસ્થાઓ બહુ જ ઓછી કાર્યક્ષેત્રે આવી છે. બિહાર-પટનામાં ૧૯૭૫ માં શરૂ થયેલી સુલભ ઈન્ટરનેશન નામની સંસ્થા આજે ભારતનાં ૧૩ રાજ્યોમાં કામ કરે છે. તેમના દેશભરના ૩૦૦૦ જેટલા સેનિટેશન વ્યવસ્થાના સંકુલોમાંથી થતી આવક વર્ષે રૂા. ૨૦-૨૫ કરોડ રૂપિયા છે. અને ખર્ચ કાઢતાં રૂા. પાંચ કરોડ વધારો થાય છે. દિલ્હીના પાલમ વિમાની વિસ્તાર પાસે તેમની બહુ જ મોટી ઓફિસો, રહેઠાણો, તથા જાહેર સેનિટેશનના સંકુલ છે, જેની આજે બજારકિંમત રૂા. ૧૫ થી ૨૦ કોરડ થાય. એ એક મોટું સામ્રાજ્ય છે. તેની સરખામણીમાં અમારી નાસા ફાઉન્ડેશનની સંસ્થા તો સાવ નાનું બચ્ચું છે, છતાં ગુજરાતની તે સૌથી મોટી સંસ્થા છે.

ટૂંકમાં, ખોજ હવે સેનિટેશનના વ્યાપક ક્ષેત્રની પણ ખોજ કરે અને વાચકોમાં તે પહોંચાડે. પીવાનું પાણી, શિક્ષણ, પર્યાવરણ, સામાજિક અસમાનતા સામે લડતી સંસ્થાઓ, ખાદી-ગ્રામઉદ્યોગમાં અસંખ્ય લોકોને રોજગારી આપનારી સંસ્થાઓ, બહેનોના પ્રશ્નોમાં કામ કરતી સેવા જેવી સંસ્થાઓ જે પ્રશ્નોમાં છે. એટલી જ મહત્ત્વની બાબત સેનિટેશનની છે. ■

*(એ/૨, મનાલિ એપાર્ટમેન્ટ, અટિરા સામે, વસ્ત્રાપુર રોડ,
અમદાવાદ -૩૮૦૦૧૫ મો. ૯૮૯૮૦૦૩૯૯૬)*

# મહુવા આંદોલન

## પ્રો. અશ્વિન કારીઆ

[તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ સવારના ૮.૩૦ વાગ્યાના સુમારે સાબરમતી આશ્રમ પાસે શાંતિમય રેલી માટે ભેગા થયેલા ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના લોકો અને ત્યાંના ભાજપના ધારાસભ્ય ડૉ. કનુભાઈ કલસારીઆ, જાણીતા પીઢ ગાંધીવાદી કાર્યકર ચુનીભાઈ વૈદ, રાજ્યના ભૂતપૂર્વ નાણાંમંત્રી સનતભાઈ મહેતા સહિત ઘણા કર્મશીલોની પોલીસે ધરપકડ કરી. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં પઢિયારકા અને આસપાસનાં ગામોની લગભગ ૪૫૦૦ હેકટર ખેતીની ફળદ્રુપ જમીન નિરમા કંપનીને લીઝ પર આપવાની સરકારની કાર્યવાહીનો સૌ ઘણા મહિનાઓથી વિરોધ કરી રહ્યા છે. આ દિવસે ગાંધી આશ્રમથી ગાંધીનગર વિરોધ રેલી કાઢીને ૧૧,૦૦૦ લોકોના પોતાના લોહીથી કરેલ સહી/અંગુઠાવાળું આવેદનપત્ર મુખ્ય મંત્રીને આપવા જવાનું આયોજન હતું. પરંતુ, વહીવટીતંત્રે અને પોલીસે ગાંધી-ચિંધ્યા માર્ગે નીકળનાર રેલીને પરવાનગી નહોતી આપી, એમ જણાવીને કે બીજે દિવસની અમદાવાદ ખાતેની એક-દિવસીય ક્રિકેટ મેચના બંદોબસ્તમાં પોલીસ રોકાયેલ હોવાથી પોલીસની ખેંચ હોવાથી પરવાનગી આપી શકાય એમ નથી !

પોતાની ખાનગી જમીન હોય કે ગામની ગોચરની જમીન હોય, એનો શું ઉપયોગ કરવો એની સંપૂર્ણ સત્તા અનુક્રમે જે તે જમીન માલિકને કે ગામલોકોને જ હોવી જોઈએ. એમાં ય લોકોની ખેતીની જમીન, લોકોની મરજી વગર ખાનગી કંપનીને આપવાનો કોઈ અધિકાર સરકારનો ન હોઈ શકે, ન હોવો જોઈએ. એ જે તે વ્યક્તિનો અબાધિત અધિકાર છે. મહુવાનાં ગામોમાં સરકારે લોકોના આ અધિકારનો ભંગ કર્યો. અને આ એક ભંગને છાવરવા, સરકારે લોકોના વિરોધ કરવાના બીજા અગત્યના અને મૂળભૂત અધિકારનો ભંગ કર્યો! આ લોકતાંત્રિક તરીકો નથી ! મહુવા તાલુકાનાં આ ગામોના લોકોની ઈચ્છાને લોકતાંત્રિક સરકારે માન આપવું જોઈએ. આ પ્રશ્નની પાર્શ્વભૂને સમજાવતી પ્રો. અશ્વિનભાઈ કારીઆની ટૂંકી નોંધ અહીં આપીએ છીએ. સં.]

ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાના સૌરાષ્ટ્રનું કાશ્મીર ગણાતા મહુવા તાલુકાના પઢીયારકા ગામ નજીક નિરમા કંપની દ્વારા સિમેન્ટ ફેકટરી માટે બંધારો (નાનો ડેમ) તથા ખેતીવાડીની ૪૫૦૦ હેકટર જમીન પ્રાપ્ત કરવાની કાર્યવાહી આગળ ધપી રહી છે. આ વિસ્તારના લોકોને કૃષિ અને પશુપાલન સાથે કાયમનો ઘરોબો છે. તે તેમની જીવાદોરી છે. પેઢી દર પેઢીથી આ તેમનો મુખ્ય વ્યવસાય છે. બંધારાઓ દ્વારા આ વિસ્તારની ધરતી લીલીછમ બની રહી છે. નાળિયેરી, આંબા, ચીકુ, કપાસ, ડુંગળી, દાડમ, ગુવાર, અન્ય શાકભાજી, ગુંદા વગેરે આ વિસ્તારની વખણાતી ચીજો છે. મહુવાના શાસકપક્ષના જ ધારાસભ્ય ડો. કનુભાઇ કલસરીઆની આગેવાની હેઠળ ચાલી રહેલા પ્રચંડ આંદોલનને અવગણીને આવી ઉપજાવ અને ફળદ્રુપ જમીન સિમેન્ટ કારખાનાં માટે આપવાની આઘાતજનક ઘટના આકાર લઇ રહી છે. આ જ જમીનની અંદરથી સિમેન્ટ બનાવવા માટે ઉપયોગી નીકળ્યા પછી આ ૪૫૦૦ હેકટર વિશાળ જમીન કાયમી ધોરણે નિરર્થક બની જવાની છે. યુગો પછી પણ આ જમીન નવસાધ્ય થઇ શકવાની નથી. જો સૂચિત કારખાનું સ્થપાય, તો પઢીયારકા, ડોળીયા, દૂધેરી, સમઢિયાળા ગામો અને આસપાસના લોકો વિસ્થાપિત અને બેકાર બનશે. મહુવાનાં બજારો આ ગામોમાંથી આવતાં કૃષિ ઉત્પાદનો પર નભે છે. તેથી મહુવાના અર્થતંત્ર પર પણ અવળી અસર થશે. વળી, સિમેન્ટ કારખાનાથી સ્થાનિક લોકોને રોજગારી મળવાનો દાવો ખોટો છે. કારણ કે સમજૂતી પત્રમાં ૪૧૮ લોકોને રોજગારી મળનાર હોવાનું જાણવા મળ્યું છે.

આશ્ચર્યની વાત એ છે કે મહુવા તાલુકાનાં વિવિધ ગામોમાં લોકસુનાવણીઓ (કે નાટક) થઇ તેની કોઇ માહિતી પ્રજાના પ્રતિનિધિ એવા મહુવા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય ડો. કનુભાઇ કલસરીઆને આપવામાં આવી ન હતી.

ગુજરાત લોક સમિતિ અધ્યક્ષ અને ગ્રામજનોના જમીન હક્કો માટે લડી રહેલા ચુનીલાલ વૈદે નિયુક્ત કરેલ તપાસ પંચના અનેક સભ્યો પૈકીના એક સભ્ય તરીકે આ લખનારે પણ અસર પામનારાં વિવિધ ગામોની મુલાકાત લીધી ત્યારે એમ પણ જાણવા મળ્યું કે સિમેન્ટ કારખાનાનો વિરોધ કરનારાઓના બાવડા પકડીને બેસાડી દેવામાં આવ્યા હતા. ''માત્ર હાજર રહ્યાની સહી કરવાની છે'' તેમ રજૂઆત કરીને ટેકામાં સહીઓ લેવામાં આવી હતી. નિરમાને સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા માઈનીંગ લીઝ વિસ્તાર માટે તા.૭-૧૦-૦૪ અને તા. ૧૫-૨-૦૮ ના ઈરાદાપત્રોથી નીચેનાં ગામોની જમીન માઈનીંગ લીઝ આપવા માટે સૈદ્ધાંતિક સ્વીકાર થયેલ છે - નૈપ, કળસાર, વાંગર, માઢીઆ, ગુજરકા, દૂધેરી, દૂધાળા, પઢીયારકા, ડોળીયા, (કુલ માઈનીંગ લીઝ વિસ્તાર આશરે ૩૪૬૦ હેક્ટર.)

નિરમા સિમેન્ટ કારખાના સાથે આસપાસના હજારો ખેડૂતો અને માલધારીઓ તેમજ પશુઓની જીવાદોરી, રોજીરોટી, પાણી, પર્યાવરણ, લોકસંસ્કૃતિ, આરોગ્ય, અર્થતંત્ર, એવાં અનેક પાસાંઓ અભિન્ન રીતે જોડાયેલાં છે. મુખ્ય વાત તો એ છે કે દેશમાં જરૂર પૂરતું સિમેન્ટ ઉત્પાદન થઈ રહ્યું છે. એટલે ૧૦ ગામોના ૫૦૦૦૦ લોકોને વિસ્થાપિત કરતા આવા કારખાનાને કોઈપણ રીતે ન્યાયી ઠરાવી ન શકાય. મહુવાના આગેવાનોની મળેલ સભામાં કેટલાકે એવી પણ રજૂઆત કરી હતી કે સિમેન્ટ નિકાસથી મહુવા બંદરનો વિકાસ કરવો હોય તો આ ગામોમાંથી ડુંગળી, મગફળી, ચીકુ, કેરી નાળિયેરી, શાકભાજી નિકાસ થવાની ક્ષમતા છે. તો મહુવા બંદરેથી આવી સ્થાનિક ઉત્પાદનની ચીજ વસ્તુઓની નિકાસ કરવા દેવાય તો પણ મહુવા બંદર વિકસવાનું જ છે.

બંધારા અને જળાશયની જમીન સિમેન્ટ કારખાનાંને આપવાથી જમીનમાં મીઠાં પાણી ખારાં થશે. તેથી પીવાનાં પાણી અને આરોગ્ય તેમજ પાકને માટે ખતરો ઉત્પન્ન થશે. નિરમા સિમેન્ટના કારણે સૌરાષ્ટ્રનું કાશ્મીર ઉજ્જડ બનશે. જમીનમાં ખારાશ આવતી અટકાવવા જ સરકારે કરોડોના ખર્ચે માલણ બંધારા, નિકોલ બંધારા, સમઢીયાળા બંધારા અને કલસાર બંધારા એમ ૪ બંધારાઓ બનાવેલ છે. આ તમામ ખર્ચ નકામો જશે અને જમીનનાં પાણીમાં ખારાશ ભળશે તે નિશ્ચિત છે.

વૈશ્વિક સ્તરે જે પર્યાવરણીય ફેરફારોની માઠી અસરો આપણે સૌ અનુભવી રહ્યા છીએ તે જોતાં મોટા ઉદ્યોગોને જાકારો આપીને આપણા જળ અને જમીન બચાવવાની ખાસ જરૂર છે. અન્યથા આવતી પેઢી આપણને માફ નહીં કરે. સૂચિત સિમેન્ટ કારખાનામાં દરરોજ ૩૦૦૦ ટન સિમેન્ટ ઉત્પાદનમાંથી રોજના લેખે ૧૦૦૦ ટન રાખ ફેંકાશે. આ રાખ આસપાસના ૫-૭ કિ.મી. વિસ્તારનાં ઘરો, ખેતરો, કૂવાઓ, તળાવોને પ્રદુષિત કરશે અને લોકોનું જીવન હરામ કરશે. પર્યાવરણનો કચ્ચરઘાણ વળશે. એટલે કારખાના સિવાયની આસપાસ ૫-૭ કિ.મી. વિસ્તારની તમામ જમીન બિનઉપજાવ બનશે અને ગમે તેટલા પ્રયત્નો છતાં પણ તેને નવસાધ્ય બનાવી શકાશે નહીં.

ઉદ્યોગો માટે લાલ જાજમ પાથરી રહેલ રાજ્ય સરકારે હવે 'રૂક જાવ' નીતિ અપનાવવાની જરૂર છે. ખેડૂતો- પશુઓ માટેની ખેતીવાડી, રોજગારી, અર્થતંત્ર, આરોગ્ય, સંસ્કૃતિ બચાવવા આપણે કૃષિ ઉત્પાદન તરફ પણ ધ્યાન આપવું એટલું જ જરૂરી છે. ■

*(૧, શ્રીઆંગણ એપાર્ટમેન્ટ્સ, એલ.જે. કોલેજ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ)*

**'ખોજ'નું લવાજમ નીચેનાં સ્થળોએ પણ સ્વીકારાય છે**

| | |
|---|---|
| **ડૉ દક્ષાબેન /રશ્મિભાઈ** | : આર્ય દવાખાનું, નગરિયા, ધરમપુર. ફોનઃ ૦૨૬૩૩-૨૯૩૨૩૨. |
| **બરોડા બુક કોર્પોરેશન** | : ૨૦ સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા, ઓફટેલ ટાવર, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ફોન ૨૩૫૮૭૩૬. |
| **ડૉ. મહેન્દ્ર ચોટલિયા** | : એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ફોન ૯૮૭૯૫૨૮૧૨૯. |
| **શ્રી પ્રશાંત ચાવડા** | : ૩૨-૨, બીમાનગર, ઉમિયા વિજય બસ સ્ટેન્ડ પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન ૨૬૩૦૨૩૨૨. |
| **સૌરભ પુસ્તક ભંડાર** | : બી-૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૫૧૪૦૦. |
| **નવકાર મેગેઝિન એજન્સી** | : બી-૮, અરિહંતનગર, વિશ્રામનગર સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૭૫૦૯૭. |
| **પીયૂષ મેગેઝિન વર્લ્ડ** | : એફ-૮, પ્રથમ માળ, મુલ્કી ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની પાસે, મહેસાણા ફોન (૦૨૭૬૨) ૨૨૦૩૫૦. |

# લોકશાહી-ભાવના વિરુદ્ધનો 'ફરજિયાત મતદાન' કાયદો પાછો ખેંચો

**ગુજરાત-મુંબઇ રેશનાલિસ્ટ એસોસિએશન**

ડિસેમ્બર ૨૦૦૯માં ગુજરાત સરકારે એક વિધેયક દ્વારા લોકલ ગવર્નન્સમાં (સ્થાનિક સ્વરાજની પંચાયત/નગરપાલિકા જેવી સંસ્થાઓમાં) પ્રજાકીય મતદાનને ફરજિયાત બનાવ્યું છે. જનસામાન્યને સ્પર્શતા આવા મહત્ત્વના કાયદાને લોકોની વચ્ચે લાવ્યા વગર જ, તેનાં સારાંનરસાં પાસાંઓની પૂરતી ચર્ચા વગર જ આ રીતે આપખુદી વલણ દાખવી પસાર કરવાના વલણને ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશન વખોડે છે. ગુજરાતના રેશનલ-સેક્યુલર લોકોની દૃષ્ટિએ 'ફરજિયાત મતદાન' મુક્ત લોકતંત્રની મૂળ વિભાવનાનો છેદ ઉડાડવા સમાન અને પ્રાતિનિધિક લોકશાહીના દુરુપયોગ સમાન છે.

ચૂંટણીઓમાં મતદાન કરવું એ નાગરિકનો 'અધિકાર' છે, તેનો ઉપયોગ કરવો કે ન કરવો તે દરેકના પોતાના વ્યક્તિગત અધિકાર ક્ષેત્રની વાત છે. લોકજાગૃતિ દ્વારા વધુ મતદાન થાય તે તો આવકાર્ય છે જ અને આપણે ત્યાં સરેરાશ ૬૦ ટકા જેવું મતદાન થાય પણ છે, ગ્રામીણ પંચાયતો સહિત. એવા સંજોગોમાં ફરજિયાત મતદાનનો આ બિનજરૂરી કાયદો મતદાન ન કરનાર સામાન્ય નાગરિકને ગુન્હેગાર ઠરાવે છે. મતદાન ન કરવા માટે નાગરિકની તંત્ર પ્રત્યેની નારાજગી કે ઉમેદવારોની ના-લાયકી સહિતનાં અસંખ્ય વાજબી અને કાયદેસરનાં કારણો હોય છે. આ કારણો કોણ તપાસશે, કોણ તેની ખરાઈ કરશે? હકીકતે ગુન્હેગાર ઠરાવવાનું કામ ન્યાયતંત્ર સિવાય કોઈ કરી પણ ન શકે. આમ પૂરો અમલ શક્ય જ નથી ત્યારે રાજ્યના સત્તાધીશો અને વહીવટદારો દ્વારા વિરોધીઓને હેરાન કરવાના કે ભ્રષ્ટાચાર કરવાના એક સાધન તરીકે તેનો ઉપયોગ થવાની સંભાવના વધુ દેખાય છે.

ફરજિયાત મતદાનનો આવો કાયદો ૩૦ જેટલા દેશોમાં લાવવામાં આવેલો, ૧૫ દેશોએ હવે તે પાછો ખેંચ્યો તથા બાકીના દેશોમાં પણ તેની સામે વિરોધ છે.

ગુજરાતનાં કેટલાંક નાગરિક જૂથોએ એવી દહેશત પણ વ્યક્ત કરી છે કે ગ્રામીણ લોકો-ગરીબો અને મુસ્લિમ/દલિત જેવી લઘુમતીઓ જે મતદાન કરે છે તેની સામે ફરજિયાત મતદાનથી સુખી-મધ્યમવર્ગી-શહેરી મતો ભા કરીને સમાજના ઉપરી વર્ગના લાભાર્થે ચાલતી આર્થિક, સામાજિક નીતિઓ માટે માન્યતા મેળવવાનો આ પ્રયાસ લાગે છે. વળી ગુજરાતના સંદર્ભે મુસ્લિમ મતો સામે હિન્દુ મતોના એકત્રીકરણનો આક્ષેપ પણ છે. ગુજરાત સરકારે આવા અનેક અભિપ્રાય, દહેશતો અને આક્ષેપોના જવાબ આપવાના રહે છે. અખબારી અહેવાલો પ્રમાણે શરમજનક વાત તો એ પણ છે કે આ વિધેયક પસાર કરવામાં આવ્યું ત્યારે ગુજરાત વિધાન સભામાં આ કાયદો લાવનાર મુખ્યમંત્રી સહિતના અન્ય મંત્રીઓ પણ મતદાન માટે હાજર નહોતા!

સેક્યુલર લોકશાહીને સમર્પિત તેવું પ્રજાલક્ષી આ રેશનાલિસ્ટ જૂથ જી.એમ.આર.એ. ગુજરાતના નાગરિકોને અપીલ કરે છે કે ફરજિયાત મતદાનનું આ વિધેયક પાછું ખેંચવા માંગ બુલંદ કરે. રાજ્યપાલને અપીલ કરે છે કે તેમને મંજૂરી માટે મોકલાયેલું વિધેયક પાછું વાળે તથા સરકાર સમજદારીપૂર્વક વ્યાપક ચર્ચા માટે હમણાં તેને સ્થગિત કરે. ■

(ગુજરાત-મુંબઈ રેશનાલિસ્ટ એસોસિએશને રાજ્ય સરકારને પાઠવેલ વિરોધ પત્રની નકલ, તા. ૧૧-૦૧-૨૦૧૦)

**માનવ મીડિયા, ૩૦૪-આતીષ એનેક્ષી, ઓફ સી. જી. રોડ, સમર્પણ ફ્લેટની બાજુમાં, ગુલબાઇ ટેકરા, અમદાવાદ ૩૮૦૦૦૬.**

**સાભાર સ્વીકાર**

- સુશીલા - એક વિરલ વ્યક્તિત્વ, પુસ્તક પ્રેમી પરિવાર, વલ્લભ વિદ્યાનગર, જાન્યુઆરી ૨૦૧૦
- રેખાંકનો : સવજી છાયા, ઓગસ્ટ ૨૦૦૯
- આભૃતગ્રંથ : ડૉ. નલિન પંડયા, અરૂણોદય પ્રકાશન, અમદાવાદ, માર્ચ ૨૦૦૯
- ઉપપત્તિ : ડૉ. નલિન પંડયા, અરૂણોદય પ્રકાશન, અમદાવાદ, માર્ચ ૨૦૦૯
- જ્યાં હાથ નાખો ત્યાં સોનું છે : કિમ વૂ ચૂંગ, ભાવાનુવાદ અને સંક્ષિપ્ત - દર્શા કિકાણી, વિચાવલોણું પરિવાર પ્રકાશન
- ટોઈલેટની દૂનિયા : સંપાદક - ડંકેશ ઓઝા, પરામર્શક - સૂર્યકાંત પરીખ, નાસા ફાઉન્ડેશન, જુલાઈ ૨૦૦૯

# તમારા બાળકને પહેલા ધોરણથી અંગ્રેજી શીખવાડશો નહીં

**સ્વામિનાથન્ અંકલેશ્વરીયા ઐયર**

તાજેતરના એક સમાચાર મુજબ ભારતમાં પહેલા ધોરણમાં ભણતાં બાળકોમાંથી ૪૮ ટકા બાળકો જ અંગ્રેજી બારાખડી વાંચી શકે છે, એ પણ પહેલી એબીસીડીના મોટા અક્ષરો જ. નાનાં બાળકોના શિક્ષણ સાથે સંકળાયેલી 'પ્રથમ' નામની સંસ્થાએ કરેલ શિક્ષણના વાર્ષિક ઓડિટ મુજબ ગુજરાતનો દેખાવ સૌથી ખરાબ હતો. માત્ર ૨૫ ટકા ગુજરાતી બાળકો જ પહેલી એબીસીડી વાંચી શકતાં હતાં અને અંગ્રેજી વાક્યો વાંચી શકનારાં બાળકો તો માત્ર ૮ ટકા જ હતાં. આ ક્ષતિ દૂર કરવા માટે અને વૈશ્વિકીકરણના બેન્ડવેગનમાં જોડાવા માટે ગુજરાત સરકારે પહેલા ધોરણથી જ અંગ્રેજી શીખવવાનું સૂચન કર્યું છે. બીજાં રાજ્યો પણ આવું જ કોઇ પગલું ભરવાનું વિચારી રહ્યાં છે.

પણ, આ બહુ મોટી ભૂલ છે. વૈશ્વિક અભ્યાસો જણાવે છે કે બાળકોએ સૌથી પહેલું તો પોતાની માતૃભાષામાં જ વાંચતા-લખતા શીખવું જોઇએ. એક વાર તેઓ એક મિનિટમાં ૪૫-૬૦ શબ્દો ઝડપથી વાંચતાં થઇ જાય ત્યારે જ તેઓ જે વાંચતાં હોય એનો અર્થ સમજી શકે છે. આટલી ઝડપે પહોંચવું માતૃભાષામાં જ બહુ સહેલું છે. એટલી ઝડપ એક વાર આવી જાય, પછી બીજી ભાષા શીખવી બહુ સરળ બની જાય છે. એ પહેલાં અંગ્રેજી કે બીજી કોઇપણ ભાષા શીખવવામાં આવે તો બાળકને માટે પોતાની માતૃભાષામાં ઝડપથી વાંચવું બહુ અઘરું બની જાય છે.

બાળક કઇ રીતે શીખી શકે છે અને બાળકના મગજનો વિકાસ કઇ રીતે થાય છે એને લગતા ઘણા અભ્યાસો થયેલા છે. એવો જ એક અભ્યાસ હેલન આબદીઝ નામની એક શિક્ષણશાસ્ત્રીએ કર્યો છે. અને પોતાના પુસ્તક 'એફીસીયન્ટ લર્નિંગ ફોર ધ પુઅર : ઇનસાઇટ્સ ફ્રોમ ધ ફ્રંટિયર ઓફ કોગ્નિટીવ ન્યુરોસાયન્સ'માં એમણે જણાવ્યું છે કે ''મનુષ્યની ટૂંકી યાદશક્તિ (short memory) માત્ર ૧૨ સેકન્ડ સુધીની જ હોય છે. તેથી, વ્યક્તિએ ૧૨ સેકન્ડની અંદર જ આખું વાક્ય વાંચી, સમજી લઇને એનું વર્ગીકરણ કરીને પોતાના મગજની લાયબ્રેરી (જેને નિષ્ણાતો 'કોગ્નિટીવ નેટવર્કર્સ' કહે છે) માં સંઘરી લેવું પડે.'' પોતાના બીજા પુસ્તકમાં હેલન આબદીઝ લખે છેઃ ''એક કે વધુમાં વધુ દોઢ સેકન્ડમાં જો વ્યક્તિને એક આખો શબ્દ વાંચતા આવડી જાય તો જ એ એને સારી રીતે સમજી શકે છે. એનાથી ઓછી ઝડપે વાંચનાર વ્યક્તિ વાક્યના અંત સુધી પહોંચે ત્યાં સુધીમાં વાક્યની શરૂઆત ભૂલી ગઇ હોય છે.'' બાળકોને નવી જ ભાષાના અક્ષરો સમજતાં ખાસ્સી વાર લાગે છે. અને જો તેઓ ઝડપથી વાંચી ન શકે તો અક્ષરો ઉકેલવામાંથી જ તેઓ ઊંચાં ન આવે, તેથી શું વાંચી રહ્યાં છે એનો અર્થ તેઓ સમજી શકતાં નથી. તેથી પાઠયપુસ્તકમાં શું લખ્યું છે કે શિક્ષિકા શું શીખવી રહી છે એ તે સમજી શકતાં નથી. આવાં બાળકો આઠ આઠ વરસ સુધી શાળાએ ગયા પછી પણ સારી રીતે વાંચી - લખી શકતાં નથી. અફસોસ છે કે ભારતમાં બધે જ આ જોવા મળે છે !

આનો અર્થ એ હરગિજ નથી કે બાળકે બે કે ત્રણ ભાષા શીખવી ન જોઇએ. હકીકતમાં ૮ વર્ષથી નાનાં બાળકો કોઇપણ નવી ભાષા એકદમ સહેલાઇથી શીખી જઇ શકે છે. પરંતુ અભ્યાસો એવું દર્શાવે છે કે એક ભાષાની હથોટી આવી જાય તો બીજી ભાષા પર પ્રભુત્વ મેળવવું એકદમ સુગમ થઇ જાય છે. પહેલી ભાષા શીખવાથી બાળકના મગજનું જ્ઞાન મેળવવાનું (કોગ્નિટીવ) નેટવર્ક વિશાળ થઇ જાય છે, જેથી બીજી ભાષાના પણ સમાન સિદ્ધાંતો સમજવા આસાન થઇ જાય છે.

પૈસાદાર માબાપોનાં બાળકો જયારે શાળામાં દાખલ થાય છે ત્યારે તેમનો શબ્દભંડાર (vocabulary - શબ્દોનું જ્ઞાન) લગભગ ૩૦૦૦ શબ્દોનો હોય છે, જ્યારે ગરીબ બાળકો માત્ર ૫૦૦ શબ્દોના ભંડોળ સાથે શાળામાં દાખલ થતાં હોય છે. તેથી ગરીબ બાળકોને પહેલા ધોરણમાં જ વર્ગના બીજા વિદ્યાર્થીઓની સમકક્ષ રહેવા માટે ખૂબ મહેનત કરવી પડે છે. એવે વખતે બીજી ભાષા શીખવાની હોય તો એમની મહેનત અસહ્ય થઇ પડે છે.

હેલન આબદીઝ ઝાંબિયાનો એક અનુભવ જણાવે છે. ઝાંબિયામાં શરૂ શરૂમાં બાળકોને પહેલા ધોરણથી જ સ્થાનિક ભાષા અને અંગ્રેજી એમ બન્ને ભાષા શીખવવામાં આવતી. પ્રયોગાત્મક ધોરણે કેટલીક શાળાઓએ પહેલા ધોરણમાં અંગ્રેજી માત્ર મોઢેથી વાંચવાનું અને બીજા ધોરણથી લખવાનું શીખવાડવાનું શરૂ કર્યું. એનું પરિણામ આશ્ચર્યચકિત કરી દે તેવું આવ્યું. પહેલાં બાળકોનો અંગ્રેજી વાંચવાનો સરેરાશ દર સ્ટાન્ડર્ડ કરતાં બે ગ્રેડ નીચો હતો અને સ્થાનિક ભાષામાં ત્રણ ગ્રેડ. પણ જેવી અંગ્રેજી ભાષા પછીના ધોરણમાં દાખલ કરવામાં આવી કે અંગ્રેજી લખવા-વાંચવાનો દર પહેલા ધોરણમાં ૫૭૫ ટકા જેટલો વધી ગયો, બીજા ધોરણમાં ૨૪૧૭ ટકા જેટલો અને ત્રીજા ધોરણમાં ૩૩૦૦ ટકા જેટલો વધી ગયો. સ્થાનિક ભાષામાં પણ એ અત્યંત ઊંચો ગયો. એટલે પછી

આ પદ્ધતિ ઝાંબિયાની બધી જ શાળાઓમાં અપનાવવામાં આવી.

ભારતે પણ આમાંથી બોધપાઠ લેવો જોઇએ. અંગ્રેજીમાં કૌશલ્ય મેળવવું નિઃશંક ખૂબ અગત્યનું છે. ગરીબ મા-બાપો પણ જાણે છે કે અંગ્રેજી ભાષા શીખવાથી એમની આવક સુધરશે. અને તેથી જ ઘણાં વાલીઓએ પોતાનાં બાળકોને સરકારી શાળાઓમાંથી ઉઠાડીને અંગ્રેજી માધ્યમની ખાનગી શાળાઓમાં મૂક્યાં છે.

ગુજરાતી મા-બાપો કહેતાં હોય છે : 'મારું બાળક ગુજરાતી તો બોલે જ છે. પછી સ્કુલમાં પણ એ શીખવવાની શી જરૂર છે? એને બદલે અંગ્રેજી ના શીખવીએ!' આ તર્ક આમ તો અકાટ્ય લાગે, પણ એ ભૂલભરેલો છે. એને બદલે એક વાર બાળક ગુજરાતી સારું શીખી જાય પછી અંગ્રેજી પર પ્રભુત્વ મેળવવું પણ એને માટે એકદમ સહેલું થઇ જાય છે. એટલે પ્રશ્ન ગુજરાતી વિરુદ્ધ અંગ્રેજીનો નથી. ઊલટું, સારું ગુજરાતી એ સારા અંગ્રેજી માટેનો મજબૂત પાયો બનાવે છે.

સરકારી શાળાઓના વર્ગોને અડધા ખાલી રહેલા દેખીને કેટલીક રાજ્ય સરકારો અંગ્રેજીને પહેલા ધોરણથી દાખલ કરવાનું વિચારી રહી છે. જેથી વધારે વિદ્યાર્થીઓ પાછા સરકારી શાળાઓમાં આવે. હકિકતમાં એના જેટલી ગંભીર ભૂલ બીજી કોઇ નહીં હોય. અંગ્રેજી અગત્યનું છે. પરંતુ તમારી માતૃભાષામાં વાંચવું-લખવું એથી પણ વધુ અગત્યનું છે. ■

*(૩૧/૧/૧૦ ના સન્ડે ટાઈમ્સમાંથી સાભાર અનુવાદ : તૃપ્તિ પારેખ)*

# કેળવણીના નવતર પ્રયોગો - ૨

**કેતન શુકલ**

## Flute Mandir

ગયા વર્ષે બે વાંસળી ઓપન લાઇબ્રેરીમાં મૂકી અને વર્ષ દરમિયાન હજારેક છોકરાઓમાંથી ભાગ્યે જ કોઇ છોકરો એ વાંસળી વગાડવામાં બાકી રહ્યો હશે. જ્યારે જુઓ ત્યારે કોઇ ને કોઇનો તો પ્રયાસ ચાલુ જ હોય. આવડી જાય કે ન આવડે પણ વાંસળી વગાડવાની મજા છે. ક્યારેક બધું જ આવડી જવું જરૂરી નથી લાગતું અને બધું જ શીખી લેવા અને શીખવી દેવાના ભ્રમમાં આપણે તેમાંથી મળતા આનંદને ચૂકી જતા હોઇએ છીએ. ખાલી વાંસળીનો પાઠ ભણવાથી તો કેમ ખબર પડે કે વાંસળી શું ચીજ છે. વાંસળીને હોઠે લગાવ્યા વગર તો કેમ ખબર પડે કે કોઇની અંદર હરિપ્રસાદ બેઠેલા છે. કુદરતે આપેલું હોય અને એ એમ જ પાછું ન જતું રહે તે માટે એક નાનકડો પ્રયત્ન કર્યો. છોકરાઓએ એકઠી કરેલી પોતાની પસ્તીના રૂપિયામાંથી ૨૦૦ રૂપિયામાંથી ૨૬ સરસ મજાની વાંસળીઓ અમે સાર્વત્રિક બનાવી દીધી. થોડું વગાડતાં હુંયે નાનપણમાં શીખેલો એટલું બાળકોને શીખવ્યું. એમને તો મજા પડી ગઇ. જ્યારે વખત મળે ત્યારે વાંસળીની મહેફિલ બરાબર જામે. એમને આનંદ સાથે પ્રયત્ન કરતાં જોઇ મને પણ થાય કે ચાલો, શીખેલું કામ તો આવ્યું. મને વાંસળી તો બહુ સારી નહોતી આવડેલી પણ આવું કંઇક આવડ્યું. મને જેમ ઘણું બધું શીખવાની તક મળેલી તેમ મારા છોકરાઓને તે મુક્તતા અને આનંદ સાથે શીખવાનું થાય તેવું કરવાથી બહુ જ આત્મસંતોષ મળે છે. બહુ મોટાં કામ ન થઇ શકે તો કંઇ નહીં પણ આવું કંઇક નાનકડું, પણ ગમી જાય તેવું કરવાથી એક જીવંતતાનો અહેસાસ રહે છે. A new word emerging for a teacher is 'facilitator'.

## કચરામાંથી ડિસ્કવરી ચેનલ

ગયા વર્ષે અમારી ઓપન લાઇબ્રેરીમાંથી ૩૦ પુસ્તકો ગયાં, જેનો ઉકેલ કાઢવા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા ચાલતી હતી. તેમાં તેમની પાસેથી ઉકેલ મળ્યો કે આપણે નોટબુકોની પસ્તી એકઠી કરી તેના પૈસામાંથી નવાં પુસ્તકો લાવી એ પુસ્તકોની ઘટ પૂરી કરીએ અને ખરેખર તેમણે કરી બતાવ્યું. ૨૯૫૦ રૂપિયાની પસ્તી તેમણે એકઠી કરી. અમે તેમાંથી જુદીજુદી વિદ્યાર્થી-પ્રવૃત્તિ માટે ખર્ચ કરીએ છીએ જેમકે વાંસળી, પંક્ચરપેટી, પુસ્તકો, વાળ કાપવાનાં સાધનો, નેઇલ કટર, ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે મોડર્ન મેગેઝિન, ડિસ્કવરી ચેનલ દેખાય તેવી ડિશ અને તેનું સબસ્ક્રિપશન વિગેરે.

આ વાતને આગળ લઇ જતાં વિચાર્યું કે આવી જ રીતે બધા ઘન કચરાને એકઠો કરીએ તો કેટલું મોટું કામ થાય! એટલે એક ઝાડ પર હુક લગાવી જુદા જુદા થેલા લગાવી નામ લખ્યા જેમ કે પેન-બ્રશ, લોખંડ, પ્લાસ્ટિક વિગેરે. અને વિદ્યાર્થીઓને વાત કરતાં તો બધો કચરો આવવા લાગ્યો. છોકરાઓ તો કામ કરવા જાય તોયે બધું વીણતાં આવે, ફરતાં ફરતાંયે કંઇક લેતાં આવે. આવું આપમેળે થતું જોઇ અંદરથી ખૂબ હરખાઉં અને તેમને પણ કહેતો રહું. કોઇ વસ્તુનો ઉપયોગ થઇ શકે તેમ હોય તો તેને ત્યાં ખુલ્લામાં મૂકીએ જેથી જેને જરૂર જણાય તે લઇ પણ જાય. આમ અમારું કામ બહુ મજાનું ચાલ્યું. પર્યાવરણ પણ ખુશ અને અમે પણ ખુશ.

*જીવનશાળા, આંબરડી (જામ),*
*તા. જસદણ, જિ. રાજકોટ ફોન ૯૪૨૯૩૧૫૦૫૫*

# પુસ્તકોમાં ભાર અને નર્યું ગોખણિયું શિક્ષણ

**ડૉ. નલિન પંડિત, ચિંતન પંડયા, ડૉ. પ્રવીણ શાહ**

ભારતમાં રાષ્ટ્રીય કક્ષાએ શૈક્ષણિક પરિવર્તનો માટે જે ચહલપહલ શરૂ થઇ છે, તેની અસર નીચે ગુજરાતના પ્રાજ્ઞજનોમાં પણ એક જબ્બર વિચારવલોણું ચાલી રહ્યું છે. સૌ કશુંક નવું ઇચ્છે છે, સાથે સાથે એ પણ ઇચ્છે છે કે આવનારા ફેરફારો થાગડથીગડ ન હોય, પણ નક્કર હોય.

ભારત અને ગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્રે પરિવર્તનની જે માંગ છે તેના પાયામાં 'બાળકો પરનો અભ્યાસનો વધુ પડતો બોજ'-એ મહત્ત્વનો સંવેદનશીલ મુદ્દો છે. જો રાષ્ટ્રીય કક્ષાએ કે ગુજરાત કક્ષાએ 'બાળકો પરનો ભણતરનો ભાર' ઓછો થાય તેવો કાર્યક્રમ અગ્રતાક્રમ ધરાવતો નહીં હોય તો જે કોઇ ફેરફારો આવશે તે 'વાંઝિયા' પુરવાર થવાના.

આપણે ત્યાં- ગુજરાતમાં ભણતરનો ભાર હળવો કરવા ધોરણ-૧૦ની પરીક્ષા નાબૂદ કરવાનો કે વૈકલ્પિક કરવાનો નિર્ણય જો કે થાય તો પણ એક સવાલ તો ઊભો જ રહેશે કે માત્ર ધોરણ-૧૦ ની પરીક્ષા નાબૂદ થશે કે ગ્રેડેશન આવશે એટલે માધ્યમિક શિક્ષણ લઇ રહેલાં તમામ બાળકો તાણમુક્ત બની જશે?

અમને લાગે છે કે માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવતાં બાળકો બોર્ડની પરીક્ષાઓના બોજ નીચે કચડાઇ રહ્યાં છે એ સાચું, પણ માત્ર ને માત્ર એવું નથી. બાળકોમાં ટેન્શન પેદા કરવામાં બોર્ડની પરીક્ષા એક મહત્ત્વના કારણરૂપ તો છે જ; પરંતુ બાળકોના ભણતરને વધુ બોઝલ બનાવતું ખૂબ જ મહત્ત્વનું પરિબળ હોય તો તે છે : તેમનાં પાઠ્યપુસ્તકો અને તેમાં ઠાંસી ઠાંસીને ભરેલું વિષયવસ્તુ (કન્ટેન્ટ/ માહિતી).

ધો.-૮, ધો.-૯ના ગણિત-વિજ્ઞાન અને સમાજવિદ્યાનાં પાઠ્યપુસ્તકોમાં ઠાંસેલા, તેમની વયકક્ષા કરતાં યે વધુ અઘરા અને પ્રમાણમાં ખૂબ જ જથ્થાવાળા વિષયવસ્તુનો બોજ વિદ્યાર્થીઓને માનસિક રીતે ભાંગી નાખે છે. પરીક્ષાની બીકને કારણે આપઘાત કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણમાં ભલે ઓછી હોય, પણ નીરસ પાઠ્યપુસ્તકોમાં ઠાંસી ઠાંસીને ભરેલા વિષયવસ્તુને ન સમજવાને કારણે ભાર અનુભવતા, કંટાળતા અને શિક્ષકો તથા મા-બાપની અપેક્ષાના ભાર નીચે અનેક વિદ્યાર્થીઓ રોજ માનસિક રીતે મૃત્યુ પામે છે, એ કોણ દેખે છે?

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે જેનો મહત્ત્વનો આધાર લેવાય છે તે પાઠ્યપુસ્તકો લાંબાં, અઘરાં, માહિતીકેન્દ્રી અને જીવનથી વિમુખ છે, જેને કારણે વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીનો જ સહારો લેવો પડે છે. એ ગોખણપટ્ટી બાળકના જીવનનો આનંદ અને તેની સર્જકતાને રૂંધે છે. અનેક શક્તિઓ ધરાવતું બાળક પાઠ્યપુસ્તકના બોજને કારણે એક પણ શક્તિ વિકસાવવા સક્ષમ બનતું નથી.

પરિણામને ૫૦ ટકા આજુબાજુના લેવલે પહોંચાડવા બોર્ડને ગ્રેસીંગની જે જફામાંથી ગુજરવું પડે છે, તે જ બતાવે છે કે બાળકોને ભણાવવામાં આવતું વિષયવસ્તુ ખૂબ જ અઘરું છે!!

એટલે ધો. ૧૦ની બોર્ડની પરીક્ષા નાબૂદ થાય, ગ્રેડ સિસ્ટમ આવે કે ટોપર્સના નામ પ્રસિદ્ધ ન થાય - એવા નિર્ણયો થાય તો તે આવકાર્ય રહેશે જ, પણ જ્યાં સુધી આજની શૈક્ષણિક પ્રક્રિયાના હાર્દરૂપ એવાં પાઠ્યપુસ્તકો રસિક, સરળ, જીવનલક્ષી અને પ્રવૃત્તિલક્ષી તેમજ ટૂંકાં (નાનાં) નહીં બને ત્યાં સુધી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ લેતાં બાળકો માટે તો સાંભળવું-વાંચવું-લખવું-ગોખવું અને ઓકવું - એ પીડન તો ચાલુ રહેશે જ. અને એ માટે અનુભવાતી માનસિક તાણ તેમનાં થનગનતા યૌવનપ્રવેશ વખતનાં સ્વપ્નાંઓને મુરઝાવી નાખશે જ.

આ માટે આપ સર્વને અમારું નમ્ર નિવેદન છે કે આપ ધોરણ ૮ થી ૧૨ સુધીનાં તમામ પાઠયપુસ્તકો જોઇ જાવ. તેમાંનું વિષયવસ્તુ વધુ પડતું હોય, અઘરું હોય, માત્ર માહિતીકેન્દ્રી હોય, વય-કક્ષાને અનુરૂપ ન હોય, અરસિક હોય તો આપ પણ પાઠયપુસ્તકોમાં ફેરફાર લાવવા માટે કોઇ ને કોઇ સંગઠનમાં જોડાઇને કે વ્યક્તિગત રીતે અવાજ ઉઠાવો. ..

આ માટે કેટલાક મહત્ત્વના રાષ્ટ્રીય દસ્તાવેજોમાં સૂચવેલ ઉલ્લેખો જોઇએ:

૧. NCERT : રાષ્ટ્રીય પાઠ્યચર્ચાની રૂપરેખા-૨૦૦૦ : ''ઘણા લાંબા સમયથી અત્યાર સુધી માતા-પિતા અને સમાજની ઘણી ફરિયાદો રહી છે કે વિદ્યાલયી પાઠયક્રમ ખૂબ ભારે છે. પાઠયક્રમનો ભાર એકલો ભૌતિક જ નથી પણ બોધહીનતા (સમજવાની અક્ષમતા)નો પણ છે.... એનાથી વિદ્યાર્થીઓના મનમાં તનાવ પેદા થાય છે અને તેના કારણે તેમની

સ્વાભાવિક વિકાસની ગતિ અવરોધાય છે. અનેક તથ્યો, ઉત્કલ્પનાઓના જટિલ આંતરસંબંધો, રટવાની (ગોખવાની) પ્રવૃત્તિ અને બિનજરૂરી ગૃહકાર્યને કાઢી નાખવું પડશે. હવે 'વિષયવસ્તુ' છોડીને શીખવવાની પ્રક્રિયા તરફ જવું પડશે. શિક્ષણની દિશા હવે એ હશે કે બાળકોએ જે શીખવાનું છે તે કેવી રીતે શીખે.''

૨. પ્રસ્તાવના NCF ૨૦૦૫: રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું : ''આ દસ્તાવેજ વારંવાર ફરીથી બાળકો ઉપરના પાઠ્યક્રમના બોજાના સવાલ ઉપર આવે છે. આ બાબતમાં લાગે છે કે આપણે એક ખાડામાં પડયા છીએ. થોડા સમય માટે જ કામમાં આવનારી જાણકારીના અંબારને આપણે 'સમજ'ની અવેજીમાં અપનાવ્યો લાગે છે. જેને યાદ કરી શકાય (ગોખી શકાય) તેનો જાણે વિસ્ફોટ થઇ રહ્યો છે. આપણે આપણાં બાળકોને 'સમજ'નો સ્વાદ આપવો જોઇએ, જેથી તેમને શીખવામાં મદદ મળે.''

૩. NCF ૨૦૦૫ 'માહિતીને જ્ઞાન કરતાં અગ્રતા આપવામાં આવે છે. ભારે દળદાર પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે છે અને ડહાપણ (જ્ઞાન-સમજ) તથા મુશ્કેલીઓનો ઉકેલ લાવવાને બદલે (લાવવાનું શીખવવાને બદલે) બનેલા-બનાવેલા પ્રશ્નો પર ભાર મૂકવામાં આવે છે. જ્ઞાનને બદલે માહિતીને પ્રાથમિકતા દેવાની આ પ્રવૃત્તિને કારણે અભ્યાસક્રમમાં એવાં તથ્યોનો બોજો વધતો જાય છે, જેને ગોખવાં પડે છે.'

૪. શ્રી અઝિઝ પ્રેમજી, TOI, ૧૪-૧૧-૨૦૦૫ : ''ચાલો, આપણી શાળાઓને પાઠ્યપુસ્તકોના બંધનમાંથી મુક્ત કરી અન્વેષણની પ્રયોગશાળાઓમાં બદલીએ.''

આપણી શાળાઓમાં વિદ્યાર્થીઓ સરેરાશ પાંચ કલાક (?) વર્ગખંડમાં હોય છે. એ હિસાબે વિદ્યાર્થીઓ ૧૬૭ ×૫ =૮૩૫ કલાક વર્ગખંડમાં બેસે છે. આપણી ગુજરાતની શૈક્ષણિક તરાહ મુજબ ધો. ૮, ધો. ૯, ધો. ૧૧ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓએ કુલ સાત વિષયો ભણવાના હોય છે એ ગણતરીએ આ ચાર ધોરણમાં વિદ્યાર્થીઓને વિષય દીઠ ૮૩૫/૭ = ૧૧૯ કલાક ભણવા માળે છે. ધો.-૧૦ નાં વિદ્યાર્થીઓએ કુલ છ વિષય ભણવાના હોવાથી તેમને પ્રત્યેક વિષય ભણવાના વાર્ષિક ૧૩૯ કલાક મળે છે.

શિક્ષકને મળતી ૧૨ CL વખતે જે તે શિક્ષકના વિષયનું શિક્ષણકાર્ય થતું નથી એટલે તે વિષયને મળતા કલાકોમાંથી આશરે નવ કલાકો જેટલો સમય ઘટે.

આ ઉપરાંત વિદ્યાર્થીની પાંચેક દિવસ જેટલી માંદગી કે અન્ય કામ સબબ ગેરહાજરી, વર્ગમાં હાજર શિક્ષકની અસ્વસ્થ તબિયત કે વર્ગમાં કરવું પડતું વહીવટી કામ, શાળામાં પડતી આકસ્મિક રજાઓ, તહેવારોને અનુલક્ષીને અડધા દિવસ માટે પડતી રજાઓ, શાળામાં થતા મેળાવડા, ઉત્સવ ઉજવણી, શિક્ષકોની એક-બે દિવસની તાલીમ, સ્થાનિક રજાઓ, માર્ચમાં બોર્ડની પરીક્ષા નિમિત્તે દસેક દિવસ જેટલો સમય બંધ રહેતી શાળાઓ, માર્ચના છેલ્લા અઠવાડિયાથી એપ્રિલના પહેલા અઠવાડિયાના કેટલાક દિવસો પેપર તપાસણી નિમિત્તે બહારગામ જતાં શિક્ષકો અને તેમની ગેરહાજરીને કારણે બાકીના વર્ગોમાં બંધ રહેતું તેમના વિષયનું અધ્યાપન, માર્ચના પહેલા અઠવાડિયામાં બોર્ડની પરીક્ષા હોવાથી ધો. ૧૦ માં તો ફેબ્રુઆરીના મધ્યમભાગથી જ બંધ થઇ જતું અધ્યાપન કાર્ય - આ અને આવાં બીજાં પરિબળોને કારણે શિક્ષણકાર્ય નહીં થવા સબબ ઘટતા કલાકો ગણીએ તો ધો. ૮ થી ધો. ૧૨ સુધીમાં એકંદરે પ્રત્યેક વિષયના અધ્યયન-અધ્યાપન માટે વર્ષમાં માત્ર ૧૦૦ કલાક મળી શકતા હોય છે. તેમાં પુનરાવર્તન, મૂલ્યાંકન, નિદાન, ઉપચાર વગેરે ઘણા કલાકો જરૂરી બને છે. એટલે શિક્ષક પાસે પોતાના વિષયના શિક્ષણ માટે બહુ જ ઓછા કલાકો હાથમાં રહે છે.

આટલા ઓછા કલાકોમાં શિક્ષકોએ જે વિષયો ભણાવવાના છે, તે વિષયોનું ભારણ જોઇએ:

| ધોરણ | વિષય | પ્રકરણ સંખ્યા | પાનાંની સંખ્યા | વજન |
|---|---|---|---|---|
| ૮ | ગણિત | ૧૯ | ૨૯૧ | ૪૬૮ ગ્રામ |
| ૮ | વિજ્ઞાન | ૧૫ | ૨૧૩ | ૩૫૦ ગ્રામ |
| ૮ | સમાજવિદ્યા | ૨૪ | ૨૧૩ | ૩૫૦ ગ્રામ |
| ૯ | ગણિત | ૨૪ | ૩૬૬ | ૫૫૦ ગ્રામ |
| ૯ | વિજ્ઞાન | ૨૭ | ૩૩૫ | ૫૫૫ ગ્રામ |
| ૯ | સમાજવિદ્યા | ૧૯ | ૧૬૭ | ૨૫૦ ગ્રામ |
| ૧૦ | ગણિત | ૨૦ | ૩૧૪ | ૪૭૩ ગ્રામ |
| ૧૦ | વિજ્ઞાન | ૧૮ | ૩૩૦ | ૪૭૦ ગ્રામ |
| ૧૦ | સમાજવિદ્યા | ૨૨ | ૨૩૬ | ૩૫૦ ગ્રામ |

(નોંધ: લંબાણના ભયે બાકીના વિષયોનાં પાઠ્યપુસ્તકોનાં પ્રકરણ-પાનાં-વજન વગેરેની સ્થિતિ દર્શાવેલ નથી.)

દરેક વિષયના પ્રકરણ અને પાનાંનો જથ્થો જોઇને પ્રશ્ન થાય છે કે વિદ્યાર્થી વર્ષના ૧૦૦ કલાકમાં જે તે વિષયને સમજપૂર્વક આત્મસાત્ કરી શકે ખરો? આ જથ્થો ગોખણપટ્ટી તરફ જ બાળકોને દોરી જાય ને?

### પાઠ્યપુસ્તકો રચનારા લેખકોને નમ્ર વિનંતી

- વિદ્યાર્થીઓને સમજાય તેવું સરળ લખે. અઘરું લખવું ઘણું સહેલું છે, સરળ અને સચોટ લખવું જ અઘરું છે.
- બને તેટલું ટૂંકમાં લખે.
- સંકલ્પના સ્પષ્ટ બને તે માટે વિદ્યાર્થીઓનાં અનુભવજન્ય ઉદાહરણોથી વિગતો સ્પષ્ટ કરે.
- પુષ્કળ ચિત્રો અને આકૃતિઓનો ઉપયોગ કરે.
- જે માહિતી ગોખવી પડે, તે માહિતી આપવાનું ટાળે.
- અંગ્રેજી પુસ્તકોનાં પ્રકરણોનો અનુવાદ કરવો પડે ત્યારે તે અનુવાદ બાળકોને સમજાય તેવો સહજ બનાવે.
- લેખક જે પ્રકરણો લખે તે વિષયની અને શક્ય હોય તો તે ધોરણના બધા વિષયની પરીક્ષા લેખકે આપવી પડે.
- માહિતીને બદલે કૌશલ્યોનો વિકાસ કેન્દ્રમાં રાખે.
- જે પ્રકારનું મૂલ્યાંકન અપેક્ષિત હોય તે પ્રકારે જ સ્વાધ્યાય રચના કરે.
- પાઠ્યપુસ્તકના લેખન પહેલાં લેખકમિત્રો (૧) NCF (નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક NCRT) તથા (૨) શિક્ષણ : ભીતરનો ખજાનો (UNESCO રિપોર્ટ, પ્રકાશનઃ ગ્રંથનિર્માણ બાર્ડ, અમદાવાદ) વાંચી જાય.

જથ્થાબંધ માલ વિદ્યાર્થીના મગજમાં ઠાલવવાનું અને તેના મગજને ગોડાઉન બનાવવાનું સત્તાધારકો વિનાવિલંબ બંધ કરાવે તેવી વેદનાસભર વિનંતી છે.

શિક્ષક કે જે એક બે વિષય ભણાવે છે તે આજે ભણાવીને કાલે કે આઠ દિવસ પછી ભૂલી જતા હોય ત્યારે વિદ્યાર્થીએ તો વર્ષ આખું બધા જ વિષયના જથ્થાબંધ માહિતીના ગોડાઉનનો ભાર વેંઢારવાનો જ ને? (હા, ધો.૮, ધો.૯ અને ધો.૧૦માં જો સેમેસ્ટર પદ્ધતિ હોય તો ગોડાઉનનો અડધો માલ જ સાચવવો પડે!)

શિક્ષકને પક્ષે વાત કરીએ તો લાંબા પાઠ્યપુસ્તકના પ્રમાણમાં તેમને પોતાનો વિષય ભણાવવા ઓછો સમય મળે છે. આ સંજોગોમાં તેમણે કેટલુંક મહત્ત્વનું ભણાવી ‘બાકીનું હવે તમે ઘેર વાંચી લેજો’ એમ કહેવું પડે છે. વિદ્યાર્થીના લાંબા ઘરકામ (ગૃહકાર્ય)નું ટેન્શન વાલીઓ ઉપર પડે છે. પરિણામે આજે ગૃહજીવનનો આનંદ ખતમ થઇ ગયેલો દેખાય છે. બાળકોને જે ભણવું છે, તે ભણવા નથી મળતું, વાલીઓને બાળકોને શું ભણાવવું તેની દિશા નથી મળતી. આજનું શિક્ષણ આ રીતે બાળક માટે બોજ અને વાલીઓ માટે મૂંઝવણરૂપ બન્યું છે. આ માટે ‘તારે ઝમીં પર’ તેમજ ‘થ્રી ઇડિયટ’ જેવી ફિલ્મો દિશાસૂચન કરી શકે. એ બંને ફિલ્મો જોવા માટે વાલીઓને આગ્રહ કરીએ. થોડાક જાગીએ. ■

*ગુજરાતના સંસદ સભ્યો, ધરાસભ્યો, કેળવણીના શુભચિંતકો તથા સૌ પ્રબુદ્ધ જનોને સંબોધીને ‘મેકોલ બ્રાંડ’ શિક્ષણ - ૪ના ભાગરૂપે લખાયેલ ખુલ્લો પત્ર c/o ડૉ. નલિન પંડિત, ૨/૩૫-જી, સુરમ્ય પાર્ક, આતાભાઈ રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧*

---

*પાન ૧૯ પરથી ચાલુ*

monsoon to clean it at some regular intervals. Doubts have been expressed about the quality of water entering the soil. However, we must not ignore the fact that in the absence of adequate water supply, we are more and more dependent on well water which in any case is underground water percolated from all the places including even leakages from the sewer. Water percolating from clean storm water drains will certainly be of better quality than this well water. In fact, BMC itself permits the well water received from any source to be used for flushing purposes. It is a natural phenomenon that the water before entering any open well or tube well always gets filtered through the soil and therefore it is atleast fit for flushing purposes. The requirement for flushing purposes amounts to 35-40% of our total water supply. A project like this should be accorded the top most priority as the most vital of all infrastructure Projects for the city ■.

***B-145/146, Mittal Tower, Nariman Point, Mumbai 400 021 Tel: 6615 0505 Fax : 22835149 Email: mehtagroup@theemerald.com***

# Exploration of Rain Water Harvesting at Macro Level


**Jashwant B. Mehta**

The sinking ground water table and increasing salinity in Mumbai is certainly a matter of great concern. The tremendous increase in population (especially in the suburbs and extended suburbs) has put great strain on services especially on water supply for the city as a whole.

While the awareness for rain water harvesting has increased of late, we must also think of having ways and means of exploring this at macro level to avoid the impending crisis. With more and more buildings coming up and almost every plot / property being built upon the open areas in all these developments are paved and rainwater which was being absorbed in the ground during earlier times is now being discharged in storm water drains ultimately finding its way in the sea. This is the single most important cause of lowering of underground water table mainly in the suburban areas. The excessive discharge of rain water entering these storm water drains and resultant overflow of these drains has also created problems of water logging especially during days of heavy rainfall in the monsoon in several areas in the suburbs.

It would be worthwhile seriously exploring the possibility of having openings at certain fixed intervals in the storm water drains with pits underneath these opening of suitable depth (atleast 2 mtrs. in depth) below these openings (see illustration) which would allow percolation of the rain water flowing in these drains in the ground. Provision will have to be made for providing an inspection chamber above these pits so that before the onset of monsoon, the tress leaves, debris or mud etc. that may have accumulated on these pits can be cleared. Such openings and pits could also be provided in the internal storm water drains of large housing colonies and industrial and commercial complexes. Apart from tremendous help in raising the ground water table throughout the city, it will also help a great deal in controlling the flooding during the heavy rainfall by relieving the excessive strain on the overloaded storm water drains. Over a period of time the flooding during heavy rainfall has now become a recurring phenomenon in most of the suburban areas of the city. In areas nearer the sea, the spacing of such pits could be nearer to reduce the salinity.

The step suggested would be one of the easiest and cheapest ways to harvest rainwater at macro level for the city and a very cost-effective solution to prevent the impending water crisis for the city. With an average of




SECTION THROUGH THE PIT

200 cm of rainfall for an area of mere 5 sq.km. of rain water percolating in the ground would amount to a staggering l0 billion litres of water! In order to avoid polluted water entering the pits, the precaution required will be to clean and clear the storm water drains of the debris and other garbage before the monsoon and during

અનુ. પાન ૧૮ પર

# સંમિલિત વિકાસમાં રાજ્યની ભૂમિકા

**પ્રો. કૌશિક બાસુ**

### વિકાસ અને વહેંચણી

હાલનાં વરસોમાં આપણા દેશનું અર્થતંત્ર, આપણા ભૂતકાળની તુલનામાં જ નહીં, પરંતુ બીજા દેશોની તુલનામાં પણ, ખાસ્સું વધારે ઝડપથી વિકાસ પામ્યું છે (જુઓ કોઠો ૧). પરંતુ એટલાથી સંતોષ માનીને બેસી રહેવાની જરૂર નથી. કારણ કે આનાથી પણ વધારે ઝડપથી વિકાસ સાધી શકાય એમ છે. અને આ વિકાસના ફળ પણ વધારે વ્યાપક સ્તરે બધા લોકો સુધી પહોંચાડી શકાય એમ છે. એ માટે સૂક્ષ્મ સ્તરે ક્યા પ્રકારના માળખાંકીય સુધારાઓ કરવાની જરૂર છે તેની વિગતે ચર્ચા કરવાની જરૂર છે. પરંતુ તે પહેલાં યુ.પી.એ. સરકારે જેને તેની આર્થિક નીતિઓના કેન્દ્રીય ઉદ્દેશ્ય તરીકે સ્વીકારી છે, તે સંમિલિત વિકાસ (Inclusive Growth)ની વિભાવનાને બરાબર સમજી લેવી જરૂરી છે.

જેઓ સંમિલિત વિકાસ ઇચ્છતા હોય તેઓ વિકાસ થઈ રહ્યો છે એટલા માત્રથી સંતોષ માનીને બેસી રહી શકે નહીં. એ વિકાસનાં ફળ સમાજમાં વ્યાપક સ્તરે બધા વર્ગોના લોકો સુધી પહોંચી રહ્યાં હોય તો જ એ વિકાસ ઉમંગ અને ઉલ્લાસની બાબત ગણી શકાય. અને એના બદલે જો એનાં ફળ કોઇ ચોક્કસ વર્ગ કે વર્ગોના લોકો સુધી જ સીમિત રહેતાં હોય તો તેવો વિકાસ આવકાર્ય નહીં ગણાય. બીજા શબ્દોમાં કહીએ તો સંમિલિત વિકાસનો ધ્યેય સ્વીકાર્યો હોય તો આર્થિક વિકાસને આપણે અંત (ઉદ્દેશ્ય) તરીકે નહીં પરંતુ બધા લોકોનાં દુઃખ-દર્દ દૂર કરીને ખુશાલી હાંસિલ કરવા માટેના માધ્યમ કે સાધન તરીકે જ જોઇ શકીએ. આપણા દેશનો ભૂતકાળ તેમજ બીજા દેશોના અનુભવો સ્પષ્ટપણે સૂચવે છે કે ગરીબી દૂર કરવી હોય તો એ માટે આર્થિક વિકાસ થાય એ જરૂરી તો છે જ, પરંતુ એ પૂરતો નથી. એટલે કે વિકાસને પ્રોત્સાહન આપતી નીતિઓની સાથે સાથે વિકાસની પ્રક્રિયામાં વધારે ને વધારે લોકો સંમિલિત થઇ શકે એવી અને તેમ છતાં જેઓ એના લાભ મેળવી ન શકે અને પાછળ રહી જાય એમને મદદ કરવાની નીતિઓ પણ અપનાવવી પડે.

આમ, સંમિલિત વિકાસ થઇ રહ્યો છે કે નહીં તેના પર નજર રાખવી હોય તો તે માટે માત્ર વિકાસ દર (જી.ડી.પી.) ઉપર નજર રાખીએ તે પૂરતું નથી. એ ઉપરાંત એ વિકાસનાં ફળ બધા અને ખાસ કરીને ગરીબ લોકો સુધી પહોંચી રહ્યાં છે કે નહીં તે પણ પાકું કરવું પડે. એ માટેનો સરળ રસ્તો સમાજના સૌથી નીચેના તબક્કાના ૨૦ ટકા લોકોની સ્થિતિ સુધરી રહી છે કે નહીં તેના પર નજર રાખવાનો છે. આ નીચેના ૨૦ ટકા લોકોની માથાદીઠ આવક વધી રહી છે કે નહીં, અને વધી રહી હોય તો એ ક્યા દરે વધી રહી છે એના આધારે આપણી આર્થિક નીતિઓની ગરીબમાં ગરીબ લોકો પર શું અસર પડી રહી છે તેની મૂલવણી આપણે કરી શકીએ. આ માપદંડનો લાભ એ છે કે એમાં વિકાસની અવગણના કરવામાં નથી આવતી, પરંતુ એ વિકાસના લાભ ગરીબો સુધી પહોંચી રહ્યા છે કે નહીં તે પાકું કરવા પર ભાર મૂકવામાં આવે છે.

સંમિલિત વિકાસ હાંસિલ કરવો હોય તો તેમાં સરકારની ભૂમિકા શું હોય તે વિશે નવેસરથી વિચારવાની તાતી જરૂરિયાત છે. અર્થશાસ્ત્રીઓ વચ્ચે વરસોથી સરકાર 'નાની' હોવી જોઇએ કે 'મોટી' હોવી જોઇએ એ અંગે જે ચર્ચા ચાલી આવી છે તે ગેરમાર્ગે દોરી શકે છે. સરકાર 'નાની' છે કે 'મોટી' એ ખાસ અગત્યનું નથી. પરંતુ એ સમર્થકારી (enabling) હોય એ અત્યંત જરૂરી છે. આપણા જેવા મોટા અને સંકુલ દેશમાં લોકોની તમામ જરૂરિયાતો સરકાર પૂરી કરી શકે જ નહીં. એટલે એવી આશા રાખવી કે સરકાર પોતે જ બધી આવશ્યક ચીજવસ્તુઓ પેદા કરશે અને સૌને રોજગારી પૂરી પાડશે કે બધી ચીજવસ્તુઓની કિંમતો પણ નિયંત્રણમાં રાખશે તો, એ તો એ નહીં જ કરી શકે. એટલું જ નહીં, એમ કરવા જતા તો નોકરશાહી જ ફૂલશે ફાલશે અને ભ્રષ્ટાચાર અને બિનકાર્યક્ષમતાને જ ઉત્તેજન મળશે. આમ, આપણા દેશના ઘડવૈયાઓએ સંમિલિત વિકાસનો જે ઉદ્દેશ અપનાવેલો તે તો સાચવી રાખવા જેવો જ છે. પરંતુ એ હાંસિલ કરવામાં સરકારની ભૂમિકા શી હોઇ શકે એ અંગે નવેસરથી વિચારવાની જરૂર છે.

| Rank | 1975 | 1984 | 1994 | 2004 |
|---|---|---|---|---|
| 58 | Paraguay | Dominican Rep. | Dominican Rep. | China |
| 75 | Grenadines | Honduras | Zimbabwe | India |
| 77 | Ghana | Sri Lanka | China | Georgia |
| 80 | Mauritania | Solomon Islands | India | Papua New Guinea |
| 89 | Solomon Islands | India | Georgia | Bangladesh |
| 90 | India | Rwanda | Senegal | Solomon Islands |
| 96 | Bangladesh | China | Congo,Dem.Rep. | Burkina Faso |
| 108 | China | Nigeria | Rwanda | Malawi |

**સમજૂતી : આ કોઠો જે ૧૦૯ દેશો માટે ૧૯૭૫થી પરચેઝીંગ પાવર પેરીટીના આંકડા ઉપલબ્ધ છે એ દેશો ક્યારે કઇ સ્થિતિએ હતા તેના ક્રમ દર્શાવે છે. ૧૯૭૫માં ભારત ૯૦માં ક્રમે હતું. ત્યાર પછીનાં વર્ષોમાં એની સ્થિતિમાં સતત સુધારો થતો ગયો છે અને ૨૦૦૪માં તે ૭૫માં ક્રમે પહોંચી ગયેલું. ચીન ૧૯૭૫માં ૧૦૮માં ક્રમે હતું, પરંતુ ત્યાર પછી તે ઝડપથી આગળ વધી ગયું અને ૧૯૮૪-૯૪ના દશકામાં આપણને વટાવી જઇને ૨૦૦૪માં ૫૮માં ક્રમે પહોંચી ગયું હતું.**

**કોઠો ૧ : ૧૦૯ દેશોના ક્રમ, પી.પી.પી. ડોલરમાં માથાદીઠ જી.ડી.પીના આધારે.**
**સ્રોત - વિશ્વબેંક પાસેથી ઉપલબ્ધ આંકડાના આધારે**

આમાંથી જ 'સમર્થકારી' સરકારની વાત આવે છે. એમાં સરકાર લોકોની બધી જરૂરિયાતો સીધે સીધી પૂરી કરવાનું લક્ષ્ય નહીં રાખે, પરંતુ એના બદલે ૧) એવું માળખું તૈયાર કરવા પર ભાર મૂકશે જેમાં લોકોના પોતાના અભિક્રમવાળા વ્યક્તિગત ઉદ્યોગ-ધંધાઓ ફૂલીફાલી શકે અને લોકો પોતાની મેળે જ એકબીજાની જરૂરિયાતો સંતોષી શકે, અને ૨) સાથે સાથે, તેમ છતાં જેઓ પોતાની મેળે આગળ નહીં વધી શકે તેવા તમામ લોકોને મદદ કરવાને પણ હંમેશા તત્પર રહેશે. આનું કારણ એ છે કે ગમે તે વ્યવસ્થા અપનાવવામાં આવે તો પણ, તેમાં એવી વ્યક્તિઓ તો રહેશે જ જે પોતાની મેળે આગળ નહીં વધી શકે અને જેમને મદદ કે ટેકાની જરૂર પડશે. આમ, આપણને એવી સરકારની જરૂર છે જે બજાર વ્યવસ્થાને લાગે વળગે ત્યાં સુધી તો પોતાની ભૂમિકા અસરકારક અને પ્રોત્સાહક નિયમો બનાવવા પૂરતી જ સીમિત રાખશે અને એમાં ઓછામાં ઓછી દખલ કરશે. પરંતુ સાથે સાથે ગરીબ લોકોને સીધે સીધી મદદ પહોંચાડવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે અને એમને શિક્ષણ અને આરોગ્ય સેવાઓ તેમજ પૂરતો પોષણક્ષમ ખોરાક મળી રહે તે માટે જરૂરી પગલાં લેશે. બજારના નિયંત્રણમાં સરકારની ઘટેલી ભૂમિકાને કારણે જે સંસાધનો અને શક્તિ બચશે તેનાથી ગરીબોને મદદ કરવાની આ બીજી ભૂમિકા વધારે કારગર રીતે નિભાવવામાં મોટી મદદ મળશે.

કોઇ બે કે તેથી વધારે લોકો પોતાની ઇચ્છાથી સ્વૈચ્છિક રીતે જે કોઇ આર્થિક આદાન-પ્રદાન (exchange) કરતા હોય અને એમાં જો એનાં પરિણામ શંકાસ્પદ જણાય તો સામાન્ય રીતે સરકારો એ પ્રવૃત્તિ ઉપર તાત્કાલિક રોક લગાવી દેવાનો જ અભિગમ ધરાવતી હોય છે. જ્યારે સમર્થકારી સરકાર આવું નહીં વિચારે. લોકોની જે પ્રવૃત્તિ કે આદાન-પ્રદાનથી નુકસાન જ થવાનું છે એવી પૂરેપૂરી ખાત્રી હશે તેવી સ્થિતિમાં જ તે દખલ કરીને એના પર રોક લગાવશે. જ્યારે બાકીની બધી (શંકાસ્પદ પરિણામોવાળી સુદ્ધાં) પ્રવૃત્તિઓ પર તે કોઇ રોક નહીં લગાવશે. કોઇપણ સમાજમાં વ્યક્તિઓ કે સમૂહોની એવી પ્રવૃત્તિઓ તો જોવા મળશે જ, જેના પર સમાજના વ્યાપક હિતમાં રોક લગાવવી જરૂરી હોય. પરંતુ સમર્થકારી સરકારની પહેલી પસંદગી નાગરિકોની સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ (આદાન-પ્રદાન) પર રોક લગાવવાને બદલે તેને ચાલવા દેવાની જ હશે. સરકારની આ બદલાયેલી ભૂમિકાની અર્થતંત્ર પર માન્યામાં ન આવે એવી મોટી અસરો પડી શકે એમ છે અને એનાથી ઉદ્યોગોની કાર્યક્ષમતા તેમજ ઉત્પાદકતાને ઘણું પ્રોત્સાહન મળી શકે એમ છે.

એક નક્કર દાખલાની વાત કરીએ તો નીતિ-વિષયક ચર્ચાઓમાં વેપારીઓને ઘઉં, ચોખા કે કઠોળ જેવી આવશ્યક ખાદ્ય પેદાશોના આગોતરા વાયદાના સોદા (future's trade) કરવા દેવા જોઇએ કે નહીં એ સવાલ હંમેશા ઊઠતો રહે છે. એ તો સ્પષ્ટ છે કે આવી આવશ્યક ખાદ્યપેદાશોના ભાવ વધારે પડતા વધી જાય તો તે કોઇ પણ સરકાર માટે ભારે ચિંતાની બાબત બની જાય છે, કારણ કે ઘણીવાર એને કારણે સરકારો ઊથલી પણ પડતી હોય છે. ઘણા એમ માને છે કે આવા વાયદાના સોદાઓને કારણે જ આ આવશ્યક ચીજવસ્તુઓની હાલની વર્તમાન કિંમતમાં ભારે વધારો થાય છે અને

એટલે એના પર રોક લગાવી દેવી જોઇએ. પરંતુ આ પેદાશોની હાલની કિંમતના વધારા માટે વાયદાના સોદા જ જવાબદાર છે કે પછી અન્ય પરિબળો (એ પેદાશોની માંગ-પૂરવઠાની બદલાતી સ્થિતિ, વગેરે) એ વિશે ચોક્કસ કશું કહી નહીં શકાય. અને એટલે જ સમર્થકારી સરકાર આ સ્થિતિમાં વાયદાના સોદા પર પ્રતિબંધ મૂકી દેવાનું ટાળશે. હસ્તક્ષેપ કરનારી સરકાર આવી શંકાસ્પદ સ્થિતિમાં જે કરે તેનાથી આ સાવ જુદું પગલું છે. કારણ કે આપણે જાણીએ છીએ તેમ એવી સરકારો તો આવી શંકાસ્પદ પરિસ્થિતિમાં પણ પહેલું કામ તો આવા વાયદાના સોદાઓ પર રોક લગાવવાનું જ કરે. પરંતુ સમર્થકારી સરકાર વાયદાના સોદા આવનારા દિવસોમાં આ ચીજવસ્તુઓની માંગ-પુરવઠાની સ્થિતિ અંગે સંકેતો આપવાનું જે અગત્યનું કામ કરે છે તેને પણ ધ્યાનમાં રાખશે અને એટલે જ જ્યાં સુધી એને કારણે જ હાલની કિંમત વધે છે એવી પાકી ખાતરી થાય ત્યાર પછી જ એના પર રોક લગાવવાનો વિચાર કરશે.

### ગરીબીનો પડકાર

સંમિલિત વિકાસ માટેની સરકારી નીતિઓ કારગર નિવડી રહી છે કે નહીં તેની આખરી કસોટી તો, અલબત્ત, ગરીબી દૂર કે ઓછી થઈ રહી છે કે નહીં એમાં જ રહેલી છે. દુર્ભાગ્યે આ દિશામાં આપણે હજુ ઘણું કરવાનું બાકી છે. યોજના આયોગે નિમેલ તેંદુલકર નિષ્ણાત સમિતિના તાજેતરના અહેવાલના અંદાજ મુજબ આપણા દેશમાં અત્યારે ૩૭.૨ ટકા જેટલા લોકો ગરીબી રેખાથી નીચે જીવી રહ્યા છે. ગામો અને શહેરોના આંકડા જુદા પાડીએ તો ગામોમાં ૪૧.૮ ટકા લોકો અને શહેરોમાં ૨૫.૭ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે. જો કે અહીં એ નોંધવું જોઇએ કે ગરીબી રેખાની નીચે જીવતા લોકોની ટકાવારીમાં આ જે વધારો થયેલો જોવા મળે છે તે મુખ્યત્વે આ સમિતિએ ગરીબી રેખાની નવી વ્યાખ્યા અપનાવી છે તેને કારણે જોવા મળે છે અને નહીં કે ગરીબોની વધતી સંખ્યાને કારણે. નેશનલ સેમ્પલ સર્વે (૬૧મો રાઉન્ડ)માં ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરીને યોજના આયોગે અગાઉની વ્યાખ્યાના આધારે જે અંદાજ કાઢ્યો છે તે મુજબ તો દેશના ૨૭.૫ જેટલા લોકો જ ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે. આમ છતાં, એ તો સ્પષ્ટ છે કે ગરીબી રેખાથી નીચે જીવતા લોકોનું પ્રમાણ ૩૭.૨ ટકા હોય કે ૨૭.૫ ટકા હોય, તો પણ એ ઘણું ઊંચું છે અને એ કોઇ કાળે ચલાવી લેવાય એવું નથી.

છેલ્લાં ૫ વર્ષમાં કેન્દ્ર સરકારે ગરીબી નિવારણના કાર્યક્રમો માટે નાણાંની ફાળવણીમાં ખાસ્સો વધારો કર્યો છે. ગયા વરસની વૈશ્વિક સ્તરે પેદા થયેલી આર્થિક મંદીની અસરમાંથી બચવા માટે આપણે ત્યાં જે સ્ટીમ્યુલસ પેકેજ અપનાવવામાં આવેલું તેમાં પણ બીજા દેશોથી વિપરીત ગરીબ લોકોની ખરીદશક્તિ વધે અને સામાજિક સેવાઓ ઊભી થાય તેના પર જ ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. ૨૦૦૩-૦૪માં કેન્દ્ર સરકાર ગ્રામીણ વિકાસ સહિતની સામાજિક સેવાઓ પાછળ જે કુલ ૧૦.૪૬ ટકા જેટલો (આયોજિત અને બિન-આયોજિત) ખર્ચ કરતી હતી તે ખર્ચ ૨૦૦૯-૧૦ સુધીમાં વધીને ૧૯.૪૬ ટકા જેટલો થઇ ગયો છે. ખર્ચનો આ વધારાનો પૂરેપૂરો નહીં તો એક ચોક્કસ હિસ્સો તો ગરીબો સુધી પહોંચ્યો જ હશે. હાલના દિવસોમાં ગરીબોના વપરાશની વસ્તુઓની કિંમતોમાં પણ જે વધારો થયેલો જોવા મળે છે તે પણ હકીકતમાં તો આ કાર્યક્રમોને કારણે ગરીબોની આવકમાં થયેલા વધારાનો જ સંકેત પૂરો પાડે છે (આવકના વધારાને કારણે જ તેઓ તેમના વપરાશ માટે જરૂરી ચીજવસ્તુઓનો ઉપયોગ વધારે, જેને કારણે એ ચીજવસ્તુઓની માંગ વધે અને એને કારણે પછી એની કિંમતો વધે).

### સબસીડી અને વિકાસ

આ ઉપરાંત કેન્દ્ર સરકાર અનેક પ્રકારની પેદાશોના ઉત્પાદન અને વપરાશ માટે સબસીડી આપતી આવી છે - દા.ત. રાસાયણિક ખાતરના ઉત્પાદન અને વપરાશ માટેની સબસીડી, અનાજ માટેની સબસીડી, ડીઝલ તેમજ કેરોસીનના વપરાશ માટેની સબસીડી, વગેરે. આ સબસીડીઓ પણ ગરીબો કે ખેડૂતોને મદદ કરવાના નામે જ અપાય છે. પરંતુ એનાથી ગરીબોને ખરેખર કેટલી રાહત પહોંચે છે એ બાબત શંકાસ્પદ જ રહી છે. બીજી બાજુ, વરસો જતાં આ સબસીડીઓ પાછળ થતા ખર્ચમાં જબરજસ્ત વધારો થતો ગયો છે, જેને કારણે સરકાર પરનું નાણાંકીય ભારણ પણ ખાસ્સું વધી ગયું છે. આ સબસીડીઓ પાછળ એટલો તો ખર્ચ થાય છે કે એને કારણે ઉત્પાદકતા વધારવાના કે ગરીબી દૂર કરવાના બીજા જરૂરી કાર્યક્રમો માટે નાણાં ફાળવવાની તેની ક્ષમતા પણ ખાસ્સી ઓછી થઇ ગઇ છે. રાસાયણિક ખાતર પરની સબસીડીનો જ દાખલો લઇએ તો ૨૦૦૨ પછી આ ખાતરોની કિંમતમાં કોઇ વધારો થયો નથી (એટલે કે તેની વાસ્તવિક કિંમતમાં તો ખરેખર ઘટાડો થયો છે). એનું કારણ એ જ છે કે રાસાયણિક ખાતરોની કિંમત સરકાર નક્કી કરે છે અને ઉત્પાદકોને તે એ જ કિંમતે વેચવાની ફરજ પાડે છે. બીજી બાજુ, રાસાયણિક ખાતરનું ઉત્પાદન કરવાનો ખર્ચ તો સતત વધી જ રહ્યો છે. એટલે સરકાર તેનું ઉત્પાદન કરતાં કારખાનાંઓને વધારેને વધારે સબસીડી આપતી રહે તો જ તેઓ ખાતરનું ઉત્પાદન ચાલુ રાખી શકે એમ છે

અને ખેડૂતોને સરકારે નક્કી કરેલા ભાવે તે વેચી શકે. હકીકતમાં આવું જ થયું છે. ૨૦૦૮-૦૯ સુધીમાં તો કેન્દ્ર સરકાર દ્વારા રાસાયણિક ખાતરના ઉત્પાદન માટે તેનાં કારખાનાંઓને અપાતી વાર્ષિક સબસીડીની રકમ રૂપિયા ૭૬૬૦૬ કરોડ જેટલી જંગી થઈ ગઇ છે. ચાલુ વરસે એમાં થોડો ઘટાડો થયો છે, પરંતુ હજી પણ એ રકમ જંગી તો છે જ. આવું જ અન્ય પેદાશો માટેની સબસીડીની બાબતમાં પણ જોવા મળે છે.

ગરીબી નિવારણના નામે આ સાબસીડીઓ પાછળ જે જંગી ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેનો વધારે સારો ઉપયોગ કઇ રીતે કરવો તે આપણી સામેનો મુખ્ય પડકાર છે. અત્યાર સુધી આમ નથી કરી શકાયું એમાં સવાલ સ્થાપિત હિતોનો એટલો નથી જેટલો એના વિકલ્પમાં ખરેખર શું કરી શકાય એ માટેના કલ્પનાશીલ વિચારોના અભાવનો છે. કેટલાક કાર્યક્રમો પહેલી વાર સાંભળીએ ત્યારે તરત અપનાવી દેવા જેવા લાગે છે. પરંતુ એને અમલમાં મૂક્યા પછી પાછળથી અનુભવે એમાંની ઊણપો દેખાવા માંડે છે. પરંતુ એક વાર આવો કોઈપણ કાર્યક્રમ અમલમાં મુકાતાની સાથે જ એની આસપાસ સ્થાપિત હિતોનાં જાળાં ઊભાં થઇ જાય છે, જે પછીથી એને બંધ કરવા સામે કે એમાં સુધારા કરવા સામે અડચણો પેદા કરે છે. આવું જ આ સબસીડીઓની બાબતમાં થયેલું જોવા મળે છે. પરંતુ તેમ છતાં એના વિકલ્પમાં ખરેખર શું કરી શકાય એમ છે એની મધ્યમ ગાળાની રૂપરેખા તૈયાર કરીને તે અપનાવવી કેમ જરૂરી છે તેની વાત લોકો સમક્ષ રજૂ કરવાની તાતી જરૂરિયાત છે.

સદ્ભાગ્યે આવી રૂપરેખા તૈયાર કરી શકાય એમ છે. લોકો, ખાસ કરીને ગરીબ લોકોને સબસીડી આપવાની એવી વૈકલ્પિક યોજનાઓ અમલમાં મૂકી શકાય એમ છે, જે વધારે કાર્યક્ષમ અને અસરકારક હોવા ઉપરાંત ઓછી ખર્ચાળ પણ હોય. આ યોજનાઓની ચર્ચા કરતી વખતે કેટલીક પાયાની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. ગરીબ લોકોને પાયાની જરૂરિયાતો માટેની ચીજવસ્તુઓ મળી રહે તે માટે સરકાર મદદ કરે તે તો જાણે જરૂરી છે જ. અને આમ કોઇને કોઇ પ્રકારની સબસીડી આપીને જ કરી શકાય એ પણ એટલું જ સાચું છે. પરંતુ આવી સબસીડી આપતી વખતે એની સાથે સાથે એ જે તે પેદાશની કિંમત પણ સરકારે નિયંત્રિત કરવી જ પડે એવી જે માન્યતા પ્રવર્તે છે તે ભૂલભરેલી છે. આ ઘણી લપસણી ભૂમિ છે. આપણા દેશ જેવા મોટા અને સંકુલ અર્થતંત્રમાં કઇ વસ્તુની ખરેખર શું કિંમત હોવી જોઇએ એનું સાચું આકલન સરકાર ક્યારેય કરી શકે જ નહીં. એટલું જ નહીં, એકવાર કોઈપણ વસ્તુની કિંમત નક્કી કરવાનું સરકાર શરૂ કરે એની સાથે જ એ કિંમત નક્કી કરવાની પ્રક્રિયામાં રાજકારણ અને લોબીઈંગ દાખલ થઇ જશે. અને એને કારણે એ પ્રક્રિયામાં ક્રમશઃ વધારેને વધારે વિકૃતિઓ આવતી જશે. આમ, કોઇપણ વસ્તુની કિંમત તો બજારમાં હજારો લાખો લોકોના મુક્ત અને સ્વૈચ્છિક આદાન-પ્રદાન દ્વારા જ નક્કી થવા દેવી જોઇએ. અને ગરીબોને કોઇ પણ વસ્તુ કે પેદાશ મેળવવામાં મદદ કરવી હોય તો તે માટેનો સારામાં સારો રસ્તો તેઓ એ વસ્તુ બજારમાંથી બજાર કિંમતે ખરીદી શકે એ માટે એમને સીધે સીધી મદદ કરવાનો છે અને નહીં કે એ ચીજવસ્તુની કિંમત નિયંત્રિત કરવાનો, જે લાંબા ગાળે ભારે નુકસાન પહોંચાડે છે. ૧૯૯૧ની શરૂઆતથી આપણે ઘણી ઔદ્યોગિક પેદાશોની કિંમતો પરનાં સરકારી નિયંત્રણો તો હટાવતાં ગયા છીએ અને હવે એ પેદાશોની કિંમતો તો મુખ્યત્વે બજારમાં જ નક્કી થાય છે. પરંતુ ખેતપેદાશો તેમજ રાસાયણિક ખાતર કે કેરોસીન અને ડીઝલ જેવી પેટ્રોલિયમ પેદાશોની બાબતમાં આમ હજી થયું નથી, જે કરવાની તાતી જરૂરિયાત છે. આ ધ્યાનમાં રાખીને ગરીબોને મદદ કરવા માટેની હાલની યોજનાઓમાં કેવા ફેરફાર કરવા જરૂરી છે તેની ચર્ચા હવે હાથ ધરીશું.

જાહેર વિતરણ વ્યવસ્થા (પી.ડી.એસ)નો દાખલો લઇએ તો એ હેઠળની સસ્તા અનાજની દુકાનોનાં વિશાળ જાળાં દ્વારા આપણે દેશભરમાં ગરીબી રેખાની નીચે જીવતા (બી.પી.એલ) કુટુંબોને દર મહિને ખૂબ સસ્તા ભાવે નિશ્ચિત માત્રામાં અનાજ (ઘઉં અને ચોખા) પૂરું પાડવાની કોશિશ કરીએ છીએ. એ માટે આવી સસ્તા અનાજની દુકાનોના માલિકોને સરકાર સસ્તા (સબસીડાઇઝ્ડ) ભાવે અનાજ પૂરું પાડે છે અને પછી તેમને એ અનાજ આ બી.પી.એલ કુટુંબોને બજાર કિંમત કરતાં ઘણા નીચા એવા સરકારે નક્કી કરેલા ભાવે વેચવાની ફરજ પાડે છે. હવે એ તો આપણે સૌ જાણીએ છીએ કે આમાંના મોટાભાગના દુકાનદારો તો (૧) આ સસ્તું અનાજ ઊંચા ભાવે કાળા બજારમાં વેચી દે છે અને પછી (૨) બાકીના અનાજમાં ભેળસેળ કરીને ઊતરતી કક્ષાનું અને કાંકરાવાળું અનાજ બી.પી.એલ. કુટુંબોને સરકારી ભાવે પધરાવી દે છે, અને એ કુટુંબોએ એ ન છૂટકે લેવું પડે છે કારણ કે એ ન લે તો ઘરમાં એટલું પણ અનાજ નહીં આવે. સામાન્ય રીતે આ પરિસ્થિતિ માટે આપણે સસ્તા અનાજના દુકાનદારો તેમજ યોજનાના અમલ સાથે સંકળાયેલા સરકારી અધિકારીઓની બેઇમાની અને રિશ્વતખોરીને જ જવાબદાર માનીએ છીએ અને એમની સામે આક્રોશ વ્યક્ત કરીએ છીએ અને એમને કડકમાં કડક સજા કરવાની માંગ કરીએ છીએ. પરંતુ તેઓ આમ કરી શકે છે અને કરી રહ્યા છે એમાં આ યોજનાના ઢાંચાનો કોઇ ફાળો છે કે નહીં તેનો વિચાર નથી કરતા. ખરેખર તો સમસ્યા આ યોજનાના ઢાંચામાં જ રહેલી

છે. આ યોજનાનો ઢાંચો જ એવો છે જેમાં દુકાનદારો કે સરકારી અધિકારીઓને આ રીતે બેઇમાનીપૂર્વક વર્તવાને પ્રોત્સાહન મળે છે. જો દેશે આર્થિક વિકાસ હાંસિલ કરવો હોય તો તે માટે એના લોકો સામાન્ય રીતે સચ્ચાઇ અને ઇમાનદારીથી વર્તતા હોય એ જરૂરી છે એ વાત સાચી છે. પરંતુ એનો અર્થ એ નથી જ કે કોઇપણ યોજનાનો ઢાંચો નક્કી કરતી વખતે આપણે એના અમલની જવાબદારી જેમને સોંપવાની છે એ બધા પૂરેપૂરી પ્રામાણિકતાથી જ એનો અમલ કરશે એમ પહેલેથી ધારી લઇએ અને પછી એમ ન થાય ત્યારે એ માટે એ યોજનાનો નહીં પરંતુ એનો અમલ કરનારાઓનો વાંક કાઢીએ ! સારી કાર્યક્ષમ યોજનાનું લક્ષણ જ એ હોય કે લોકો જેવા છે તેવા સ્વીકારીને પછી એને ખ્યાલમાં રાખીને એ લોકોને પણ એ યોજનાનો સારો અમલ કરવા માટેના જરૂરી ઇન્સેન્ટીવ કે ડીસઇન્સેન્ટીવ પૂરા પાડે.
એવી વૈકલ્પિક યોજના કેવી હોઇ શકે તે હવે જોઇએ. આ વૈકલ્પિક યોજના જો અપનાવવામાં આવે તો એનાથી ખર્ચમાં કોઇ વધારો નહીં થાય અને છતાં તે ગરીબોને વધારે અસરકારક અને કાર્યક્ષમ રીતે સસ્તું અનાજ પહોંચાડશે. આ કોઇ નવી જ યોજના છે એવું નથી. આવું કાંઇક કરવું જોઇએ એવાં સૂચનો અગાઉ ઘણીવાર થઇ ચૂકયાં છે અને અગાઉ બજેટ સંભાષણોમાં પણ તેનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે. પરંતુ તે કેવી રીતે કામ કરશે તેની વિસ્તૃત રૂપરેખા અત્યાર સુધી રજૂ નથી કરવામાં આવી. આ વૈકલ્પિક યોજનાનાં મુખ્ય પાસાં નીચે મુજબનાં છે :

૧) અનાજ ખરીદવા માટેની સબસીડી સીધે સીધી ગરીબ કુટુંબોના હાથમાં જ આપવી જોઇએ અને નહીં કે દુકાનદારોને;

૨) કઇ દુકાનમાંથી અનાજ ખરીદવું એ નક્કી કરવાની સ્વતંત્રતા પણ જે તે કુટુંબને હોવી જોઇએ.

હવે ધારો કે કોઇ એક બીપીએલ કુટુંબને ઘઉં ખરીદવા માટે દર મહિને 'અ' રૂપિયાની સબસીડી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. એ માટે એને બજાર કિંમત કરતાં એટલા ઓછા રૂપિયાના ભાવે ઘઉં પૂરા પાડવાને બદલે દર મહિને એને સીધે સીધી એટલા રૂપિયાની કૂપનો કે વાઉચરો આપી શકાય, જેનો ઉપયોગ તે સસ્તા અનાજની દુકાનેથી અનાજ ખરીદવા માટે કરી શકે. આ નવી વ્યવસ્થામાં સસ્તા અનાજની દુકાનના માલિકને સરકાર સસ્તા (સબસીડાઇઝ્ડ) ભાવે કોઇ અનાજ પૂરું નહીં પાડે અને એના બદલે બજાર ભાવે જ તે પૂરું પાડશે. અને તે જ પ્રમાણે એ દુકાનદારને તે અનાજ બી.પી.એલ. કુટુંબોને બજાર ભાવથી ઓછી કિંમતે વેચવાની પણ ફરજ નહીં પાડે. તેઓ કૂપનવાળા કે વગરના કોઇપણ ઘરાકને બજાર કિંમતે તે અનાજ વેચી શકશે. એમને જે ફરજ પડાશે તે એટલી જ કે બી.પી.એલ. કુટુંબો પાસેથી પૈસાના આંશિક વિકલ્પ તરીકે તેમણે આ કૂપનો સ્વીકારવી પડશે. અને જેટલા રૂપિયાની કૂપનો સ્વીકારી હોય તે કૂપનો સ્થાનિક બેંકમાં જમા કરાવીને એની સામે તેઓ એટલા પૈસા મેળવી શકશે. અને બેંકો પછી એ સરકારમાં જમા કરાવીને એના બદલામાં સરકાર પાસેથી પૈસા મેળવશે. આ રીતે જોતાં આ કૂપનો પણ પૈસાની જ ગરજ સારશે. આ ઉપરાંત આ બી.પી.એલ. કુટુંબો પોતાની ઇચ્છામુજબની સસ્તા અનાજની દુકાને આ કૂપનો વટાવી શકશે અને એના બદલામાં અનાજ મેળવી શકશે.

આ નવી વ્યવસ્થામાં ભેળસેળ કે ભ્રષ્ટાચારની શક્યતા સાવ ઓછી થઇ જશે. સસ્તા અનાજની દુકાનના દુકાનદારને બધા ગ્રાહકો - ગરીબ કે બીજા - પાસેથી અનાજની સરખી જ કિંમત મળશે અને તે પણ બજાર કિંમત જેટલી જ. એટલે ગરીબ ગ્રાહકોને પાછા મોકલી આપીને તેમના ભાગનું અનાજ અન્ય ગ્રાહકોને આપી દેવાને તેમની પાસે કોઇ કારણ નહીં બચે. (કૂપનો બેંકમાં વટાવવા માટે વધારે માથાકૂટ કરવાની થશે એમ લાગે તો એ માટે એ બેંકમાં કૂપન વટાવવા જાય ત્યારે એને વધારાની ૨ ટકા જેટલી રકમ મળે એવી જોગવાઇ પણ કરી શકાય.) બીજી બાજુ ગરીબ કુટુંબો ગમે તે દુકાને કૂપન વટાવી શકશે. એટલે જે દુકાનદાર ઊતરતી કક્ષાનું કે ભેળસેળવાળું અનાજ આપતા હશે તેમનો બહિષ્કાર કરીને તેના બદલે તેઓ બીજી દુકાનેથી સારું અનાજ મેળવી શકશે. એ કારણે પણ જો દુકાનદારને તેના ગ્રાહકો સાચવી રાખવા હશે તો તેમને સારી ગુણવત્તાવાળું અનાજ પૂરું પાડવાની ફરજ પડશે.

એ તો સ્પષ્ટ છે કે આ કૂપન વ્યવસ્થા પૂરેપૂરી સફળ થાય એ માટે ગરીબ કુટુંબોની ઓળખ માટેની અસરકારક વ્યવસ્થા હોય તે અત્યંત જરૂરી છે. અહીં અત્યારે કેન્દ્ર સરકારે દરેક નાગરિકને એનો આગવો ઓળખ નંબર (Unique Identity No - UID) આપવાનો જે કાર્યક્રમ હાથ હાથ ધર્યો છે તે ઘણો મદદરૂપ થઇ શકે એમ છે. આ કાર્યક્રમના અમલની શરૂઆત ૨૦૧૨થી થવાની છે અને પછી થોડાં વરસોમાં જ તે ક્રમશઃ પૂર્ણ કરી દેવામાં આવશે. આ બાબત ધ્યાને લેતાં, અનાજ માટેની આ કૂપન વ્યવસ્થા પણ ૨૦૧૨થી દાખલ કરી શકાય. અલબત્ત, આ આગવો ઓળખ નંબર આપવાની વ્યવસ્થામાં એ વ્યક્તિ ગરીબી રેખાની નીચે જીવતા પરિવારની સભ્ય છે કે નહીં તેને લગતી કોઇ માહિતી નહીં હોય. એ વધારાની માહિતી તો એ વ્યવસ્થામાં ઉમેરવાની થશે. આ ઉપરાંત, અત્યારે જેઓ ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે તેઓ આવતી કાલે એનાથી ઉપર પણ ઊઠી શકે

છે અને તે જ પ્રમાણે જેઓ ઉપર છે તેઓ નીચે પણ આવી શકે છે. એટલે થોડા થોડા સમયે એ માહિતી અપડેટ કરતા રહેવાની વ્યવસ્થા પણ ગોઠવવી પડશે.

પરંતુ અહીં એ પણ યાદ રાખવા જેવું છે કે કૂપન વ્યવસ્થા દાખલ કરવા માટે આ આગવી ઓળખ વ્યવસ્થા પૂરેપૂરી અમલમાં આવી જાય એની રાહ જોવાની પણ જરૂર નથી. કારણ કે અત્યારની વ્યવસ્થામાં પણ બીપીએલ અને એપીએલ કુટુંબોની યાદીઓ તો અસ્તિત્વ ધરાવે જ છે. આમ, કયા પરિવારો ગરીબી રેખાથી નીચે જીવી રહ્યા છે તેની માહિતી તો ઉપલબ્ધ છે જ. આ ઉપરાંત, આ યોજનાને સરળ રાખવા માટે ઘઉં અને ચોખા માટે અલગ અલગ કૂપનો આપવાને બદલે એ બન્ને થઈને કુલ જેટલા રૂપિયાની સબસીડી આપવાની થાય એટલા રૂપિયાની એક જ પ્રકારની કૂપનો આપવાનો રસ્તો પણ અપનાવી શકાય. અને એમાંથી ઘઉં કેટલા ખરીદવા અને ચોખા કેટલા ખરીદવા એ નિર્ણય જે તે કુટુંબ ઉપર છોડી શકાય. તેના આખરી સ્વરૂપમાં તો આ યોજનામાં સસ્તા અનાજની જુદી દુકાનો રાખવાની પણ કોઇ જરૂરિયાત નહીં રહેવી જોઇએ. અનાજ ખુલ્લા બજારમાં કોઇ પણ દુકાનમાં મળતું હશે અને બી.પી.એલ પરિવારો કૂપનની મદદથી એમની માસિક જરૂરિયાત મુજબનું અનાજ કોઇ પણ દુકાનેથી ખરીદી શકે એવી વ્યવસ્થા હશે.

આવી જ વ્યવસ્થા અન્ય પેદાશો માટેની સબસીડીઓ માટે પણ અપનાવી શકાય એમ છે. પેટ્રોલીયમ પેદાશોની સબસીડી માટે કિરીટ પરીખ કમિટીએ આવી દરખાસ્ત કરી જ છે. તે જ પ્રમાણે રાસાયણિક ખાતર માટેની સબસીડી માટે પણ આવી વ્યવસ્થા અપનાવી શકાય. ઉપર નોંધ્યું તેમ આ સબસીડી પાછળ વર્ષે રૂપિયા ૭૬ હજાર કરોડ જેટલો જંગી ખર્ચ થાય છે અને છતાં એમાંથી ખેડૂતોને, અને ખાસ કરીને નાના ખેડૂતોને, એનાથી ખાસ લાભ થતો નથી. એટલું જ નહીં, એમને જે ખાતર મળે છે એ પણ ઓછી ગુણવત્તાનું હોય છે. તેમજ એની કિંમત અને ઉપલબ્ધિ એ રીતની હોય છે કે તેમને જરૂરી ન હોય એવો ખાતરનો વધારે પડતો ઉપયોગ કરવાની ફરજ પડે છે. આ ઉપરાંત, આ સબસીડી માત્ર નાના ખેડૂતો પૂરતી જ મર્યાદિત નથી અને બધા ખેડૂતોને આપવામાં આવી રહી છે. જો આ વ્યવસ્થા સુધારવામાં આવે તો એની પાછળ અત્યારે જે ખર્ચ થાય છે તેમાંથી અડધો ખર્ચ કરીને પણ ગરીબ ખેડૂતોને વધારે સારી રીતે મદદ કરી શકાય એમ છે અને ખેતીની ગુણવત્તા અને ઉત્પાદકતા પણ ખાસ્સી વધારી શકાય તેમ છે.

જુલાઇ ૨૦૦૯ના બજેટ ભાષણમાં પણ નાણાંમંત્રીશ્રીએ ખાતરની ગુણવત્તાના આ સવાલનો ઉલ્લેખ કરેલો અને એમાં પોષકતત્ત્વ આધારિત સબસીડીની દિશામાં આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂકેલો. એ જ ભાષણમાં એથી આગળ વધીને એમણે સબસીડીની રકમ સીધે સીધી ખેડૂતોના હાથમાં આપવાની વાત પણ કરેલી. અનાજની જેમ રાસાયણિક ખાતર માટે પણ કૂપન વ્યવસ્થા અપનાવવામાં આવે તો એ સબસીડીની રકમ સીધે સીધી ખેડૂતોને આપવા માટેનું પગલું હશે. આ યોજના પાછળનો હેતુ તો એ જ હશે કે સરકાર રાસાયણિક ખાતરના ઉત્પાદકો સાથે કોઇ લેવા દેવા નહીં રાખે. કોઇપણ ઉત્પાદક કોઇ પણ પ્રકારના ખાતરનું ઉત્પાદન કરીને તે બજાર કિંમતે વેચવાને સ્વતંત્ર હશે. બીજી બાજુ ખેડૂતોને એમની પસંદગી માટેનું જે કોઇ માપદંડ નક્કી કરાય તેના આધારે ખાતર ખરીદવા માટેની કૂપનો આપવામાં આવશે, જેની મદદથી તેઓ બજારમાંથી ખાતર ખરીદી શકશે. અને દુકાનદારો એ કૂપનો સામે બેંકમાંથી પૈસા મેળવી શકશે.

ખાતર માટેની કૂપન યોજના અપનાવતા પહેલાં બીજા ઘણા અનુષાંગિક નિર્ણયો લેવા પડશે. સૌ પ્રથમ તો કોને કેટલી કૂપનો આપવી એનો નિર્ણય લેવો પડશે. : ૧) એક ઉપાય દરેક ખેડૂત પરિવારને સરખી રકમની કૂપન આપવાનો હોઇ શકે. એમાં નાના ખેડૂતોને એમની જરૂરિયાતની તુલનામાં વધારે સબસીડી મળશે, જ્યારે મોટા ખેડૂતોને ઓછી મળશે. ૨) બીજો ઉપાય જમીનના ક્ષેત્રફળને અનુરૂપ કૂપનો આપવાનો હોઇ શકે, જેમાં મોટાને વધારે અને નાનાને ઓછી સબસીડી મળે. ૩) ત્રીજો પ્રગતિશીલ ઉપાય મોટા ખેડૂતોને કોઇ સબસીડી નહીં આપતાં બધી સબસીડી નાના ખેડૂતો સુધી જ સીમિત રાખવાનો પણ અપનાવી શકાય.

જે કોઇ વ્યવસ્થા અપનાવવામાં આવે પરંતુ એ તમામમાં ખેડૂતોની કોઇને કોઇ પ્રકારની ઓળખ માટેની વ્યવસ્થા હોવી જરૂરી બનશે અને એમાં એની પાસે કેટલી જમીન છે એની પણ માહિતી હોવી જરૂરી બનશે. આમ, આ કૂપન વ્યવસ્થા અપનાવતા પહેલાં એને આગવા ઓળખ નંબરની વ્યવસ્થા સાથે તાલમેલમાં લાવવાની જરૂર પડશે, દરેક વ્યક્તિની આગવી ઓળખની સાથે એ બીપીએલ પરિવારની છે કે નહીં, એ ખેતી કરે છે કે નહીં અને ખેતી કરતી હોય તો ખેતીની કેટલી જમીન ધરાવે છે વગેરે માહિતી પણ એ વ્યવસ્થામાં સંગ્રહિત કરવી પડશે. એમ કરીશું તો જ જુદી જુદી યોજનાઓ માટે જુદા જુદા ડેટાબેઝ તૈયાર કરવાના દોહરાવમાંથી બચી શકાય.

આ વ્યવસ્થામાં એવા ફેરફારો પણ સહેલાઇથી કરી શકાશે કે જેનાથી લાંબે ગાળે જમીન માટે હાનિકારક હોય એવાં ખાતરોના ઉપયોગને

પ્રોત્સાહન નહીં મળે. એ માટે આપણે અલગ અલગ પ્રકારનાં ખાતરો માટે અલગ અલગ કૂપનો રાખી શકીએ અને એ દરેક પ્રકારના ખાતર માટે સબસીડીનું ધોરણ જુદું જુદું રાખી શકીએ અને એમ કરીને વ્યક્તિગત ઇન્સેન્ટીવ એવાં બનાવી શકાય, જે લાંબા ગાળાના સામાજિક ઉદ્દેશ્યોને અનુરૂપ હોય.

આ ઉપરાંત, જો ખેડૂતો આ કૂપનો વેચી દેવા માંગે તો એના પર પણ કોઇ રોક નહીં લગાવવી જોઇએ. જો કોઇ ખેડૂત તેને મળેલી કૂપનનો ઉપયોગ ખાતર ખરીદવાને બદલે ટેલિવિઝન ખરીદવા માટે કરવાનું પસંદ કરે તો એની એ પસંદગી સામે નારાજગી વ્યક્ત કરવાનો આપણને પૂરેપૂરો અધિકાર છે. પરંતુ એના પર રોક લગાવવાને રાજ્યની દંડશક્તિનો ઉપયોગ કરવો હિતાવહ નથી. આધુનિક બિહેવીયરલ અર્થશાસ્ત્ર આપણને એ શીખવાડે છે કે ઘણી પરિસ્થિતિઓમાં વ્યક્તિઓ આત્મનિયંત્રણના અભાવમાં કે જુદા જુદા સમયની પસંદગીઓ વચ્ચેની વિસંવાદિતા દૂર કરવાની અસમર્થતાને કારણે પોતાના જ લાંબાગાળાના હિતની વિરુદ્ધ કામ કરતી હોય છે અને એટલે એવા સમયે એમના જ હિતમાં એમની એ પસંદગી પર રોક લગાવી શકાય. આ વાત સાચી હોવા છતાં, આવી વ્યક્તિગત પસંદગીઓમાં બને ત્યાં સુધી સરકારી હસ્તક્ષેપ ઓછામાં ઓછો રાખવો જ ઇચ્છનીય છે. કારણ કે એનાથી સરકાર ખરેખર જે કરી શકે એમ હોય તેનાથી વધારે કરવાની પ્રવૃત્તિને જ ઉત્તેજન મળશે જે પછી બિનજરૂરી નોકરશાહી અને ભ્રષ્ટાચારને જ બઢાવો આપશે.

આ કૂપન વ્યવસ્થાથી ઘણા લાભ થઇ શકે એમ છે. ખાતરના ઉત્પાદન માટે એકથી વધારે કારખાનાંઓની ઉપલબ્ધિની સાથે જ ખેડૂતોને પોતે જેની પાસેથી ઇચ્છે તેની પાસેથી ખરીદી કરવાની સ્વતંત્રતા હોવાને કારણે ઓછી ગુણવત્તાનું ખાતર પેદા કરવાનું મહત્ત્વનું કારણ દૂર થઇ જશે. ખાતરની ગુણવત્તામાં અને એના પરિણામે ખેતીની ઉત્પાદકતામાં ઘણો મોટો સુધારો થયેલો જોવા મળશે. હાલની વ્યવસ્થામાં સરકારે કારખાનાંઓને ખાતરનું ઉત્પાદન કરવા માટે ખરેખર કેટલો ખર્ચ થાય છે એની સંકુલ ગણતરીઓ માંડવી પડે છે અને કારખાનાંઓ તો એમના પક્ષે એ ખર્ચ વધારેને વધારે થતો હોવાનું જ દેખાડવાની કોશિશ કરે છે. નવી કૂપન વ્યવસ્થામાં આવી કોઇ સંકુલ ગણતરીઓ કરવાની જરૂર નહીં રહે, કારણ કે સરકાર આ કારખાનાંઓને કોઇ સબસીડી નહીં આપશે અને તે જ પ્રમાણે તેની કિંમત પણ નક્કી નહીં કરશે.

આ નવી, સરળ વ્યવસ્થાના પરિણામે થશે એવું કે સરકાર ખાતર માટેની સબસીડીની કુલ રકમમાં મોટો ઘટાડો કરે - દા.ત. ૨૦ હજાર કરોડનો, તો ત્યાર પછી પણ ખેડૂતોને તો હાલ મળે છે તેના કરતાં વધારે સીધો લાભ મળશે અને ખેતીની ઉત્પાદકતા પણ વધશે.

**વહીવટી વિલંબ અને તેની કિંમત**

અન્ય વિકાસશીલ દેશો અને કેટલાક ઔદ્યોગિક દેશોની તુલનામાં પણ આપણા દેશને એક લાભ જે ઉપલબ્ધ છે તે આપણી લોકતાંત્રિક વ્યવસ્થા અને સ્વાયત્ત ન્યાયતંત્રની વ્યવસ્થાનો છે. એને કારણે આપણે વૈશ્વિક સ્તરે અગ્રગણ્ય સ્થાન મેળવી શક્યા છીએ. પરંતુ એની સાથે સાથે જ આપણે ત્યાં એક બીજી બાબત પણ જોવા મળે છે જે આપણા વિકાસમાં મોટી રૂકાવટ પેદા કરે છે. એ બાબત છે વહીવટી વિલંબની. આ બાબતે વૈશ્વિક સ્તરે જુદા જુદા દેશોમાં કેવી સ્થિતિ છે તેની તુલના કરી શકાય. એ માટે હવે નક્કર આંકડાઓ ઉપલબ્ધ છે. એટલે આ બાબતમાં અન્ય દેશોની તુલનામાં આપણે ક્યાં ઊભા છીએ તે સહેલાઇથી જાણી શકાય છે. ઉદ્યોગ-ધંધા કરવાની સહુલિયતની વાત કરીએ તો એમાં ભારતનો ક્રમ ૧૩૩મા સ્થાને આવે છે. સીંગાપોર પહેલા ક્રમે છે, મલેશિયા ૨૩મા અને ચીન ૮૯મા ક્રમે છે. તે જ પ્રમાણે કોઇ પણ કરાર (કોન્ટ્રાકટ)નો કાનૂની અમલ કરાવવા માટે આપણે ત્યાં ૧૪૨૦ જેટલા દિવસ લાગે છે. કોન્ટ્રાકટની જટિલતાઓને લીધે આવું થાય છે એવો બચાવ પણ લઇ શકાય એમ નથી, કારણ કે આવા જ કોન્ટ્રાકટોના અમલ માટે સીંગાપોરમાં માત્ર ૧૫૦ દિવસ લાગે છે, અમેરિકામાં ૩૦૦ અને ચીનમાં ૪૦૬ દિવસ લાગે છે (જુઓ કોઠો ૨). તે જ પ્રમાણે, ફડચામાં ગયેલા ઉદ્યોગને આટોપીને બંધ કરી દેવા માટે પણ સીંગાપોરમાં ૯ મહિના, અમેરિકામાં ૧૮ મહિના અને ચીનમાં ૨૦ મહિના લાગે છે, જ્યારે આપણે ત્યાં એમાં ૭ વર્ષ જેટલો સમય લાગે છે !

આ જ બાબતને બીજી રીતે જોવી હોય તો એમ કહી શકાય કે આ વહીવટી વિલંબ તો જમીન નીચે દટાયેલા કિંમતી સંસાધન જેવો છે, જેને દૂર કરીને આપણે ઘણો મોટો લાભ હાંસિલ કરી શકીએ એમ છીએ. માત્ર આ વિલંબ ઘટાડવાનાં જ પગલાં લઇએ તો પણ એનાથી એટલા મોટા પાયે શક્તિ છૂટી પડશે જે આપણી ઉત્પાદકતા અને વિકાસ અનેકગણો વધારી આપશે.

આ વહીવટીતંત્રોના વિલંબો માટે ઘણીવાર સરકારી અમલદારોની વધારે પડતી સંખ્યાને જવાબદાર માનવામાં આવે છે. પરંતુ વાત માત્ર સંખ્યાની નથી. આપણા જેવા સંકુલ અર્થતંત્રના નિયંત્રણ માટે અમલદારોની જરૂર તો પડવાની જ. ધબકતી બજાર વ્યવસ્થાવાળા દેશો

| ક્રમ | દેશ | ધંધો કરવાની સહુલિયત ક્રમ | નવો ધંધો શરૂ કરવામાં કેટલા દિવસો લાગે ? | કરારના કાનૂની અમલમાં કેટલા દિવસો લાગે ? | ફડચામાં ગયેલ ઉદ્યોગ બંધ કરવામાં કેટલાં વર્ષો લાગે ? | નિકાસ માટે કેટલા દિવસો લાગે ? |
|---|---|---|---|---|---|---|
| 1 | Brazil | 129 | 120 | 616 | 4 | 12 |
| 2 | Chile | 49 | 27 | 480 | 4.5 | 21 |
| 3 | China | 89 | 37 | 406 | 1.7 | 21 |
| 4 | India | 133 | 30 | 1,420 | 7 | 17 |
| 5 | Indonesia | 122 | 60 | 570 | 5.5 | 21 |
| 6 | Japan | 15 | 23 | 360 | 0.6 | 10 |
| 7 | Malaysia | 23 | 11 | 585 | 2.3 | 18 |
| 8 | Mexico | 51 | 13 | 415 | 1.8 | 14 |
| 9 | Pakistan | 85 | 20 | 976 | 2.8 | 22 |
| 10 | Russian Fed. | 120 | 30 | 281 | 3.8 | 36 |
| 11 | Singapore | 1 | 3 | 150 | 0.8 | 5 |
| 12 | Sri Lanka | 105 | 38 | 1,318 | 1.7 | 21 |
| 13 | Thailand | 12 | 32 | 479 | 2.7 | 14 |
| 14 | USA | 4 | 6 | 300 | 1.5 | 6 |

**કોઠો ૨ : ઉદ્યોગ ધંધા કરવાની સહુલિયત : દેશો વચ્ચેનો તફાવત**

**સ્ત્રોત : વિશ્વ બેંક , ડુઈંગ બિઝનેસ, ૨૦૧૦.**

જોડે સરખામણી કરીએ તો પણ આપણે ત્યાં નોકરશાહીનું કદ કંઇ વધારે પડતું મોટું હોવાનું જોવા નથી મળતું. આ ઉપરાંત આપણા વહીવટીતંત્રમાં ઘણી ક્ષમતાવાળી વ્યક્તિઓ પણ જોવા મળે છે, કારણ કે અધિકારીઓની પસંદગીની પ્રક્રિયા ખાસ્સી સ્પર્ધાત્મક છે. સમસ્યા વધારે સંખ્યાની નહીં, પરંતુ બીજી જ છે. ખાસ કરીને સરકારે શું કરવું અને શું નહીં કરવું તેની વિભાવનાની છે. સરકારે બધી સેવાઓ પોતે જ પૂરી પાડવી જોઇએ અને માત્ર સમર્થકારી ભૂમિકાથી સંતોષ નહીં માનવો જોઇએ એવી જે પ્રચલિત માન્યતા છે એની છે. આ ઉપરાંત, અંગ્રેજ શાસન કાળથી ચાલી આવેલા નિયમો, નિયંત્રણો અને પ્રક્રિયાઓ પણ છે, જેમાં ત્યાર પછી વધારે ને વધારે જટિલ પ્રક્રિયાઓ અને નિયંત્રણો ઉમેરાતાં જ રહ્યાં છે. પરિસ્થિતિ ટ્રાફિક જામ જેવી થઇ ગઇ છે જેમાં દરેક વ્યક્તિને આગળ વધવાની સલાહ આપવાનો કોઇ અર્થ નથી. જરૂરિયાત આ વ્યવસ્થાને જ સુધારવાની છે. જો સબસીડીને લગતી હાલની વ્યવસ્થા બદલવામાં આવે તો એ પોતે જ હાલની બિનકાર્યક્ષમ વ્યવસ્થાની નિરર્થક સંકુલતાઓના કામમાં જોતરાયેલા લોકોની શક્તિઓને છૂટી કરશે. તે જ પ્રમાણે કર વ્યવસ્થામાં પણ જે સુધારા સૂચવાઇ રહ્યા છે - ગુડ્સ અને સર્વિસ ટેક્ષ તેમજ સીધા કરવેરાના સુધારા આવી રહ્યા છે - તેનાથી પણ ઘણો મોટો ફરક પડશે. કર ઉઘરાવવાની કાર્યક્ષમતા તો વધશે જ, સાથે સાથે કર ભરવા માટેની પ્રક્રિયા પણ અત્યંત સરળ થશે.

અહીં ઉપર જે સિદ્ધાંતોની ચર્ચા કરી છે એને માટે નિકાસ ક્ષેત્ર ઘણું સારું ઉદાહરણ પૂરું પાડે છે. આ ક્ષેત્રે આપણે ઉત્તરોતર ઘણી સારી પ્રગતિ કરી છે. એ માટેની બુનિયાદ વર્ષો પહેલાં નાખી દેવામાં આવેલી. દા.ત. ૧૯૮૩ના બજેટ ભાષણમાં જ આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને નાણાંકીય વ્યવસ્થામાં પાયાના ફેરફારો કરવાની જરૂરિયાત પર ભાર મુકવામાં આવેલો. અત્યારે આપણે નિકાસમાં હજી બીજો મોટો વધારો થાય એવી સ્થિતિમાં પહોંચી ગયા છીએ. એ ઝડપથી હાંસિલ કરવા માટે સરકાર એકબીજા સાથે સંવાદિત એવી નીતિઓ અપનાવે એ જરૂરી છે. પરંતુ એક જ પાયાનું કામ કરવામાં આવે તો તે પોતે જ આપણી નિકાસને જબરજસ્ત બઢાવો આપી શકે તેમ છે. આ બાબત ગવર્નન્સને લગતી છે અને તેનું ઉદાહરણ ટેક્ષટાઇલ અને કપડાંની નિકાસમાં જોવા મળે છે. વૈશ્વિક સ્તરે ટેક્સટાઇલ અને કપડાંની નિકાસ ઘણા મોટા પાયે થઇ રહી છે. ૨૦૦૮ના વર્ષમાં વૈશ્વિક સ્તરે કુલ ૬૧૨ અબજ ડોલર જેટલી નિકાસ થયેલી, જેમાં ચીને એકલાએ જ ૧૮૫ અબજ ડોલર (૩૦ ટકા)ની નિકાસ કરેલી. એ જ વર્ષે

| ક્રમ | શહેરનું નામ | ધંધો કરવાની સહુલિયત ક્રમ | નવો ધંધો શરૂ કરવામાં કેટલા દિવસો લાગે ? | કરારના કાનૂની અમલમાં કેટલા દિવસો લાગે ? | ફડચામાં ગયેલ ઉદ્યોગ બંધ કરવામાં કેટલાં વર્ષો લાગે ? | નિકાસ માટે કેટલા દિવસો લાગે ? |
|---|---|---|---|---|---|---|
| 1 | Ludhiana | 1 | 33 | 862 | 7.3 | 21 |
| 2 | Hyderabad | 2 | 33 | 770 | 7 | 26 |
| 3 | Bhubaneshwar | 3 | 37 | 735 | 7.5 | 17 |
| 4 | Gurgaon | 4 | 33 | 1,163 | 7 | 25 |
| 5 | Ahmedabad | 5 | 35 | 1,295 | 6.8 | 17 |
| 6 | New Delhi | 6 | 32 | 900 | 7 | 25 |
| 7 | Jaipur | 7 | 31 | 1,033 | 9.1 | 22 |
| 8 | Guwahati | 8 | 38 | 600 | 8.3 | 22 |
| 9 | Ranchi | 9 | 38 | 985 | 8.5 | 21 |
| 10 | Mumbai | 10 | 30 | 1,420 | 7 | 17 |
| 11 | Indore | 11 | 32 | 990 | 8 | 21 |
| 12 | Noida | 12 | 30 | 970 | 8.7 | 25 |
| 13 | Bengaluru | 13 | 40 | 1,058 | 7.3 | 25 |
| 14 | Patna | 14 | 37 | 792 | 9.3 | 19 |
| 15 | Chennai | 15 | 34 | 877 | 7.5 | 25 |
| 16 | Kochi | 16 | 41 | 705 | 7.5 | 28 |
| 17 | Kolkata | 17 | 36 | 1,183 | 10.8 | 20 |

**કોઠો ૩ : ઉદ્યોગ ધંધા કરવાની સહુલિયત : ભારતનાં મુખ્ય શહેરો વચ્ચેનો તફાવત**

**સ્રોત : વિશ્વ બેંક , ડુઈંગ બિઝનેસ ઇન ઇન્ડિયા, ૨૦૧૦.**

ભારતે માત્ર ૨૧ અબજ (૩.૫ ટકા) ડોલરના ટેક્ષટાઈલ કપડાંની નિકાસ કરેલી. આપણાથી ઘણા નાના વિયેટનામે ૧૦.૬ અબજ ડોલરની નિકાસ કરેલી, એટલું જ નહીં, વૈશ્વિક નિકાસમાં તેનો હિસ્સો પણ ખૂબ ઝડપથી વધી રહ્યો છે. ૨૦૦૦માં તેનો હિસ્સો ૦.૬ ટકા જેટલો જ હતો, જે અત્યારે વધીને ૧.૭ ટકા જેટલો થઈ ગયો છે, જ્યારે ભારતની વાત કરીએ તો ૨૦૦૦માં એનો હિસ્સો ૩.૨ ટકા જેટલો હતો, જે ૨૦૦૬માં વધીને ૩.૫ ટકા જેટલો થયો અને ત્યારથી અત્યાર સુધી એ જ સ્તરે સ્થિર રહ્યો છે. આપણે ત્યાં સસ્તા મજૂરોની ઉપલબ્ધિ અને આવડત પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે એ જોતાં આ હિસ્સો સહેલાઈથી બમણાથી પણ વધારે કરી શકાય એમ છે.

કુદરતી રીતે લાભકારી સ્થિતિમાં હોવા છતાં આ ક્ષેત્રમાં આપણી કામગીરી આટલી નબળી રહી છે તેનાં ઘણાં કારણો છે. પૂરતી સુવિધાઓના અભાવને કારણે આપણાં બંદરો પરથી માલસામાન ચડાવવામાં ખાસ્સો સમય લાગે છે. ઘણીવાર તો માલસામાનને ફીડર વહાણોમાં બીજાં મોટાં બંદરો સુધી લઈ જવો પડે છે, જ્યાં પછી એને મોટાં જહાજોમાં ચડાવવામાં આવે છે. આ બધાને કારણે આપણે ત્યાંનાં કારખાનાંઓમાં તૈયાર થયેલાં કપડાંઓને ઔદ્યોગિક દેશોની દુકાનોમાં પહોંચતાં ખાસ્સો લાંબો સમય લાગે છે. ફેશન-આધારિત આ ઉદ્યોગમાં સમયની બહુ કિંમત છે અને આ એક જ બાબતમાં સુધારો કરીને પણ નિકાસ ઘણી વધારી શકાય એમ છે. આપણે આ ક્ષેત્રમાં સીધા વિદેશી મૂડીરોકાણ માટેનાં દ્વાર ખોલી દીધાં છે, એના પરિણામે આ ઉદ્યોગનું આધુનિકીકરણ કરવામાં તેમજ વૈશ્વિક ટેક્ષટાઈલ બજાર સાથે તેને સુસંગત કરવામાં મદદ મળશે. આ ઉદ્યોગ ખાસ્સો શ્રમ આધારિત છે અને મોટી સંખ્યામાં બહેનો તેમજ નબળા વર્ગના લોકોને રોજગારી પૂરી પાડે છે.

આમ, ટેક્ષટાઈલ અને કપડાંની નિકાસને પ્રોત્સાહન આપવાથી એ ગરીબી નિવારણ અને રોજગારી પેદા કરવાનો મહત્વનો કાર્યક્રમ બની શકે એમ છે. આપણે ત્યાં ટેક્ષટાઈલ અને કપડાંનું ક્ષેત્ર અત્યારે ૩.૫૦ કરોડ લોકોને રોજગારી પૂરી પાડે છે. અને ખેતી પછી રોજગારી પૂરી પાડતું મોટામાં મોટું ક્ષેત્ર એ છે. ખેતીમાં જેમ જેમ અર્થતંત્ર વિકસતું જાય, તેમ જીડીપીમાં એનો હિસ્સો ઓછો થતો જતો હોવાની ધારા જોવા મળે છે, આવી કોઈ ધારા ટેક્ષટાઈલના ક્ષેત્રમાં જોવા મળતી

નથી. આમ, આ ક્ષેત્રને વિકસાવીને ઓછા કૌશલ્યવાળા શ્રમિકોને મોટાપાયે રોજગારી પૂરી પાડી શકાય અને આપણા સંગઠિત ક્ષેત્રના ઉત્પાદનને પણ મોટાપાયે વધારી શકાય એમ છે.

**શ્રમ કાયદા, વેતન અને રોજગાર**

અનેક આંતરરાષ્ટ્રીય અભ્યાસો એ તારણ પર પહોંચ્યા છે કે આપણા દેશમાં શ્રમિકો માટેના કાયદાઓના માળખામાં કૂદકે ને ભૂસકે વિકાસ પામી રહેલા અર્થતંત્ર માટે જરૂરી એવા લચીલાપણાનો અભાવ છે. વધારે કામદારો ધરાવતા સંગઠિત ક્ષેત્રના મોટા ઉદ્યોગો માટે એકવાર કામદારોની ભરતી કરી દીધા પછી એમને છૂટા કરવાનું કે એમની સંખ્યા ઓછી કરવાની અત્યંત મુશ્કેલ (લગભગ અશક્ય જેવું જ) છે. પહેલી નજરે આ કાયદો શ્રમિકોનાં હિતમાં જણાય. પરંતુ, બીજી બાજુ એ પણ સ્પષ્ટ છે મોટાભાગના ઉદ્યોગમાલિકો એટલી તો દૂરદર્શિતા ધરાવતા જ હોવાના કે એકવાર મોટી સંખ્યામાં કામદારોની ભરતી કરી દેશે તો પાછળથી એમને સહેલાઈથી છૂટા નહીં કરી શકાય અને એટલે પહેલેથી જ ઉદ્યોગને નાનો જ રાખશે અને બાકીના કામદારોને છૂટક રાખવાનું કે કોન્ટ્રાકટર દ્વારા રાખવાનું પસંદ કરશે. આમ, ખરેખર તો ૧૯૪૭ના ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટમાં જરૂરી સુધારા કરવામાં આવે તો એને પરિણામે કામદારોની માંગમાં વધારો થવાની અને એ રીતે એમની સ્થિતિમાં સુધારો થવાની સંભાવના છે.

ઘણીવાર એવી દલીલ કરાય છે કે આ શ્રમ કાયદાઓ તો સંગઠિત ક્ષેત્રના કામદારોને જ લાગુ પડે છે અને આપણે ત્યાં એ ક્ષેત્ર એટલું તો નાનું છે કે એમાં સુધારા કરીએ કે ના કરીએ એનાથી મોટાભાગના કામદારોની સ્થિતિમાં કોઇ ખાસ ફરક નહીં પડે. પરંતુ, આની સામે એમ પણ કહી શકાય એમ છે કે આપણે ત્યાં સંગઠિત ક્ષેત્ર આટલું નાનું રહ્યું છે એનું એક અગત્યનું કારણ આ શ્રમ કાયદાઓની જડતામાં રહેલું છે અને સમય સાથે તાલ મિલાવીને તેમાં જરૂરી સુધારાઓ કરવામાં આવે તો તેના પરિણામે સંગઠિત શ્રેત્રમાં રોજગારી ઊભી કરવાની પ્રક્રિયાને પ્રોત્સાહન મળશે અને પરિણામે એ વધારે વિકાસ પામશે, જે કામદારોના હિતમાં જ હશે.


કામદારોની તાકાત વધારવાના બે રસ્તા છે - એક શ્રમ કાયદાઓમાં તેમને વધારે ને વધારે હક્કો આપતા જવાનો છે અને બીજો બજારમાં એમની માંગ વધે તેવી પરિસ્થિતિ પેદા કરવાનો છે, જેના પરિણામે તેમને વધારે સારા વેતન અને સુવિધાઓ મળી શકે. અત્યાર સુધી આપણે માત્ર પહેલા રસ્તા ઉપર જ પૂરેપૂરો મદાર રાખ્યો છે અને બીજા રસ્તા પર જોઇએ એટલું ધ્યાન આપ્યું નથી. હવે તો એ સમય પાકી જ ગયો છે કે અત્યાર સુધીના અનુભવો અને અભ્યાસોના આધારે આ કાયદાઓ અંગે પુખ્ત જાહેર ચર્ચા વિચારણા કરવામાં આવે અને એમાં સુધારા કરવાની જરૂર છે એ અંગે આમ સર્વસહમતિ સાધવામાં આવે.

**મોંઘવારી અને અન્નસુરક્ષા માટેના હસ્તક્ષેપો**

૨૦૦૯-૧૦ના વર્ષમાં આપણા સૌ માટે મોટામાં મોટી ચિંતા વધતી મોંઘવારીની રહી. આ વર્ષની મોંઘવારી કાંઇક જુદા જ પ્રકારની છે, જેમાં ખાદ્ય પેદાશોના ભાવ તો ખૂબ વધી ગયા, પરંતુ એ સિવાયની બીજી પેદાશોના ભાવો સ્થિર રહ્યા કે ઘટ્યા પણ ખરા. ખાદ્ય પેદાશોના વધતા ભાવની અસર બીજી પેદાશોના ભાવો ઉપર તો નહીં પડે ને એ જ સરકારની મુખ્ય ચિંતા હતી. પરંતુ અત્યાર સુધી તો એમ થયું નથી.

ખાદ્ય પેદાશોના જ ભાવ ખાસ્સા વધી રહ્યા હોય અને બીજી પેદાશોના ભાવ સ્થિર હોય કે ઘટતા હોય એવું ભાગ્યે જ જોવા મળતું હોય છે. દા.ત. ૧૯૭૩-૭૪ના વર્ષમાં અન્ન ક્ષેત્રમાં ૨૨.૭ ટકા જેટલી મોંઘવારી જોવા મળેલી, ત્યારે બીજી પેદાશોના ક્ષેત્રમાં પણ એનું પ્રમાણ ૩૬.૪ ટકા જેટલું હતું. તે જ પ્રમાણે ૧૯૮૦-૮૧માં અન્ન ક્ષેત્રમાં ૧૧.૪ ટકા અને બિન-અન્ન ક્ષેત્રમાં ૧૧.૯ ટકા મોંઘવારી જોવા મળેલી. ૧૯૮૬-૮૭માં એ મોંઘવારી અનુક્રમે ૧૦.૨ ટકા અને ૧૧.૪ ટકા હતી, તો ૧૯૯૧-૯૨માં તે ૨૦.૨ ટકા અને ૧૮ ટકા જેટલી હતી. એવી જ તરાહ બીજાં પણ અનેક વર્ષોમાં જોવા મળેલી. જ્યારે ૨૦૦૯-૧૦ના આ વર્ષમાં અન્ન ક્ષેત્રમાં સરેરાશ ૧૨.૬ ટકા જેટલી મોંઘવારી જોવા મળી છે, જ્યારે એ સિવાયનાં બાકીનાં ક્ષેત્રોની પેદાશોના ભાવોમાં તો સરેરાશ ૦.૪ ટકાનો ઘટાડો થયેલો જોવા મળ્યો. ૧૯૭૧થી લઇને અત્યાર સુધીના ત્રણ દાયકાના ઇતિહાસમાં આવું માત્ર બે જ વર્ષો (૧૯૯૨-૯૩ અને ૧૯૯૬-૯૭)માં જોવા મળેલું.

ખાદ્ય પેદાશોના ભાવ વધી રહ્યા હોય પરંતુ અન્ય પેદાશોના ભાવ સ્થિર રહેતા હોય કે ઘટી પણ રહ્યા હોય એવી આ પરિસ્થિતિ માટે મોંઘવારીને બદલે બીજો કોઇ શબ્દ વાપરવાની જરૂર છે. એ માટે આપણે મોંઘવારી (inflation) ને બદલે વિષમવારી (skewflation) શબ્દ વાપરીએ તો ખરેખર શું થઈ રહ્યું છે તેનો વધારે સારો ચિતાર મળી શકે. ખરેખર તો જુદા જુદા પ્રકારની મોંઘવારી (inflation) વચ્ચે વિભાવનાના સ્તરે પણ તફાવત કરવાની જરૂર છે, કારણ કે એ જુદા જુદા પ્રકારની મોંઘવારીને નાથવા માટે નીતિઓ પણ જુદી જુદી જ અપનાવવી પડશે. મોટાભાગના ઔદ્યોગિક દેશો હવે કેન્દ્રીય મોંઘવારી




**આકૃતિ - ૧ : અન્ન અને બિનઅન્ન ક્ષેત્રોની મોંઘવારીની તરાહ (WPI %)માં**

(core inflation)ને સામાન્ય મોંઘવારી (general inflation)થી અલગ પાડે છે અને આ કેન્દ્રીય મોંઘવારી વધી રહી છે કે નહીં તેના પર જ ખાસ ભાર આપે છે. કેન્દ્રીય મોંઘવારીમાં અન્ન અને પેટ્રોલિયમ પેદાશોને બાદ કરતા બાકીની અન્ય પેદાશોના ભાવ વધી રહ્યા છે કે નહીં તેને ધ્યાનમાં લેવામાં આવે છે. જ્યારે સામાન્ય મોંઘવારીમાં તો અન્ન અને પેટ્રોલિયમ પેદાશો સહિતની બધી પેદાશોના ભાવો ધ્યાનમાં લેવામાં આવે છે. આ દેશોમાં નીતિ નિર્ધારકો હવે આ કોર મોંઘવારી ઉપર જ વધારે ભાર મૂકે છે. તેનું કારણ એ છે કે અન્ન અને પેટ્રોલિયમ પેદાશોની બાબતમાં તો માંગ-પુરવઠાને લગતાં આંતરિક પરિબળોને કારણે પણ એમની કિંમતોમાં વારંવાર ચઢ-ઉતર થતી રહેતી હોય છે. એટલે એમના ભાવ વધી રહ્યા હોય એટલા માત્રથી અર્થતંત્રમાં વ્યાપક સ્તરે બધી પેદાશોની મોંઘવારી વધી રહી છે એવા નિષ્કર્ષ પર પહોંચીને વ્યાપક સ્તરે માંગ ઘટાડવાનાં (demand management) પગલાં લેવામાં આવે તો તેની ઘણી અવળી અસર પેદા થઈ શકે છે. એટલે જ આ બે પેદાશો સિવાય અન્ય પેદાશોની કિંમતો વધી રહી છે કે નહીં (કોર મોંઘવારી) તેના પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

ચાલુ વર્ષે (૨૦૦૯-૧૦માં) આપણે ત્યાં આવી પરિસ્થિતિ પેદા થઈ જેમાં અનાજના ભાવમાં તો ખૂબ વધારો થયેલો જોવા મળ્યો, પરંતુ એ સિવાયની પેદાશોની કેન્દ્રીય મોંઘવારીમાં ખાસ કોઈ વધારો નથી થયો. આ પરિસ્થિતિમાં આશાનું કિરણ એ જોવા મળે છે કે આવી સ્થિતિ બહુ લાંબા સમય સુધી ચાલુ નથી રહેતી. અને સરકાર અર્થતંત્રમાં વધારે પડતાં નાણાં વહેતાં કરવાની ઢીલી નાણાંકીય નીતિ ન અપનાવે તો અન્નક્ષેત્રના પોતાનાં આંતરિક કારણોસર જે ભાવો વધેલા હોય તે થોડા વખતમાં જ પાછા નીચે આવી જશે. જ્યારે ઢીલી નાણાંકીય નીતિને કારણે જે મોંઘવારી વધે તે લાંબા સમય સુધી ચાલુ રહેતી હોય છે.

આ વર્ષે અન્નક્ષેત્રમાં જે ભાવ વધારો થયો તે માટે મુખ્યત્વે ગયા વરસે ચોમાસું નિષ્ફળ જવાને પેદા થયેલી દુકાળની પરિસ્થિતિ જવાબદાર છે. એને કારણે આ વરસે અનાજનું ઉત્પાદન ઘટ્યું અને એ કારણે અનાજના ભાવ વધશે એ દહેશતને કારણે ભાવ ઓર વધ્યા. આ પરિસ્થિતિ હળવી કરવાને સરકારે ખાંડ અને ખાદ્યાન્નોની આયાત પરનાં નિયંત્રણો ઓછાં કરી દીધાં છે તેમજ ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાને તેની પાસે ઉપલબ્ધ ભંડારમાંથી ઘઉં અને ચોખા ખુલ્લાં બજારમાં છોડવાની સૂચના પણ આપી છે, જેથી ભાવો નીચા આવે.

આમ કરતી વખતે અનાજના ભંડાર ઊભા કરવાની અને પછી તેમાંથી બજારમાં અનાજ છૂટું કરવાની સરકારની નીતિઓની મર્યાદા છતી થઈ છે અને તેમાં ક્યા સુધારા કરવાની જરૂર છે તે પણ ધ્યાનમાં આવ્યું છે. ખેડૂતો પાસેથી અનાજ, ખાસ કરીને ઘઉં અને ચોખા, ટેકાના ભાવે વેચાતા લઈને એનો ભંડાર ઊભો કરવાની કામગીરી તો એકંદરે

સારી રીતે ચાલી રહી છે. પરંતુ પછી એ અનાજને બજારમાં છૂટું મૂકવાની નીતિમાં સુધારાને ઘણો અવકાશ છે. અનાજના ભંડાર ઊભા કરવા માટે સરકાર જુદા જુદા અનાજ માટેના ન્યૂનતમ ટેકાના ભાવ (Minimum Support Price) નક્કી કરે છે અને પછી એ ભાવે ખેડૂતો સરકારને જેટલું અનાજ વેચવા તૈયાર હોય તે બધું અનાજ તે ખરીદી લે છે. એની પાછળનો આશય એ જ છે કે જે વરસે અનાજનું વધારે ઉત્પાદન થયું હોય તે વરસે ખેડૂતો ન્યૂનતમ ટેકાના ભાવનો લાભ લઇને એ ભાવે સરકારને એ વધારાનું અનાજ વેચી શકશે. એને કારણે બજારમાં અનાજના ભાવ વધારે પડતા નીચે પડવામાંથી બચી જશે અને સાથે સાથે સરકાર પાસે અનાજના ભંડાર પણ તૈયાર થશે. પછી જે વર્ષે અનાજનું ઉત્પાદન ઓછું થયું હોય અને પરિણામે એના ભાવ વધારે પડતા વધવા માંડે ત્યારે સરકાર એની પાસેના આ ભંડારમાંથી અનાજ છૂટું કરીને બજારમાં મૂકી શકે છે અને એ રીતે તેના ભાવ વધારે પડતા ઊંચા જતા રોકી શકે છે. પરંતુ વર્ષો જતાં અનાજ છૂટું કરવાની આ નીતિમાં એક પ્રકારની જડતા આવી ગઇ છે, જેને કારણે આ કામ અસરકારક રીતે થઇ શકતું નથી. એમાં બે ઠેકાણે મોટી ભૂલો થાય છે.

પહેલી વાત એ છે કે સામાન્ય સંજોગોમાં ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એફ.સી.આઇ.)એ કેટલા અનાજનો ભંડાર અનામત રાખવો તે માટે સરકારે વિગતવાર નિયમો તૈયાર કરેલા છે, જેમાં બફર સ્ટોક તરીકે તેમજ સ્ટ્રેટેજિક રિઝર્વ કરીકે અનાજનો કેટલો જથ્થો રાખવો તે પહેલેથી નક્કી કરી દેવામાં આવ્યું છે. હવે મુશ્કેલી ત્યાં પેદા થાય છે કે આ નિયમોનું અર્થઘટન એ રીતે કરવામાં આવે છે કે અનાજનો આટલો જથ્થો તો એફ.સી.આઇ.એ હંમેશા સ્ટોકમાં રાખવાનો જ છે અને એને છૂટું નથી કરવાનો. પરિણામે અછતના સમયે અનાજના ભાવોને વધારે પડતા ઊંચા જતા અટકાવવામાં અનાજનો આ ભંડાર કોઇ કામમાં નથી આવતો અને એ રીતે એ ન હોવા બરાબર જ બની જાય છે. બીજી રીતે જોઇએ તો જો સરકાર હંમેશ માટે અનાજનો ન્યૂનતમ સ્ટોક રાખી મૂકવાને પ્રતિબદ્ધ હોય તો તે અનાજ એ બજારમાં ક્યારેય છૂટું નહી મૂકી શકે. વેપારીઓ અને સંગ્રહખોરો પણ આ વાત જાણતા જ હોવાના અને એટલે સરકાર અનાજ છૂટું કરીને ભાવો નીચા લાવી દેશે તો શું થશે એની ચિંતા કર્યા વગર સંગ્રહખોરી કરી શકશે. આમ, હંમેશ માટે અનાજનો ન્યૂનતમ જથ્થો રાખી મૂકવાની નીતિ, હકીકતમાં તો અનાજનો કોઇ જથ્થો નહીં રાખવાની નીતિ બરાબર જ છે. આમ, સૌ પ્રથમ તો સરકારે એ જાહેર કરવાની જરૂર છે કે જરૂર જણાયે તે તેની પાસે ઉપલબ્ધ ભંડારનું બધું અનાજ બજારમાં છૂટું કરી શકે છે અને એ માટે બફર સ્ટોકના ધોરણોનો ભંગ થશે તો તે પણ કરશે. બીજી બાબત અનાજ છૂટું કઇ રીતે કરવું તેને લગતી છે. એમ માની લઇએ કે કોઇ ચોક્કસ પરિસ્થિતિમાં સરકારે તેની પાસેના ભંડારમાંથી ૧૦,૦૦૦ ટન જેટલું અનાજ બજારમાં છૂટું મુકવાનું નક્કી કર્યું છે. એ કામ એ બે રીતે કરી શકે છે : ૧) એક એક હજાર ટનના ૧૦ બેચ પાડીને દરેક બેચને હરાજી દ્વારા દશ જુદા જુદા વેપારીઓ કે પેઢીઓને વેચી દેવો, અને ૨) એથી નાના નાના બેચ પાડીને તે અનેક નાના વેપારીઓને અથવા તો સીધે સીધા છૂટક ગ્રાહકોને વેચવો. એ તો સ્પષ્ટ છે કે પહેલી સ્થિતિમાં એ વધારાનું અનાજ થોડા જ વેપારીઓના હાથમાં આવી જશે જેને કારણે oligopolyની સ્થિતિ પેદા થશે અને પરિણામે બજારમાં અનાજના ભાવોમાં તાત્કાલિક ઘટાડો થતો જોવા નહીં મળે. જ્યારે બીજી સ્થિતિમાં એ અનાજ સીધું અનેક વેપારીઓ કે ગ્રાહકો સુધી પહોંચી જશે અને એને કારણે બજારમાં અનાજના ભાવમાં તાત્કાલિક ઘટાડો થતો જોવા મળશે. આમ, મોટા જથ્થામાં થોડી જ વ્યક્તિઓને અનાજ વેચવાને બદલે નાના નાના જથ્થામાં વધારે વ્યક્તિઓને વેચવાની નીતિ અપનાવવામાં આવે એનાથી ભાવોને વધારે કાર્યક્ષમ રીતે કાબુમાં લાવી શકાય એમ છે. જાન્યુઆરી ૨૦૧૦માં સરકારે આ રીતે નાના નાના બેચમાં અનાજ છૂટું કરેલું અને ત્યારે એને કારણે બજારમાં અનાજના ભાવમાં પણ તાત્કાલિક ઘટાડો થયેલો જોવા મળેલો.

ખરેખર તો એફ.સી.આઇ.એ ક્યા સંજોગોમાં કેટલું અનાજ કઇ રીતે છૂટું કરવું તે માટે એક સ્ટાન્ડર્ડ ઓપરેટીવ પ્રોસિજર (SOP) તૈયાર કરવાની જ જરૂર છે, જેમાં અમૂક પરિસ્થિતિ પેદા થતાંની સાથે જ એફ.સી.આઇ. સરકારના હૂકમની રાહ જોયા વગર જ અનાજ છૂટું મૂકવાની શરૂઆત કરી શકે. અનાજના ભાવ નિર્ધારિત માત્રાથી વધે કે અન્નક્ષેત્રની મોંઘવારી અને અન્ય પેદાશોની મોંઘવારી વચ્ચેનો તફાવત નિર્ધારિત માત્રાથી વધે કે તરત જ એફ.સી.આઇ. તેની પાસેના સ્ટોકમાંથી અનાજ છૂટું કરીને બજારમાં મૂકવા માંડે એવી એમાં જોગવાઇ કરી શકાય. આ ઉપરાંત, જે તે પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને વધારાનાં ચોક્કસ પગલાં લેવાની છૂટ પણ રહેશે જ. પરંતુ કેટલાંક ન્યૂનતમ પગલાં તો એવા ચોક્કસ હૂકમોની રાહ જોયા વગર જ તાત્કાલિક ધોરણે લઇ શકાવા જોઇએ. ■

***પ્રો. કૌશિક બાસુ ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર છે અને ઈકોનોમિક સર્વે ૨૦૦૯-૧૦ના મુખ્ય લેખક છે. ઉપરની નોંધ આ સર્વેના પ્રકરણ-૨માંથી સારવીને લીધી છે. સર્વેનો આખો રિપોર્ટ ભારત સરકારની http://indiabudget.nic.in/ વેબ સાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાય છે.***

***ભાવાનુવાદ : અંબરીષ મહેતા***

# ગુજરાતી અખબારો વિષેનાં કેટલાંક નિરીક્ષણો

**દિનેશ શુક્લ**

ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિએ શ્રી ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી - પત્રકારત્વ વ્યાખ્યાનમાળાના વર્ષ ૨૦૦૯-૨૦૧૦ ના વ્યાખ્યાતા તરીકે મારી વરણી કરી તે બદલ સૌ પ્રથમ હું સાહિત્ય પરિષદ અને તેની કાર્યવાહક સમિતિનો હાર્દિક આભાર માનું છું. ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠના પત્રકારત્વ વિભાગ તરફથી મારું આ વ્યાખ્યાન વિદ્યાપીઠમાં યોજવા બદલ સંમતિ આપી તે માટે વિદ્યાપીઠ અને તેના પત્રકારત્વ વિભાગના વડાનો પણ આભાર માનું છું. પત્રકારત્વ એ મારા અભ્યાસનો વિષય નથી પણ રસનો વિષય જરૂર છે, એટલો ખુલાસો મારે આરંભમાં કરવો જોઇએ. મારાં અભ્યાસ, અધ્યાપન અને અધ્યયનનો વિષય રાજ્યશાસ્ત્ર, પણ વિશેષ કરીને ભારતીય રાજકારણ અને બંધારણ છે. એ નાતે પત્રકારત્વની ગતિવિધિઓમાં રસ પડે તે સ્વાભાવિક છે.

પત્રકારત્વ વિષયનો વ્યાપ અત્યંત વિશાળ છે. જેને આજે આપણે સમૂહ-માધ્યમો 'માસ મિડિયા' તરીકે ઓળખીએ છીએ, તેમાં પ્રિન્ટ મિડિયા અને ઇલેક્ટ્રોનિક મિડિયાનાં વિવિધ સ્વરૂપોનો સમાવેશ થાય છે. માહિતી, જ્ઞાન અને વિચારોની આપલેના એક અત્યંત મહત્ત્વના માધ્યમ તરીકે કમ્પ્યુટર અને ઇન્ટરનેટનો પણ તેમાં સમાવેશ થાય. એક પ્રભાવશાળી માધ્યમ તરીકે ફિલ્મ અને ટેલિવિઝનનો પણ ઉલ્લેખ કરવો જોઇએ. આટલા વિશાળ વ્યાપ ધરાવતા આ વિષય વિષે વાત કરવા હું સક્ષમ છું, એવું હું માનતો નથી. હું મારા વ્યાખ્યાનને ઠીક ઠીક પ્રમાણમાં સીમિત રાખવા માગું છું. ગુજરાતના પત્રકારત્વ, ખાસ કરીને ગુજરાતી અખબારો વિષેનાં કેટલાંક નિરીક્ષણો અત્રે રજૂ કરવાનો મારો ઉપક્રમ છે. વ્યવસ્થિત અભ્યાસ કરીને તારવેલાં આ નિરીક્ષણો નથી, પણ અખબારોના એક વાચક અને નિરીક્ષક તરીકે મને જે કંઇ સૂઝ્યું. તે નિરીક્ષણો રૂપે રજૂ કરવાનો આ પ્રયાસ છે. આવાં નિરીક્ષણો થોડાંક ઉપલકિયાં અને આત્મલક્ષી હોય તે સમજી શકાય તેમ છે.

'પ્રેસ' અથવા સંચારમાધ્યમોને લોકશાહીમાં ચોથી જાગીર ગણવામાં આવે છે. ઉદારમતવાદી લોકશાહીના ત્રણ સ્તંભો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર સાથે એક ચોથા સ્તંભ તરીકે અખબારોની ગણના થાય છે. મુક્ત અખબારો અને ન્યુઝ ચેનલો લોકશાહીમાં નાગરિકો વતી સરકાર પર ચોંપ રાખે એવી અપેક્ષા રાખવામાં આવે છે. ભારતના બંધારણમાં નાગરિકોને જે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવામાં આવી છે, તે અખબારોને પણ લાગુ પડે છે. જેને 'પ્રેસ ફ્રિડમ'(અખબારી સ્વાતંત્ર્ય) કહેવામાં આવે છે, તેનો સમાવેશ વાણી-અભિવ્યક્તિની આ સ્વતંત્રતામાં થઇ જાય છે. આ સ્વતંત્રતા પર ખુદ બંધારણમાં જે મર્યાદાઓ મૂકવામાં આવી છે, તેને અધિન રહીને અખબારોએ આ સ્વતંત્રતા ભોગવવાની છે. પણ આ અખબારી સ્વાતંત્ર્ય એટલે કોનું સ્વાતંત્ર્ય? અખબારના માલિકનું સ્વાતંત્ર્ય? તંત્રી કે પત્રકારોનું સ્વાતંત્ર્ય? - એ પાછો વિવાદનો મુદ્દો બને છે.

ભારતના અને ખાસ તો ગુજરાતના પત્રકારત્વના ઇતિહાસ વિષે આપણે ત્યાં ઠીક ઠીક પ્રમાણમાં ગુજરાતીમાં લખાયું છે. પત્રકારત્વ ક્યા ક્યા તબક્કાઓમાંથી પસાર થયું, દરેક તબક્કાની ખાસિયતો કઇ હતી, જે તે સમયની જરૂરિયાતો તેણે કેટલા પ્રમાણમાં સંતોષી વગેરેનાં લેખાંજોખાં આ પુસ્તકોમાં ઉપલબ્ધ છે. એ ઉપરાંત સારા એવા પ્રમાણમાં સંશોધનાત્મક અભ્યાસલેખો પણ લખાયા છે અને લખાતા રહે છે.

સાક્ષરતા અને શિક્ષણનું પ્રમાણ વધે તેમ અખબારોની સંખ્યા અને તેમનો ફેલાવો પણ વધે, તે સમજી શકાય તેમ છે. કેવળ દૈનિક અખબારોની જ વાત કરીએ તો એપ્રિલ ૨૦૦૮માં ગુજરાતી દૈનિકોની સંખ્યા ૩૧૨ જેટલી હતી. દરેક અખબાર પોતાનો ફેલાવો વધારે છે, એવું બતાવવાનો પ્રયાસ કરે છે, એટલે આ બધા અખબારોનો કુલ ફેલાવો કેટલો અને તેના વાચકો કેટલા એના ચોક્કસ આંકડા આપવા મુશ્કેલ છે. એક દૈનિક સરેરાશ ચાર-પાંચ વ્યક્તિઓ વાંચતી હશે એવું સાદું ગણિત મૂકીએ તો ગુજરાતમાં દૈનિક અખબારોના વાચકોનો અડસટ્ટે આંકડો દોઢેક કરોડને આંબી જાય!

ગુજરાતી અખબારો વિષે મારાં જે કેટલાંક નિરીક્ષણો છે, તે નીચે મુજબ છેઃ

૧૯મી સદીના ઉત્તરાર્ધ અને ૨૦મી સદીના પૂર્વાર્ધ વખતની સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન ગુજરાતી અખબારો કોઇ ચોક્કસ ધ્યેય અથવા ઉદ્દેશ ધરાવતા હતા, બીજા શબ્દોમાં તેઓ કોઇ ઉચ્ચ 'મિશન'થી પ્રેરિત થયેલા હતા. ૧૯મી સદીમાં સમાજસુધારા (ત્યારે સંસારસુધારો શબ્દ વધુ પ્રચલિત હતો) એ તેમનું મુખ્ય મિશન હતું. સમાચારોની અને ખાસ લેખોની પસંદગીમાં એ પ્રત્યે ખાસ ધ્યાનમાં આવતું હતું. ૧૯મી સદીના છેલ્લા દાયકાઓ અને સ્વાતંત્ર્ય લડતના સમગ્ર ગાળા દરમિયાન રાષ્ટ્રીય આઝાદી મુખ્ય પ્રેરકબળ હતું. દેશભક્તિ અને રાષ્ટ્રીય ભાવના ઉજાગર કરે એવા સમાચારો અને લેખોને જ પ્રાધાન્ય આપવામાં આવતું હતું.

સ્વાતંત્ર્ય લડતની અનેક ચળવળો અને સત્યાગ્રહોના સમાચાર મોટા પ્રમાણમાં આપવામાં આવતા હતા. ગુજરાતમાં સમાજસુધારા અને રાષ્ટ્રીય મુક્તિ આંદોલનને સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં ત્યારના અખબારોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તેની તુલનામાં આજે, ખાસ કરીને ૨૦૦૧ પછી અખબાર મુખ્યત્વે કરીને એક ધંધો અથવા બિઝનેસ બન્યું છે. બજારમાં જેમ કોઇ વસ્તુ તેની બ્રાન્ડથી વેચાય તેમ અખબારને એક બ્રાન્ડ પ્રોડક્ટ બનાવવામાં આવી રહ્યું છે. વસ્તુના વેચાણ માટે જેમ આકર્ષક પેકેજિંગ જોઇએ તેમ અખબાર પણ આકર્ષક પેકેજિંગથી વેચાય એવું માનવામાં આવે છે.

અખબારોની ઓફિસોમાં તંત્રી વિભાગનું એક વિશેષ મહત્ત્વ હોય છે, પણ આજે તંત્રી વિભાગ કરતાં જાહેર ખબર વિભાગ અને સરક્યુલેશન (રવાનગી) વિભાગનું મહત્ત્વ વધ્યું છે. મોટા ભાગનાં અખબારો વેચાણમાંથી થતી આવક કરતાં જાહેર ખબર દ્વારા થતી આવક પર નભતાં હોય છે. ક્યારેક તો અખબારોમાં છપાતા સમાચારો ખરેખર સમાચાર છે કે ‘જાહેર ખબર’ તેનો ભેદ પારખવો મુશ્કેલ બની જાય છે. જાહેર ખબર જ્યારે ‘સમાચાર’ સ્વરૂપે વાચકો સમક્ષ રજૂ થાય ત્યારે તેને સમાચાર માની તે સાચા હશે એવું લોકો માની લેતા હોય છે. ખરેખર તો, આ જાહેર ખબર છે, એવી સ્પષ્ટ નોંધ મૂકવી જોઇએ, પણ એવું ઘણી વાર થતું નથી. અખબારમાં જાહેર ખબરો અને સમાચારોનો અમુક રેશિયો હોવો જોઇએ. એની માર્ગદર્શક રેખાઓ પ્રેસ કાઉન્સિલ તરફથી બહાર પાડવામાં આવી છે. સમાન્ય રીતે આ પ્રમાણ ૬૦:૪૦ એટલે કે ૬૦ ટકા સમાચારો અને ૪૦ ટકા જાહેર ખબરો, એમ હોવું જોઇએ. પણ આનું પાલન ઓછું અને ભંગ વધારે થાય છે. ક્યારેક તો આખાં ને આખાં પાનાં ભરીને ફોટા સાથે જાહેર ખબરો છાપવામાં આવે છે. ક્યારેક તો સમાચાર ખોળવા માટે ઉપરા ઉપરી પાનાં ઊથલાવવાં પડે ત્યારે માંડ ક્યાંક નાના-ટચૂકડા સમાચાર વાંચવા મળે. નવરાત્રિ, દશેરા, દિવાળી વગેરે તહેવારો ક્યારે આવે છે, તે જાણવા માટે કેલેન્ડર કે પંચાગ ખોલવાની જરૂર નથી. અખબારોનાં પહેલાં અને છેલ્લાં પાનાં જાહેર ખબરોથી ભરાવા લાગે તો જાણવું કે દિવાળી નજીકમાં જ છે. કેટલાક અખબારો પોતાની જાહેરાત પોતાના જ અખબારમાં કરે છે, તેની પાછળનો તર્ક સમજાતો નથી. કદાચ હરીફ અખબાર તમારી જાહેર ખબર ન છાપે, તેથી તમારા પોતાના જ અખબારમાં જાહેર ખબર છાપીને સંતોષ માનવો પડે છે.

સમાચારો એકત્ર કરવા, તેમનું વર્ગીકરણ કરવું, તેમને પાના પર યોગ્ય શીર્ષકો સાથે છાપવા એ અખબારોનું મુખ્ય કાર્ય છે. આપણે સામાન્ય વાચકો સમાચાર જાણવા માટે અખબારો વાંચીએ છીએ. શહેર, ગામ-તાલુકા-જિલ્લા-રાજ્ય અને દેશમાં શું બને છે, તે જાણવા અખબારો વાંચીએ છીએ. સમાચારોની પસંદગીમાં કોને અગ્રિમતા આપવી અને કોને નહીં, એ આમ તો તંત્રીનો વિશેષાધિકાર ગણાય પણ એનાં કેટલાંક અલિખિત ધોરણોનું પાલન થાય એ જરૂરી છે. સામાન્ય રીતે બહુજન સમાજને સ્પર્શતા સમાચારોને પ્રાધાન્ય આપવું જોઇએ, પણ ઘણી વાર એવું બનતું નથી. ક્રિકેટની ટીમમાંથી અમુક ખેલાડીને બાકાત કરવામાં આવ્યો, અથવા અમુક ફિલ્મમાંથી અમુક અભિનેત્રીને પડતી મૂકવામાં આવી એવા સમાચાર સાથે સામાન્ય લોકોને કોઇ લેવાદેવા નથી. જ્યારે આવા સમાચાર મોટા મથાળા હેઠળ છપાય એ જાગૃત અને સંવેદનશીલ વાચકને ખટકયા વિના ન રહે.

સમાજમાં ઘણું બધું બનતું હોય છે, તેમાં સારું અને નરસું બન્નેનો સમાવેશ થાય છે. પણ આપણાં અખબારો ખંડનાત્મક સનસનાટીભર્યા સમાચારોને વધુ પ્રાધાન્ય આપે છે. સારા હકારાત્મક સમાચારોને ઝાઝું પ્રાધાન્ય આપવામાં આવતું નથી. ગેન્ગરેપ, નાનાં બાળકો-બાળકીઓ સાથેનાં દુષ્કૃત્યોના સમાચાર મીઠું-મરચું ભભરાવીને, સુરુચિનો ભંગ થાય એ રીતે છાપવામાં આવે છે. ચારેકોર સમાજમાં બધું ખરાબ બની રહ્યું છે, એવી એક છાપ ઊભી થાય છે. એને કારણે લોકોનાં મનમાં નકારાત્મક વલણ અને ‘સિનિસિઝમ’ પેદા થાય છે. આપણી આજુબાજુ ઘણું બધું સારું હકારાત્મક બનતું હોય છે, પણ તે અખબારોમાં આવતું નહીં હોવાથી તે તરફ આપણું ધ્યાન જતું નથી.

અખબારો વાચકોની રસરુચિ કેળવવાનું કામ કરે છે એવું આપણે ત્યાં કહેવામાં આવે છે. આ રસરુચિ એ આત્મલક્ષી ખ્યાલ છે અને સમયાંતરે તેમાં ફેરફાર થતો રહે છે. અખબારોના માલિકો-તંત્રીઓ ઘણી વાર કહેતા હોય છે કે અમે તો વાચકોને ગમે તેવું પીરસીએ છીએ. એનાથી એમનાં રસરુચિ કેળવાતાં હોય તો ઠીક છે, બાકી અમે તેનો કોઇ ઠેકો લીધો નથી. અભિનેત્રીઓ અને ટેનિસ ખેલાડીઓના અર્ધનગ્ન ફોટાઓ છાપવામાં જાણે કે હરીફાઇ ચાલતી હોય ત્યાં વાચકોની કઇ રસ-રુચિ કેળવાતી હશે, એ તો અખબારોના માલિકો અને તંત્રીઓ જાણે! બે ત્રણ અર્ધનગ્ન ફોટાઓ વિના જાણે કે અખબાર અધૂરું રહેતું ન હોય!

ગુજરાતી અખબારો કહેવાય ‘ગુજરાતનાં’ અખબારો પણ તેમાં તમને સમગ્ર ગુજરાતના સમાચાર જાણવા ભાગ્યે જ મળે! ગુજરાતનાં મુખ્ય જાણીતાં અખબારોએ ગુજરાતના જુદા જુદા વિભાગોનાં મુખ્ય શહેરોમાંથી અખબારો કાઢવાં શરૂ કર્યાં છે. અમદાવાદમાંથી પ્રગટ થતા અખબારમાં તમને મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્ર કે કચ્છના સમાચાર વાંચવા ન મળે, સિવાય કે મોટો અકસ્માત થયો હોય કે

કોઇ કુદરતી આપત્તિ આવી હોય, અથવા તો ભારે સનસનાટીભરી કોઇ ઘટના બની હોય. પરિણામે અમદાવાદના વાચકને નડિયાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, કે ભૂજમાં શું બની રહ્યું છે કે શું ચાલી રહ્યું છે, તેના સમાચાર વાંચવા ન મળે. બીજા શબ્દોમાં ગુજરાતી અખબારી આલમ જુદા જુદા ઉપપ્રદેશોમાં વહેંચાઇ ગઇ છે. ગુજરાતના અખબારોનું ઉપપ્રાદેશિકીકરણ થયું છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આંગળીને વેઢે ગણાય એવા અખબારોમાં તમને સમગ્ર ગુજરાતના જુદા જુદા જિલ્લા કે તાલુકામથકોના સમાચાર જાણવા મળે, જેમકે અમદાવાદથી તૈયાર થતા 'ગુજરાત ટુ ડે' અને અમેરિકા અને કેનેડામાં પ્રકાશિત થતા 'ગુજરાત ટાઇમ્સ'માં તમને આખા ગુજરાતના સમાચાર વાંચવા મળે પણ ગુજરાત ટાઇમ્સ તમને ગુજરાતમાં વાંચવા ન મળે. તમે અમેરિકા કે કેનેડામાં રહેતા હો તો આખા ગુજરાતના સમાચાર વાંચી શકો. આમ, ગુજરાતનાં મુખ્ય અખબારોએ ગુજરાતને જુદાજુદા ભૌગોલિક વિભાગોમાં જાણે કે વહેંચી નાંખ્યું છે!

ગુજરાતના બીજા વિસ્તાર અથવા તમે જે મોટા શહેરમાં રહેતા હો એ સિવાયના બીજા વિસ્તારો કે શહેરોના સમાચાર તમે જે શહેરમાં રહેતા હો તેમાં જાણવા મળતા ન હોય ત્યાં દેશનાં બીજાં રાજ્યોમાં બનતા સમાચારોની તો વાત જ ક્યાં? ધરતીકંપ, નદીઓનાં પૂર કે વાવાઝોડા જેવી કુદરતી આપત્તિના સમાચાર વાંચવા મળે કે મોટી રાજકીય ઊથલપાથલના સમાચાર વાંચવા મળે, બાકી નહીં. આપણાં ઉત્તર પૂર્વનાં રાજ્યો, દક્ષિણનાં રાજ્યો, અથવા ગાઢ જંગલો ધરાવતાં રાજ્યો જેવાં કે ઝારખંડ, છત્તીસગઢ, ઓરિસ્સા વગેરેના સમાચાર ભાગ્યે જ જાણવા મળે.

જો આપણા જ દેશનાં આ રાજ્યોના સમાચારની આ સ્થિતિ હોય ત્યાં વિદેશોના સમાચારોની તો વાત જ ક્યાં? લેટિન અમેરિકા, આફ્રિકા, દૂર પૂર્વના દેશો, પૂર્વ યુરોપના દેશો કે ચીન-રશિયા જેવા દેશોમાં શું ચાલી રહ્યું છે, તેની આપણા સરેરાશ ગુજરાતી વાચકને ભાગ્યે જ કશી ખબર હોય છે. દુનિયાના નકશામાં આ દેશો કયાં આવેલા છે, તેનું સામાન્ય જ્ઞાન પણ આપણો સરેરાશ વાચક ધરાવતો હશે કે કેમ, એવો પ્રશ્ન ઊભો થાય તે સ્વાભાવિક છે. વિદેશોના મહત્ત્વના સમાચારો જ જો ગુજરાતી અખબારોમાં છપાતા ન હોય તો ત્યાં બનતી મહત્ત્વની ઘટનાઓના અભ્યાસપૂર્ણ વિશ્લેષણાત્મક લેખોની તો વાત જ ક્યાં? જે કંઇ લેખો છપાય છે, તેમાં માહિતીનું પ્રમાણ વધારે હોય છે, આલોચનાત્મક પૃથક્કરણ (ક્રિટિકલ એનાલિસિસ)નું પ્રમાણ અત્યંત નહીંવત્ હોય છે. ગુજરાતનાં જાણીતા મુખ્ય અખબારો માત્ર સમાચાર આપતાં વૃતપત્રો નથી રહ્યાં, પણ 'સામયિકો' બન્યાં છે. દરરોજ કોઇ ને કોઇ ખાસ વિષયની પૂર્તિ આ અખબારોની સાથે પ્રગટ થાય છે. વિજ્ઞાન, આરોગ્ય, બાળકો, મહિલાઓ, જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર વગેરે વિષયો પર ખાસ પૂર્તિઓ અખબારો પ્રકાશિત કરે છે. જુદા જુદા વિષયોની પૂર્તિથી કુટુંબના બધા સભ્યોની જરૂરિયાતો સંતોષાય છે. કુટુંબે જુદા જુદા વિષયોનાં ખાસ સામયિકો ખરીદવાની જરૂર રહેતી નથી. આ પૂર્તિઓને કારણે વિવિધ વિષયોનાં સામયિકોને અસર થઇ છે.

વાચકોના પત્રો, અભિપ્રાયો - બીજા શબ્દોમાં ચર્ચાપત્રીઓના પત્રો છાપવામાં ગુજરાતી અખબારો કંજૂસ હોય એવું લાગે છે. જે અખબારોમાં વાચકોના પત્રો છપાય છે, તેમાં પણ પૂરતા પ્રમાણમાં જગા ફાળવવામાં આવતી નથી. તંત્રીપાના પરથી કશુંક મેટર કોઇ કારણસર કાઢી નાંખવું પડે તો સૌથી પહેલી કાતર વાચકોના પત્રો પર ફેરવવામાં આવે છે. વાચકોના પત્રો એ અખબાર અને વાચકો વચ્ચે સેતુની ગરજ સારે છે, એવું આપણા કેટલાક અખબારો માનતાં હોય એવું લાગતું નથી. 'તમારી મરજીનું અખબાર' એવી ધમાકેદાર જાહેરાત સાથે શરૂ થયેલા ગુજરાતના એક માતબર અખબારે તો ચર્ચાપત્રીઓના પત્રો છાપવાનું જ બંધ કરી દીધું છે. ચર્ચાપત્રીઓના પત્રોને અખબારોમાં યોગ્ય સ્થાન મળવું જોઇએ, એની હિમાયત કરતી ચર્ચાપત્રી પરિષદ ગુજરાતમાં સ્થપાઇ છે, એ બતાવે છે કે ચર્ચાપત્રીઓએ સંગઠિત થઇને એક પ્રકારનું લોબિઇંગ કરવું પડે છે.

ગુજરાતના એક જાણીતા અખબારે પોતાનો ફેલાવો વધારવા માટે ભેટકૂપનો છાપવાનું શરૂ કર્યું, એની દેખાદેખીથી ગુજરાતના બીજા મોટા અખબારોએ પણ તેને અનુસરવું પડયું છે. શરૂઆતમાં આ કૂપનોની સમયાવધિ એક મહિના -૩૦ દિવસ- ની હતી. ત્રીસ કૂપનો કાપીને સાચવી રાખીને, જ્યારે તેનું ફોર્મ છપાય ત્યારે તેમાં ચોંટાડીને નક્કી કરેલાં કેન્દ્રો પર આપી આવો તો તમને કશીક ભેટ મળે. ઉત્તરોત્તર તેની સમયાવધિ વધતી ગઇ છે. બે-અઢી મહિના સુધી કૂપનો કાપો, સાચવી રાખો, ચોંટાડીને આપો ત્યારે તમને ભેટ મળે. કેટલાંક કુટુંબોમાં તો અખબાર વાંચતા પહેલાં જ કૂપન કાપી લેવામાં આવે છે, જેથી ભૂલી ન જવાય! ભેટકૂપનો શરૂ કર્યા પછી અખબારોનો ફેલાવો વધ્યો કે વાંચકો વધ્યા એ આપણે જાણતા નથી, પણ ભેટ તરીકે અપાતી જુદીજુદી ઘરવપરાશની વસ્તુઓની ખપત વધી હશે, એટલું તો આપણે જરૂર કહી શકીએ!

અખબાર જો એક પ્રોડક્ટ બન્યું હોય તો તે વધારે વેચાય અને તો તેને વધારે જાહેર ખબર મળે, તે માટે તેનું વ્યવસ્થિત પદ્ધતિસરનું માર્કેટિંગ કરવું પડે. ક્યારેક તો સમાચારો કરતાં માર્કેટિંગ પર વધુ ધ્યાન અપાતું હોય એવું લાગે છે. એ માટે અખબારોએ માર્કેટિંગની નવી નવી તરકીબો

શોધી કાઢી છે. કોઇ એક ઘટના કે મુદ્દા વિષે જાણીતી વ્યક્તિઓના ચાર-પાંચ લીટીઓમાં અભિપ્રાય મેળવવામાં આવે તે પછી ફોટા સાથે અખબારોમાં છપાય. અમુક ચોક્કસ જ્ઞાતિ કે સમુદાયની કેટલીક અગ્રણી વ્યક્તિઓના ફોટા છપાય અને તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવે, એ માટે સમૃદ્ધ કે સંપન્ન જ્ઞાતિ કે સમુદાયની પસંદગી કરવામાં આવે, એ ઉમેરવાની જરૂર નથી. કોઇ ચોક્કસ વય ધરાવતી વ્યક્તિઓના ખાસ કાર્યક્રમો યોજાય અને ત્યાર બાદ તેમના ફોટા સાથે અભિપ્રાયો છપાય. અમુક ચોક્કસ વિસ્તારના પ્રશ્નો વિષે જાહેરમાં ચર્ચા ગોઠવવામાં આવે, તેમાં સરકારી અધિકારીઓ, ધારાસભ્યો, મ્યુનિ. કોર્પોરેટરો અને અધિકારીઓને હાજર રહેવાનું આમંત્રણ પાઠવવામાં આવે. તેમાં નાગરિકો પોતાની રજૂઆત કરે અને લાગતા વળગતા અધિકારીઓ તરફથી ઘટતું કરવાની જાહેરાતો કરવામાં આવે. બીજે દિવસે આ બધું અખબારમાં ફોટા સાથે છપાય. જન્મદિવસ મુબારક કે ૭૫ વર્ષ પૂરાં કરનારા વરિષ્ઠ નાગરિકોના ફોટા સાથે અભિનંદનો પાઠવવામાં આવે. આમ તો આ બધી નિર્દોષ પ્રવૃત્તિઓ ગણાય, પણ સાથે સાથે જે તે અખબારનું વિના ખર્ચે માર્કેટિંગ થાય. આજે અખબારમાં ફોટા સાથે નામ છપાય, તેનું ઘણું મૂલ્ય આપણા સમાજમાં છે. ફોટા છપાય તે દિવસે મિત્રો-સગાંસંબંધીઓના ફોન આવે, આજે તમારો ફોટો ફલાણા અખબારમાં જોયો! આપણા સમાજમાં પ્રસિદ્ધિની જે ઝંખના છે, તેનો ઉપયોગ અખબારો પોતાના માર્કેટિંગમાં કરે છે.

ઘણી વાર અખબારો અને ખાસ તો ટીવી ન્યૂઝચેનલો અદાલતોનું કામ કરે છે, જેને ટ્રાયલ બાય મિડિયા કહેવામાં આવે છે. અદાલતોનું કામ આરોપીઓ સામે કામ ચલાવી, તેમને ગુનેગાર ઠેરવી સજા કરવાનું છે. જેમાં કોઇ જાણીતી વ્યક્તિ સંડોવાયેલી હોય એવા સનસનાટીભર્યા ગુનાઇત કૃત્યને માધ્યમો વ્યાપક પ્રસિદ્ધિ આપે છે. પરિણામે એની સામે એક પ્રકારનો પૂર્વગ્રહ ઊભો થાય છે. અદાલતો તો જ્યારે તેને સજા કરે ત્યારે ખરી પણ મિડિયા તો તેને એક પ્રકારની 'સજા' કરી જ દે છે. અદાલતોએ સંચાર-માધ્યમોની આ પ્રવૃત્તિની ઘણી વાર ટીકા કરી છે. આવી વ્યક્તિ જ્યારે નિર્દોષ છૂટી જાય પછી પણ અખબારોએ આપેલી પ્રસિદ્ધિને કારણે તેની પ્રતિષ્ઠાને એક પ્રકારનો ડાઘ તો લાગી ચૂક્યો હોય છે. અખબારો કે ટીવી ચેનલોનું કામ સમાચારો કે માહિતી આપવાનું છે, અદાલતોની જેમ કેસ ચલાવવાનું નથી.

ગુજરાતી અખબારો અને રાજકારણીઓ વચ્ચેનો સંબંધ એ ઊંડા સંશોધનનો વિષય છે. સત્તાધારી પક્ષ અને તેના નેતાઓ સાથે અખબારો બને ત્યાં સુધી સારા સંબંધો રાખે છે. એને કારણે તેમને મોટા પ્રમાણમાં સરકારી જાહેર ખબરો ક્યારેક તો આખ્ખે આખાં પાનાં ભરીને મળે છે. અને સરકારી જાહેર ખબરો એ કોઇ પણ અખબારની આવકનું મુખ્ય સાધન છે. મુખ્ય મંત્રી કે અન્ય મંત્રીઓ વિષે જરા આડું અવળું અથવા ઘસાતું લખાય તો અખબારના તંત્રી-માલિકોનું ધ્યાન દોરવામાં આવે છે. અને ફરીથી એવું ન થાય એ માટે જરૂરી 'સૂચના' આપવામાં આવે છે. 'અકલમંદ કો ઇશારા કાફી હૈ' સમજીને માલિકો ખબરપત્રીઓ અને ક્યારેક તો કોલમલેખકોને જરા સાચવીને લખવા જણાવે છે. અનુભવી પત્રકારો અને કોલમલેખકો જાણે છે કે અખબારના માલિક- તંત્રીના તાર કયા રાજકારણી સાથે જોડાયેલા છે.

કેટલાક ગુજરાતી અખબારોના માલિકોનો મુખ્ય વ્યવસાય ભલે પત્રકારત્વ હોય પણ તેઓ બીજા ધંધાઓ સાથે પણ સંકળાયેલા હોય છે. જેમ કે, જમીનોના ખરીદ અને વેચાણ અથવા બાંધકામ ઉદ્યોગ. આ ઇતર ધંધાઓનાં કામ નિર્વિઘ્ને પાર પડે તે માટે તેમને સરકારી તંત્ર અને તેના જુદા જુદા અધિકારીઓ સાથે રાખરખવટના સંબંધો કેળવવા પડે છે. એમાં જો કોઇ અવરોધ કે અડચણ ઊભી થાય તો ઉપર બેઠેલાઓનું ધ્યાન દોરીને પોતાનું કામ કઢાવી લેતા હોય છે. ક્યારેક જો તેમનું ધાર્યું કામ ન થાય તો સંબંધિત અધિકારી, મંત્રી કે ખુદ મુખ્યમંત્રીની પાછળ પડી જતા તેઓ અચકાતા નથી. તમે જો ગુજરાતી અખબારોની જૂની ફાઇલો ઊથલાવશો તો તમને આવા ઘણા કિસ્સાઓ જાણવા મળશે. ભૂતકાળમાં ગુજરાતના એક મુખ્યમંત્રીએ એક મુખ્ય અખબારના માલિક તંત્રીને ઉદ્દેશીને કહેલું કે 'તમારાથી થાય તે કરી લો. તમારી મહેરબાનીથી હું ગુજરાતના મુખ્ય મંત્રીની ખુરશી પર બેઠો નથી, લોકોએ મને ચૂંટ્યો છે.' કહેવાનું તાત્પર્ય એ કે સરકાર અથવા મુખ્યમંત્રીની ઇમેજ ઊંચે લઇ જવામાં કે ખરડવામાં અખબારો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આમ કરવામાં જેને અંગ્રેજીમાં ન્યૂઝ મેન્યુપ્યુલેશન કહેવામાં આવે છે, તેનો આશરો લેવામાં આવે છે. એક સીધા સાદા સમાચાર તમે કેવી રીતે પેશ કરો છો, તેને કેવાં મથાળાં આપો છો, તેમાં કેટલા પ્રમાણમાં મીઠું-મરચું ભભરાવો છો, એના પર ઘણો આધાર છે. કોઇ એક જ મોટી ઘટનાના સમાચાર જુદાજુદા અખબારો કેવી રીતે છાપે છે, તેનું જો વિશ્લેષણ કરવામાં આવે તો આ બાબત વધુ સ્પષ્ટ થશે. સરકારી તંત્ર, એના અધિકારીઓ, મંત્રીઓ કે મુખ્ય મંત્રીની ઇમેજ ઊભી કરવામાં કે ખરડવામાં આ ન્યૂઝ મેન્યુપ્યુલેશનની કળા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અને આ બધું નિર્દોષ ભાવે થાય છે, એમ માની લેવું એ ભોળપણ ગણાશે.

આપણા અખબારોમાં સમાચારો અને અભિપ્રાયો -ન્યૂઝ એન્ડ વ્યુઝ- ની ભેળસેળ થઇ જતી હોય છે. જે કંઇ બન્યું છે અથવા બને છે, તેની

બને તેટલી તટસ્થ અને નિષ્પક્ષ રજૂઆત એ સમાચાર કહેવાય અને તેને વિષે આપણે જે કંઇ માનીએ છીએ અથવા મૂલવીએ છીએ તે આપણા અભિપ્રાયો (વ્યુઝ) કહેવાય. સારા પત્રકારત્વનું એ લક્ષણ છે કે તેમાં ન્યૂઝ અને વ્યૂઝની ભેળસેળ ન થવી જોઇએ. અભિપ્રાયો અને વિશ્લેષણ માટે તંત્રીપાનું છે અથવા હવે જેને ઓપિનિયન પેજ (ઓ-પેડ) કહેવામાં આવે છે, તે હોય છે. સમાચારો સમાચાર (ન્યૂઝ) તરીકે છપાય અને અભિપ્રાયો મૂલ્યાંકન-વિશ્લેષણ 'વ્યૂઝ' તરીકે છપાય, એટલો વિવેક સારા અખબાર પાસે અપેક્ષિત છે.

અખબારી આલમ અને ઔદ્યોગિક ગૃહો વચ્ચેનો નાતો ઘણો જૂનો છે. મોટા અંગ્રેજી અખબારો તો કોઇ ને કોઇ મોટા ઔદ્યોગિક ગૃહો સાથે સંકળાયેલા છે, એટલું જ નહીં, તેમના દ્વારા સ્થાપિત અથવા સંચાલિત છે. આ ઔદ્યોગિક ગૃહોનાં હિતો જાળવવાનું કામ આ અખબારો કરતાં હોય છે. ઘણી વાર તો આ ઔદ્યોગિક ગૃહો વચ્ચેની હરીફાઇનું પ્રતિબિંબ પણ આ અખબારોમાં પડતું હોય છે. ભલે મોટા ગુજરાતી અખબારો કોઇ મોટા ઔદ્યોગિક ગૃહ સાથે ગાઢ રીતે સંકળાયેલા ન હોય પણ ઉદ્યોગજગતનું હિત તો તેમને હૈયે પણ વસેલું હોય છે. અમુક પ્રકારની વેપાર કે ઔદ્યોગિક નીતિ માટેનું લોબિઇંગ પણ આ અખબારો દ્વારા થતું હોય છે. આપણા અખબારોમાં વેપાર ઉદ્યોગને લગતા સમાચાર જેટલા પ્રમાણમાં આવે છે, તેટલા પ્રમાણમાં ગ્રામીણ અને કૃષિક્ષેત્રને લગતા સમાચાર આવતા નથી. એનો કંઇક ખુલાસો આ હકીકતમાંથી પ્રાપ્ત થાય છે. અખબારોને જે જાહેર ખબરો મળે છે, તે પણ વેપાર ઉદ્યોગ તરફથી મળે છે. ક્યારેક તો આ ખાનગી ક્ષેત્રની જાહેર ખબરોમાંથી થતી આવક સરકારી જાહેર ખબરો કરતાં પણ ઘણી વધારે હોય છે.

મોટાં શહેરોમાંથી પ્રકાશિત થતા ગુજરાતી અખબારો ઉપરાંત અન્ય શહેરો, જિલ્લા કે તાલુકા મથકોએથી પ્રકાશિત થતાં અખબારોની સંખ્યા ઘણી મોટી છે. તેમાં મુખ્યત્વે સ્થાનિક સમાચારોને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ બધા અખબારોનો વ્યાપ, તેમનો ફેલાવો, તેમના વિષયવસ્તુ અને તેમના પ્રભાવ વિષે ઝાઝો અભ્યાસ થતો હોય એવું લાગતું નથી. આ સ્થાનિક અખબારો સ્થાનિક પ્રશ્નો, સામાન્ય લોકોની માંગણીઓ, તેમની મુશ્કેલીઓ વગેરેને વાચા આપવાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સામાન્ય રીતે, શહેર અભિમુખ મોટા અખબારોમાં તે બધા વિષે ઝાઝું આવતું નથી.

મોટા અખબારોમાં પ્રકાશિત થતી જુદા જુદા વિષયોની કોલમો લખનારાઓનો એક ચોક્કસ વર્ગ ઊભો થયો છે. આ કોલમલેખકો જુદાજુદા વિષયો પર લખે છે, તેમાં માહિતી સારા પ્રમાણમાં હોય છે. પણ ઊંડાણ કે વિશ્લેષણ એટલા પ્રમાણમાં હોતાં નથી. તેમાં શબ્દચાતુરી અને રોચક શૈલી હોય છે, વિચારની ગહનતા કે ગાંભીર્ય ઓછું હોય છે. કેટલાક કોલમલેખકો તો ગમે તે વિષય પર પોતાનો હાથ અજમાવે છે, ભલે તે વિષયના પોતે નિષ્ણાત કે ઊંડા અભ્યાસી ન હોય. આ સ્થાપિત કોલમલેખકોની જમાવટને કારણે નવોદિત લેખકોને જલદી તક મળતી નથી.

હજુ પણ આપણા અખબારોને વ્યૂઝ અને એનાલિસિસ માટે અંગ્રેજી અખબારો પર આધાર રાખવો પડે છે. માતબર અંગ્રેજી અખબારો અને ન્યૂઝ મેગેઝિનો જેટલાં સંશોધનો કે પહોંચ આપણા અખબારો ધરાવતા નથી. અખબારી આલમમાં આવો વાટકી વ્યવહાર સામાન્ય ગણાય છે. પહેલાં અંગ્રેજી અખબારો મુંબઇથી સવારના વિમાનમાં આવતાં હતાં. આપણાં અખબારોના તંત્રીઓ તેની રાહ જોતા. કારણ, તંત્રીલેખ શેના પર લખવો, તે તેમની મૂંઝવણ હતી. અંગ્રેજી તંત્રીલેખ વાંચીને તેઓ તે વિષય પર તંત્રીલેખ લખી નાંખતા. ક્યારેક જો વિમાન મોડું આવે અને અખબારોના પાર્સલને આવતાં વાર લાગે તો તેમની મૂંઝવણ વધી જતી.


જેમ સાહિત્યને સમાજની આરસી કહેવામાં આવે છે તેમ અખબારોને પણ સમાજનો અરીસો કહી શકીએ. તેમાં સમાજનું પ્રતિબિંબ ઝિલાય છે. સમાજમાં જે સારું-નરસું કે ઇષ્ટ-અનિષ્ટ છે, તેનું એકંદરે પ્રતિબિંબ આપણા અખબારોમાં પડે છે. સમાજની રહેણીકરણી, ગમા-અણગમા, માન્યતાઓ, અભિમુખતા વગેરે સતત બદલાતાં રહે છે, તે બધાંનું પ્રતિબિંબ અખબારોમાં પડતું હોય છે. પણ જ્યારે આપણે સમાજ કહીએ છીએ, ત્યારે તે મુખ્યત્વે શહેરી સમાજ છે, એ ભૂલવું ન જોઇએ. ગુજરાતી અખબારો મહદંશે શહેરી સમાજનું પ્રતિબિંબ અને મધ્યમ વર્ગનું પ્રતિબિંબ પાડે છે, એ યાદ રાખવું ઘટે. ગુજરાતમાં દલિતો છે, આદિવાસીઓ છે, ગરીબો છે, લઘુમતીઓ છે, વંચિતો અને હાંસિયામાં ધકેલાયેલા લાખો બલકે, કરોડો લોકો છે, તે બધાના પ્રશ્નો, મુશ્કેલીઓ, મૂંઝવણોને જે વાચા મળવી જોઇએ તે કહેવાતાં મોટાં અખબારોમાં મળતી નથી, એટલું સ્વીકારવું રહ્યું. તો, આ થયાં ગુજરાતી અખબારો વિષેનાં કેટલાંક મારાં નિરીક્ષણો. આ યાદી ઘણી અધૂરી અને અપર્યાપ્ત છે એ હું સ્વીકારું છું. એમાં મારા ગમા-અણગમા તમે જોઇ શકો છો. તમે પણ તમારી રીતે આવાં નિરીક્ષણો રજૂ કરી શકો. ■

***(ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત વિદ્યાપીઠના પત્રકારત્વ વિભાગના સંયુક્ત ઉપક્રમે આપેલ ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી વ્યાખ્યાન ૨ ડિસેમ્બર, ૨૦૦૯. સરનામું: મીમાંસા, ૨૭-મીથીલા સોસાયટી, શ્રેયસ સામે, આંબાવાડી, અમદાવાદ (૦૭૯) ૨૬૬૧૧૪૯૦)***

# રેખાંકનો અને આસ્વાદ

**સવજી છાયા**

## નરી નિખાલસતા



એક વખત કોઇએ કવિ રોબર્ટ ફ્રોસ્ટને પૂછયું: ''ઘર અને ઝૂંપડા વચ્ચે શું ફરક હોય?'', કોઇ અન્ય માણસ હોય તો આવા જવાબ આપે - ''ઇંટોનું બનેલ હોય તે ઘર અને ઘાસ-ગાર-માટીનું હોય તે ઝૂંપડું'', પણ રોબર્ટ ફ્રોસ્ટનો જવાબ આવો હતો: ''બારણે જઇને ઊભા રહો ને તરત 'આવો' આવકાર મળે તે 'ઘર', બાકી બધાં ઝૂંપડાં''. આવો ટહુકો અહીં નથી સંભળાતો? રોબર્ટ ફ્રોસ્ટના શબ્દોનો પડઘો આ રેખાંકનમાં સાંગોપાંગ સંભળાય છે. ગાર-માટીના ઝૂંપડાના એક ખૂણે નિખાલસ સૌંદર્ય પ્રગટ થતું અહીં જોઇ શકાય છે. વહેતી નદીના ઝરણા જેવું તેનું યૌવન છે, તેના હૃદયના સૌંદર્યનું પ્રતિબિંબ મુખ પર જોવાય છે. કઠોર મજૂરી કરી નિભાવ કરતા આદિવાસીઓ આપણા દેશનું સંસ્કારધન છે. તેનાં સૌંદર્ય તથા સ્મિત પૂરપાટ દોડતા આજના જમાનામાં ક્યાં સુધી સચવાશે એ યક્ષ પ્રશ્ન છે.

''કલા માત્ર આપણાં ખંડો, દીવાલો કે સ્થાવર મિલકતોને શણગારતી નથી. ઉચ્ચ કક્ષાની કલા તો જીવનને પણ ઉચ્ચ અલંકારત્વભર્યું બનાવે છે. ચિત્ર માનવના સર્જનને જ કહેવાય, કે જેમાં તેના ચારિત્ર્યનું પ્રતિબિંબ હોય. તેના દૈનિક જીવન વિષેના અંતર્ગત વિચારો અને બીજું ઘણું ઘણું હોય.'' જેમિની રોયના આ શબ્દો રેખાંકન સંદર્ભે કેટલા સાચા - કેટલા ખોટા એ વાચકે વિચારવું રહ્યું.

પાત્રના મુખભાવોની મુગ્ધતા તો જુઓ! અહીં આંતરિક શુદ્ધતાનું ફરી વળેલ ઓજસ છે. મુખ પરનો આવો ઉજાસ ઇશ્વરદત્ત ભેટ ગણાય. અરે, તેની દંતાવલી-આંગળીઓનું તાદાત્મ્ય તો જુઓ! તમારી અંદર આધ્યાત્મિકતાના સૌંદર્યનું બળ પૂરું પાડશે. શુદ્ધતાનાં દૈવીતત્ત્વોનું નિરૂપણ તેના મુખમંડળમાં છુપાયું છે. માથા પર ઝૂમખડું તથા ઘૂઘરીઓની સેરો, હાથમાં ચાંદીનાં બલોયાં, ગળામાં વેલો તથા મોતીભરતનો ગંઠો એ આ જાતિએ સાચવી રાખેલ પરંપરાગત આભૂષણો છે.

આટલું લખ્યા પછી માનનીય પ્રાણલાલ પટેલની 'નર્યું નિખાલસ' છબીકલાની કૃતિ કે પ્રતિકૃતિ વિષે વધારે શું લખું? અન્ય કૃતિઓ સાથે તેમની આ કૃતિ પણ હૃદયમાં સહવાસ કરનારી છે. ''જ્યારે શાબ્દિક વર્ણન અસમર્થ હોય ત્યારે કેમેરાને ત્યાં કેન્દ્રિત કરું, જ્યારે પ્રતિબિંબ ઝીલવું અસ્પષ્ટ હોય ત્યારે શાંતિ સ્વીકારી સંતોષ માણું.'' આવા અંશેલ અદમના શબ્દોનો અર્ઘ્ય કૃતિ તથા તેના કર્તાને આપી વિરમું છું.

## શિવભક્ત




'શબ્દસૃષ્ટિ' ઓગસ્ટ-૦૫ ના અંકના મુખપૃષ્ઠ પર શિવભક્ત શીર્ષક સાથે આ ચિત્ર છપાયું ત્યારે અભિનંદનો સાથે ઘુમા-બોપલના વિદ્વાન મિત્ર કુમાર ભટ્ટનો ઠપકો પણ મળ્યો'તો કે ''શિવભક્તો કદી સફેદ વસ્ત્રોમાં તથા કપાળે ત્રિપુંડ વગરના ભાળ્યા નથી.'' તેમની વાત સ્વીકાર્ય હતી. પ્રસ્તુત ચિત્રમાં શિવભક્ત તરીકેની કોઇપણ છાપ હોય

તો તે ફક્ત ગળામાંથી રુદ્રાક્ષની માળા. બાકી અહીં પ્રથમ નજરે આમ-સાધુ જેવું જ પ્રતિબિંબ જોનારાને આંખે પડે. પણ ચિત્રનું ઊંડાણ માપશું તો તેના કોઠે જૂઠી સાંપ્રદાયિકતાનો દાવાનળ ભભૂકતો ભાળી શકાશે.

ઇ.સ. ૧૯૭૫માં વડોદરા 'ફાઇન આર્ટસ'ના અભ્યાસક્રમ વખતે આ ચિત્રનાં મૂળિયાં રોપાયાં'તાં. કલા-રિયાઝ સંદર્ભે રોજ રેલવે સ્ટેશને ત્વરિત રેખાંકનો માટે જવાનો શિરસ્તો પાળવાનો હોય છે તે સમયે સામે બેઠેલા આ પાત્રનું આલેખન મેં કરેલું. દરમ્યાન તેમની સાથે વાતોનો દોર પણ બંધાયેલો. ત્યારે તેમના માનસમાં શિવભક્ત કરતાં અદકેરો કોઇ સનકી ભારતીય પરંપરાના યુગપુરુષનો અનુભવ મને થયેલો. અલબત્ત તેમણે પોતે જ સ્વીકારેલું કે તેઓ શિવભક્ત છે.

આ ચિત્રના આલેખન વખતે તેમના ચહેરા પર કોઇ ઓશિંગણ કે અકિંચન હોવાના ભાવો દેખાયા ન હતા. પરંપરાગત ભગવા રંગનાં કપડાંને બદલે પહેરેલાં સફેદ કપડાં પર પ્રકાશ પાડતાં તેઓ બોલ્યા હતા કે, ''સાધુ તરીકે શિવસંપ્રદાય મને ગમેલો. સાધુને કપડાંના રંગોનું વળગણ ન હોવું જોઇએ. સંપ્રદાયોનું દબાણ હોય તો તેમાંથી મુક્તિ મેળવવી જોઇએ. અમુક-તમુક કપડાં-રંગો પહેરવાં એ જૂથબંધી છે. હિન્દુઓનો કેશરી કે ઇસ્લામનો લીલો રંગ એ માનવસર્જિત દૂષણ છે. ભાગલાવાદીઓનાં એ ધાર્મિક તરકટો છે. ભગવાને બદલે સફેદ રંગ સાદગીનું દ્યોતક થઇ મારા દેહે વીંટળાયો છે. તે શું મારી શિવભાવનાને હડસેલી શકશે? સાધુએ ઘરનો ઊંબરો ઓળંગ્યા પછી સહજવૃત્તિને વળગી રહેવું જોઇએ. કપડાં અને રંગોમાં સાંપ્રદાયિકતાના બંધને ચીંથરાં ચૂંથવાનો પછી શો અર્થ?''

કુમાર ભટ્ટના સણસણતા સવાલનો જવાબ તો મને મળી ગયો જ હતો. આજે તેનું પુનઃઉચ્ચારણ કરતાં ભારતીય સભ્યતા તેમજ સનાતન ધર્મની ઉન્નત ભાવના લઇ ભમતાં આવાં જૂજ વ્યક્તિત્વના સ્મરણે હૃદય પુલકિત છે. શિવભક્ત હોવા છતાં આ સાધુ ફક્ત શિવસંપ્રદાયનું પ્રતિનિધિત્વ ન કરતાં સમગ્ર ભારતીય સભ્યતાનું ઉત્તરદાયિત્વ સ્વીકારી આપણી અસ્મિતાનો ધ્વજ લઇ ફરકી રહ્યા હતા. તેમને નતમસ્તકે વંદન!

## ભાર વગરનું ભણતર

''સામાન્ય મનુષ્યની જ્ઞાનશક્તિ એક દીવા જેટલી, એનો પોતાનો માર્ગ પ્રકાશિત કરે એવી હોય છે. જ્યારે કલાસર્જનશક્તિ તમામ દુનિયાને પ્રજ્વલિત કરે તેવી સૂર્ય જેટલી તેજસ્વી હોય છે.'' શોપેન હાવરના આ શબ્દો અહીં એકડો ઘૂંટતા બાળકના રેખાંકનની કુંડળીઓ જાગૃત કરવા લખાયા હોય તેવું નથી લાગતું ? દરેક પોતાની કૂપમંડુકતામાં વિચારમગ્ન કે પ્રવૃત હોય છે. જો હિમાલયનું શિખર મળી જાય તો ? પછી વિકાસનાં દ્વારો ખૂલતાં કેટલી વાર ? આજનો આ તણખલા જેવડો એકડો ઘૂંટતો બાળ, કાલ સવારનો ઘેઘૂર વડલો પણ બની શકે કે ભાષાનો સુધારક, વ્યાકરણશાસ્ત્રી પણ બને ! બધો જ આધાર તેને મળેલ કેળવણી પર છે. મા-બાપની ફરજો, શિક્ષકના આચાર-વિચારો તથા શીખનારની ધગશ કદાચ કેળવણીના પાયાના સિદ્ધાંતો હોઈ શકે. આ બાળક વિષે કોણ જાણે કાળના ગર્ભમાં શું શું ભર્યું પડયું હશે ! તેણે સકારાત્મક અભિગમ નથી છોડયો, એટલે આવતી કાલનાં પ્રભાતો સોનેરી સ્વપ્નો લઈ પ્રગટ થતાં રહેશે. કલા, સાહિત્ય, સંગીતમાં પારંગત થવા, મહારત હાંસલ કરવા જિજીવિષા આવશ્યક છે. છાતીમાં પડેલ અગન, લગન પણ આટલી જ જરૂરી છે. બાકીનું કામ સતત મહાવરો પૂરું કરે. આ ગુણો તમામ બાળકને ગળથૂથીમાંથી મળ્યાં હોય તેમ લાગે છે. કિનારે ઊભેલાને મરી ફીટવાના અનુભવો ન થાય. સાહસે જ શ્રી વસે. કિનારે ઊભેલ જોતાં જ રહી જાય ને મરજીવા મોતી મેળવી જાય !

''તારો સાદ સુણી કોઈ ન આવે તું એકલો જા રે રે'' જેવી ટાગોરની વિચારધારા અથવા ''તું જ તારો દીવો થા'' આવા બુદ્ધના પ્રેરણાત્મક વિચારોનાં મૂળ કેળવણી તરફ જ જાય છે, જે આ બાળકમાં ભવિષ્યના તેજ-તણખા હોઈ શકે.



આજથી ૩૦-૩૫ વર્ષો પહેલાનું ભણતર આ રેખાંકનમાં દેખાય છે. મોટી ખખ્ખા જેવી ખાખી રંગની ચડ્ડી તથા પહેરણનું પરિધાન બદન પર વીંટાયું છે. હાથની પેન તેણે મક્કમતાપૂર્વક પકડી છે. લાકડાની પટીવાળી પાટીમાં તે તેનું ભવિષ્ય આલેખવા કેવો મશગૂલ છે ! ■

**(ચિત્રકાર સવજી છાયાના પુસ્તક 'રેખાંકનો' માંથી સાભાર.**
**ધનેશ્વરી શેરી, જગતમંદિર સામે, દ્વારકા ૩૬૧૩૬૫, જિ.**
**જામનગર, મો. ૯૮૭૯૯૩૨૧૦૩)**

*Life, Liberty, Property - that is what Man is. Of these three things one may say, without any demagogic quibbling, that they are anterior and superior to all human legislation.*
*It is not because men have passed laws that life, liberty and property exist. On the contrary, it is because life, liberty and property already exist that men make laws.*


*Frederic Bastiat, The Law, 1850*

*…(T)he conception of the Rule of the Law is sometimes confused with the requirement of mere legality in all government action. The Rule of the Law, of course, presupposes complete legality, but this is not enough: if a law gave the government unlimited power to act as it pleased, all its actions would be legal, but it would certainly not be under the Rule of the Law. The Rule of the Law …requires that all laws conform to certain principles.*

*F. A. Hayek, The Constitution of Liberty, 1960*

*The future is very open and depends upon us, on all of us. It depends on what you and I and many other people do, today, tomorrow and the day after tomorrow. And what we do depends in turn on our ideas and wishes, on our hopes and fears. It depends on how we see the world, and how we assess the open possibilities of the future.*
*This means we have a great responsibility, which becomes even greater when we realize the following truth: we know nothing, or rather, we know so little that we can safely define that little as 'nothing', because it is nothing in comparison with what we would need to know to make the right decisions.*

*Karl Popper, The Lesson of this Century, 1997*



RNI No. GUJMUL/2007/21517

Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

– Rabindranath Tagore – Gitanjali

Khoj - Jeevan Ek Avirat Khoj January-February 2010 Volume 4 Issues 1
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development,
E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara